૫૩૮૭

॥ श्रीगणेशांबिकायनमाः ॥

શ્રી દેવી મહાત્મ.

અથવા

શ્રી દુરગા સપ્તશતીને અન્ય વિદ્વાનોના કરેલ
પૃથક પૃથક ભાષાન્તરને આધારે સપ્તશતી,
કવચને રહસ્યનો ગુજરાતીમાં ગદ્યરૂપે સાર
કવિ ગિરધરલાલ હરકીસનદાસની
સહાયતાથી
રચીને પ્રસિદ્ધ કરનાર

જાની વિશ્ણુંશંકર હરીશંકર
આંબાજીવાળા

સુરત
"ધી રાઇઝીંગસ્ટાર" પ્રીન્ટીંગ પ્રેસમાં
ગંગારામ આત્મારામ પંડીતે છાપ્યું.

સંવત ૧૯૪૯ આશ્વીનમાસ. ઇ-સ-૧૮૯૩

કીંમત રૂ ૦-૧૨-૦

ગ્રંથાર્પણ

રાજ્યમાન રાજેશ્રી શેઠ ઠાકોરદાશ ચુની
લાલભાઈ દુ- વ- ચકાશાના.

વસંતતિલિકાવૃત

ઔદાર્ય ઉત્તમ વિવેક વિચારવાન;
આચાર શુદ્ધ નિરમાનિ પ્રસન્ન શાન;
વાણી મધૂર ગુણ બૂજ વિશેસ માન,
જાણી લિધી જગલિલા લઘુ ને મહાન. ૧

આપી અનાથ જનને શુભ સ્હાય નીત્યે,
સ્થાપી સુકિર્તી નિયમે જગમાંય પ્રીતે;
કાપી કુસંપ કુળ શ્રેષ્ઠ પ્રકાશ હીતે,
છાપી છબી અખિલ અંતર યોગ્ય રીતે. ૨

એવા પ્રતિષ્ઠિત તમે મમહીત કારી,
કે'વા ભલાઇ મુખથી નથિ શક્તિ મારી;
રે'વા અપૂર્વ સુખ સ્નેહ નિશાનિ સારી,
ઠાકોરભાઇ અરપું કૃતિ અલ્પ મારી. ૩

હમેશનો શુભેચ્છક.

જાની વીષ્ણુશંકર હરીશંકર અંબાજીવાળા.

॥ श्रीगणेशांबिकायनमः ॥

શ્રી દેવી મહાત્મ.

મંગળાચરણ.

પૃથ્વી, પાણી, તેજ, વાયુને આકાશ એ પાંચ મહાભૂતો અને એમના પંચીકરણથી સમગ્ર સ્થૂળ સૂક્ષ્મ સૃષ્ટી જેણે ઉત્પન્ન કરીછે, જે પ્રાણી માત્રના ચલન વલના દીવ્યવહારની કરાવનારી, અને સ્થિતી રાખનારી તેમજ સંહાર કરનારીછે, જે સમયે સમય અધર્મી દૈત્યોનો નાશ કરવાને નાના પ્રકારના મહા પ્રચંડને અદ્ભૂત સ્વરૂપ ધારણ કરનારી અને દેવતાઓનુ રક્ષણ કરી તેમને અભયની આપનારીછે. જે પોતાના ભકતજનોના મનવાચ્છિત ફળને આપી તેમના કલ્યાણની કરનારીછે. જે અનંત પરાક્રમ યશ અને આનંદને ધારણ કરનારીછે, એવી સંપૂર્ણ સૌંદર્ય અને સુધામૃતથી ભરપૂર જગત જનની જગદંબિકા જે પોતાના ભિન્ન ભિન્ન કાર્ય કરવા સમયે અનુકુળ સ્વરૂપને નામ ધારેછે જેમ મહા સરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળી તે જગદંબિકા પરબ્રહ્મ શકતીને અત્યંત આદરને પ્રેમવડે અષ્ટાંગે દંડવત નમસ્કાર કરી તેમની મમતા માગુછું કારણ આ કળિ કાળને વિષે ઘણા મનુષ્યો મોક્ષ પામી તેમની પ્રાપ્તીને માટે નાના પ્રકારની ખટપટ કરેછે તથાપી સત્ય ધર્મઉપર આવી શકતા નથી ને ઉલટા અસત્ય માર્ગઉપર વિચરેછે અને તેથી અપાર સંકટને અનુભવેછે તેમને સન્માર્ગે લગાડવાને પરમ કૃપાળુ તેજોમય જગદંબિકાની પ્રેરણાથી શ્રી દેવી મહાત્મનું કિંચિત વર્ણન કરવાનો આરંભ કરૂંછું તે શ્રી જગદંબિકા સફળ કરશે.

આ બાળ પ્રકૃ સર્વને સુખની ઇચ્છા હોયછે તે સુખની પ્રાપ્તી કેમ કરવી તે સર્વે જનો પોતાની સમજ પ્રમાણે કરવાને પ્રયત્ન કરેછે. શાસ્ત્ર પુરાણાદિકનું જ્ઞાન, વિદ્વાન પ્રામ

ણોને હોય તેમની સહાયતાથી સંસાર વ્યવહાર સંબંધી જ્ઞાન અને પરમાર્થ જ્ઞાન જગતના ઇતર મનુષ્યો યથાશકતી મેળવતા એ પ્રાચિન માર્ગ આ કાળને મહાત્મે બદલાઇ ગયોછે. પ્રાચિન માર્ગ યથાસ્થિત હતો એ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધછે, કેમકે આજથી સુમારે અઢીસો વર્ષની અગાઉ હીંદુસ્તાનમાં એટલે હીમાલય પર્વતથી તે લંકા જેને સીલોન કહે છે, ત્યાં સુધી તેમ જગન્નાથજી જ્યાં બિરાજેછે તે કટકથી તે શ્રી દ્વારિકાંસુધી હીંદુસ્તાનમાં ધન ધાન્ય જે આ લોકના સુખ સુખના સાધનો તે પુષ્કળ હતાં અને હાલ તે ઘણું કરજે ઓછાંછે, અને તેને લીધેજ આગલા વખતના મનુષ્યો હાલના મનુષ્યો કરતાં વિશેષ બળવાન હોઇ દીર્ઘ આયુષ્ય ભોગવતાં; વળી આગલા વખતના મનુષ્યો સ્વતંત્ર વર્તન કરી આ સુદાનં નિશ્ચિંત રેહેતા અને હાલ મનુષ્યો પરતંત્ર વરતેછે અને નિરંતર ચિંતાગ્રસ્ત રેહેછે. આગલા મનુષ્યો સ્વધર્મ નિષ્ઠ હોઇ ઐહિક સુખ શાંતી ભોગવતા ને હાલ મનુષ્યો ધર્મ ભ્રષ્ટ થઇ કુટુંબ કલેશ અને નિર્ધનતાના દુઃખવડે પિકલછે. આ પ્રમાણે આગલા વખત એટલે આજથી અઢીસો વર્ષઉપર આ દેશાની કેવી સ્થિતી હતી એટલે સ્વતંત્ર વર્તન ધન ધાન્ય ભરપૂર અને સંસાર વ્યવહારનું સુખ અને ઇષ્ટદેવ વડીલ તીર્થ યાત્રા અતીથી એ સર્વનું આદર સહીત સેવન વગેરે સદાચારથી આનંદમય શાંતી યુક્ત સ્થિતી હતી અને હાલની તેથી ઉલટી પરતંત્ર વર્તન, ધન ધાન્ય અપૂર્ણ, સંસાર વ્યવહાર દુઃખમય, ઇષ્ટદેવની અનાસ્થા, વડિલનું અપમાન, તીર્થયાત્રાની અરૂચી, અને અતીથી ને ધિક્કારવાળી અતિશય દુઃખ અને શોકયુક્ત સ્થિતીછે, અને તેથીજ અલ્પાયુષ, નાના પ્રકારના વ્યાધી, અને નિર્બળતાએયુક્તમનુષ્યો થયાંછે.

હવે ઉપર પ્રમાણે મનુષ્યોની સ્થિતી થઇ તેનું કારણ વિચારતાં એમ જણાયછેકે પ્રાચીન માર્ગનું ઉલંઘન થયું તેજ

છે. પ્રાચિન માર્ગનું ઉલ્લંઘન કેમ થયું તો તેનો ખુલાસો એમ થાયછેકે પુરૂષાર્થને લોકો ભુલી ગયા. પુરૂષાર્થ શું ? ધર્મ, અર્થ કામને મોક્ષ આ ચાર પુરૂષાર્થછે અને તેએ ઉત્તરોત્તર સેવનથી સિદ્ધ થાયછે. માટે પ્રથમ ધર્મની વિસ્મૃતી થતાં ધર્મશાસ્ત્રની મરિયાદાને મહત્વ લોકોના મનમાંથી જતાં રહ્યાં. લોકો પ્રમાદી થયા એટલે જેમ વ્યસની માણસને અર્થ અનર્થની ખબર રેહેતી નથી તેમ આ દેશના મનુષ્યોને લાભ નેહાનીની ખબર રહી નહીં. જેમ સૂર્યાસ્ત સમયે આકાશમાં નાના પ્રકારના રંગ જણાયછે તેકંઇ સ્થાયી નથી માત્ર સ્વલ્પસમય જોવા માત્રછે તેને સ્થાયી માની કોઇ મનુષ્ય જોઇને આનંદની ઇચ્છારાખે તે વ્યર્થ જાયછે તેમજ પોતાનું ઝુંપડુ સામાની હવેલી જોઇ ભાંગી નાખે તોતે ભાંગનાર તડકા ને વરસાદાદીનું દુઃખ ભોગવે પણ હવેલી તેનેકામ આવેનહીં, તેવમાણે ધર્મશાસ્ત્રના પુસ્તકો જેમા,સંસારસુખના સાધનો અને તે મેળવવાના ઉપાયો તેમજ પરમાર્થજ્ઞાન અને તેની પ્રાપ્તીના નીયમો યથાસ્થિત દરશાવેલા તેપુસ્તકોને છપાવવામાંડયા અને સંસ્કૃત ભાષામાથી પ્રાકૃત ભાષામ છપાવી તમામ વરણોના મનુષ્ય વાંચવાલાગ્યા; એટલે બ્રાહ્મણ, આચાર્ય કે ગુરૂ એમનું કંઇ માન રહ્યું નહીં અને ધર્મપુસ્તકમાંના વિષયો પુર્વે મહાન તપસ્વી યોગી મુનીઓએ અનુભવ સિદ્ધ અનેક યુક્તી ને ચમત્કૃતીથી ભરપુર તેમ અતીશય પ્રૌઢને ગુહ્ય અર્થ સમાવી લખેલાં તે હાલના અલ્પ શરીર શક્તીને દુઃર્બલ મન શક્તીના મનુષ્યના સમજવામાં આવેનહી એટલે અર્થનો અનર્થ થાય એમાં આશ્ચર્યનથી એજ અનર્થ હાલ જોવામાં આવેછે. બ્રાહ્મણના પુત્રને બાળક અવસ્થામાં પોતાના કુળધર્મનુ આચરણ કરવાને ઠેકાણે યવનના ધર્માચરણના પુસ્તક વાંચતા જોઇએ છીએ. ઉત્તમ વર્ણના પુત્રો સવારમાં રામ કૃષ્નાદીના નામ યુક્ત પુસ્તક

વાંચવાને બદલે યવન ભાષાના પુસ્તકો વંચેછે. પ્રાતઃકાળમાં ઉત્તમ વર્ણના મનુષ્યોએ સ્નાનાદી કરી પોતાના વ્યવહારકામમાં લાગવું તેને ઠેકાણે પ્રાતઃકાળમા યવન અને શુદ્રની જોડે ફરવુ ને કામ કરવું તેમાં પોતાને મોટાઈ માનેછે. પોષ્ટઓફીસ, તારઓફીસ, રેલવેસ્ટેશનોને લાઈનઉપર મ્યુનીસીપાલીટીના કારકુનો, ને રાવસાહેબો વગેરે. આ પ્રમાણે અનર્થ સઘળા વ્યવહાર કાર્યમાં થયોછે પોશાક પેહેરવામાં બ્રાહ્મણ, વાણિયા, સુથાર, હજામ, વીગેરે પોતાની જાતને ઘટતો પોશાક પેહેરતા નથી પણ યવનનો પોશાક પેહેરેછે અને કોઇ વળી દોડડાહ્યા થાયછે તે વળી ચીપીને ચાર છેડે ધોતી અને દક્ષાણી ચકરી પાઘડી પેહેરેછે પછી જાતે ગોલો હોય કે મોચી તેની ચિંતા નહીં. પોશાક આવી રીતે પેહેરેછે અને ખાનપાન પણ યવનનાજ કરેછે અને તેથી ઉપરાંત દેવ દેવી કોઈ છેજ નહીં એમ માની યવનની રીત પ્રમાણે વરતેછે એને આદીલઈ ઘણા અનર્થનો પ્રવેશઃ આ દેશમાં થયો તેનું કારણ ધર્મને યથાર્થ જાણવાની ખામીછે. માટે ધર્મ વિષે શાસ્ત્રમાં શું લખ્યુંછે તેનો સહેજ વિસ્તાર અહીં કરૂં છુ.

ધર્મના મુખ્ય ત્રણ પ્રકારછે, આચાર, ભક્તી, ને દાન. બ્રાહ્મણ, ક્ષત્રી, ને વૈશ્ય એ ત્રણ વર્ણને દ્વીજ એવી સંજ્ઞાછે. એ ત્રણે વર્ણ એટલે ઉત્તમ વર્ણ એમણે આચાર ધર્મનું સેવન કરવું. કુળાચારને દેશાચાર– પોતાના કુળમાં કે દેશમાં જે રીત હોય તે રાખવી, જેમ બ્રાહ્મણે પ્રાતઃકાળમાં ઉઠવું સ્નાનાદીક ક્રિયા કરવી ને પોતાની પરંપરાથી ચાલતો આવેલો સઉદ્યોગ કરવો. તે આચાર ધર્મ, ભક્તી ધર્મ–પોતાના ઇષ્ટદેવની સ્નાનથી શુદ્ધ થઈ સેવા કરવી માળા ફેરવવી દેવ મંદિર પ્રત્યે દર્શન કરવા કથા કીરતન સાંભળવા શક્ત્યાનુસાર યજ્ઞ યાગાદીક કરવાં, ને તિર્થ યાત્રાએ જવું તે અને દાન–ધર્મ અતીથી વગેરેનું સન્માન યાચકને યથા શક્તી દ્રવ્યાદિક આપવું. વડીલોને માન આપવું તેમની

આજ્ઞાનું પાલન કરવું સમાન વયવાળાઓ જોડે સ્નેહથી વર્તવું પોતાથી નાની અવસ્થાવાળાઓ ઉપર મમતા ને દયા રાખવી; ને સંબંધીઓનું પાલન કરવું ઇતર મનુષ્યો સાથે વિવેકથી ચાલવું પ્રાણી માત્રનું મન દુખવવું નહીં નમ્રતા રાખવી સત્ય ભાષણ કરવું એ દાન ધર્મ.

આ પુસ્તકમાં ભક્તી ધર્મ વિષે મુખ્ય લખવું છે માટે ઇષ્ટારાધન કરવાનું અવશ્યકામછે હવે ઇષ્ટદેવ માનવાને શાસ્ત્રમાં શું કહેલું છે તેઉપર લક્ષ આપતાં એમ જણાયછેકે પરમાત્મા સ્વરૂપ જે અનંતસત ચિત આનંદછે વ્યાપક ને નિરાકાર જેની સંજ્ઞા પરબ્રહ્મ, બ્રહ્મ. આત્મા, શીવ ઇશ્વરને પરમેશ્વર એવી શાસ્ત્રમાં આપેલીછે તે પરમ તત્વનું જ્ઞાન થવું અતીશય કઠિણછે માટે તે બ્રહમના સાકાર સ્વરૂપનું શાસ્ત્ર કથન કરેછે. તે સાકાર સ્વરૂપ મુખ્ય પાંચછે વિષ્નુ, [illegible]ા, શીવ, શર્યને શક્તી. આ પાંચે બ્રહ્મના સાકાર સ્વરૂપછે ને [illegible] એકરૂપજછે તેમાં કોઇ ન્યુનાધિક નથી. માટે એ પાંચમાંથી જેને જે ઇષ્ટ [illegible] તેની [illegible]રવી. હવે બાળકને જેમ તેની માતા અત્યંત પ્રીય હોયછે અને માતા નિજબાળકનું રક્ષણને હીત કરેછે એ રીતે જગત જનની જે પરમાત્માની માયા શક્તી જેના અનેક નામ રૂપછે એ જગદંબિકાને ઇષ્ટ માનવીને તેની પુજા સેવા દરશન કરવાં એ ઘણું સ્વાભાવિક ને સુલભછે માટે જે મનુષ્ય જગદંબિકાને ઇષ્ટ માની પુજન સ્મરણાદિ કરશે તો તેમને આ લોકના સુખ ભોગવવાની યોગ્યતા અને પરલોકના સુખની પ્રાપ્તી જગજ્જનની અંબિકા કરાવશે એજ દયાળુ માતા નિજ સેવકોને પુત્રની પેરે સંભાળશે અને મનવાંછિત સુખ આપશે. આકારણે જગદંબિકાનું મહાત્મ, ધર્મ જીજ્ઞાસુ પ્રેમી સજ્જનોને અત્યંત આદરસહવર્તમાન માન્ય અને ગ્રાહ્ય થશે માટે આ પુસ્તકમાં તે [illegible]કથાનુસાર દરશાવ્યુંછુ તેમાં ખામી જણાય તેને માટે સુજ્ઞ વાંચ

નાર ક્ષમા કરશે.

મનુષ્ય માત્રને સુખની ઈચ્છા હોયછે તે સુખ પોતાના ઈષ્ટની આરાધના કરવાથી પ્રાપ્ત થાયછે માટે ઈષ્ટદેવ કોને માનવા એનો નિશ્ચય કરવાને જન્મે જય રાજાએ વ્યાસજીને પુછયુ તેઉપરથી વ્યાસ ભગવાને નારદ મુની અને જગત પિતા બ્રહમાનો સંવાદ કહયો તે આ પ્રમાણે:—

બ્રહમા— મહા પ્રલયથી સ્થાવર જંગમ જગત નાશ થયું એટલે ઉર્ણનાભ જેને આપણે કરોળીયો કહીએ છઈએ તે જેમ જાળુ અત્યંત વિચિત્રતાનું ભરેલું પોતામાંથી પોતે બાંધે છે કેટલીક વખત તેઉપર રમત કરેછે અને પછી પોતાને વિષે જ તે જાળાને લય કરેછે તેમ બ્રહમની માયા શક્તીથી બનેલુ જગત બ્રહમને વિષે લીન થઈ ગયું તેજ નાશથયું એમ કહેવાયછે ત્યાર પછી બ્રહમની ઇચ્છા એજ માયા શક્તી તે પ્રકૃતી અને પુરૂષરૂપ થઈને સમગ્ર જગત તેમાંથી ઉત્પન્ન થયું એટલે પ્રકૃતીથી જળ પ્રગટયું તે મહાજળને વિષે બ્રહમરૂપ વિષ્નુ શેષ નાગઉપર પોઢેલી સ્થિતીમાં થયા તેમની નાભીને વિષેથી એક કમળ થયું તેને વિષે બ્રહમાજી થયા તેમણે વિચાર્યું એટલે હું પોતેજ થયો. મેં મારી ઉત્પત્તી કેમ થઈ તે વિષે જાણવાને પ્રયત્ન કર્યો તે નિષ્ફળ ગયો. પછી આકાશ વાણી થઈ કે 'તપ કર તે પ્રમાણે મેં એક હજાર વર્ષ પરિયંત તપ કર્યું એટલે જે તત્વથી હું પ્રગટ થયો તે પરમ તત્વનું ધ્યાનરૂપ તપ કર્યું તે પછી ફરીથી આકાશ વાણી થઈ કે સૃષ્ટી કર. મેં ફરીથી સ્તુતી કરી કે મને ઉત્પન્ન કરનાર મારા આધારરૂપ તમે કોણ છો તે મને કૃપા કરી દરશન આપો.

એવામાં મહા વિષ્નુ જે પોતે શેષ નાગઉપર પોઢેલા હતા તેમના કાનના મેલથી ઉત્પન્ન થયેલા બે અસુર જેના નામ મધુ અને કૈટભ હતા તેઓ મારી સમીપ આવ્યા તેમના ક્રુર આ

ને મહાસમર્થ રૂપ જોઇ હું ભયભીત થયો. સબબ તેઓ મે રો સંહાર કરવા ઉદયુક્ત થયા. આ ખબર કરવા સારૂ વિષ્નુ ભગવાન પાસે ગયો તો તેમને નિંદ્રા પ્રાપ્ત થઈ હતી. હવે મહા વિષ્નુને જાગૃત કરવા સારૂ યોગ નિંદ્રારૂપ તામસી દેવીની અનેક પ્રકારે સ્તુતી કરી તે સમયે વિષ્નુભગવાનનાં નેત્ર, મુખ નાસિકા, બાહુ, હૃદય તથા છાતી વીગેરે થકી એ દેવી પ્રગટ થઈને મારી સમીપ સ્થિત થયાં યોગનિદ્રામાંથી મુક્ત થયેલા વિષ્નુ ભગવાને પ્રલયોદક માની શેષ શય્યાપરથી ઉઠીને જોયું તો બંને દૈત્યો નજરે પડયાં. મને ભક્ષણ કરવા એ દૈત્યો ઉદયુક્ત થયાછે એવું વિષ્નુ ભગવાનને કહેતાંજ શ્રી હરી ભગવાન બાહુ યુદ્ધ કરવા લાગ્યા. પાંચ હજાર વર્ષ પરિયંત યુદ્ધ થયું પરંતુ કાંઇ પરીણામ આવ્યું નહીં, આખરે માહા માયાએ દૈત્યોને મોહ પમાડયા, તે વખત દૈત્યોએ ભગવાનને કહ્યુંકે વરદાન માગી લો. ભગવાને માગ્યુંકે તમો મારા હાથથી વધ થાવ મોહના જોરથી દૈત્યોએ કહ્યુંકે જે ઠેકાણે પૃથ્વી ડુબેલી નહોય તે ઠેકાણે અમારો વધ કરો એવું સાંભળતાંજ. શ્રી વિષ્નુએ પોતાના ખોળાને મહા વિશાળ કરી તેઉપર મધુને કૈટભનો સંહાર કર્યો. આ પ્રમાણે વારતાથયા પછી અમે હતા ત્યાં ઇંદ્રનું આગમન હતું તે સહીત અમે (એટલે)હું બ્રહમા શ્રી વિષ્નુ અને ઇંદ્ર એત્રણે એ સૃષ્ટીનો ક્રમ આરંભ્યો એટલે સત્વ, રજને તમ જે હું બ્રહમા એટલે રજ, ને શ્રી વિષ્ણુ તે સત્વ અને ઇંદ્ર તે તમ એ ત્રીગુણ રૂપથી મહાભુત તન્માત્રા ઉત્પન્ન થયા અને તેમના પંચી કરણથી આખું બ્રહ્માંડ ઉભું થયું :— આકાશ પ્રથ્વી સાગર વાયુ વહ્ની પર્વત વનસ્પતી નદીઓ, પુરૂષો સ્ત્રીઓ, પશુઓ, એનેઆદી લઈ ચરાચર વિશ્વરચના થઇ.

ઉપર પ્રમાણે નારદજીને બ્રહ્માજીએ બ્રહ્મ સ્વરૂપ શ્રી

વિષ્નુની માયા શકતી દેવીનાં મહાત્મનો બોધ કર્યો એટલે પરમાત્માની શકતીદેવીને ઇષ્ટ માનવા કહ્યું એ જગદંબીકા ના મહા અદ્દભુત પરાક્રમને દરશાવે એવો ચંડીપાઠ છે તે વાચનારની દ્રષ્ટી આગળ સાર રૂપે હવે મુકવાને યોગ્ય ધારૂં છુ.

॥ नमश्चंडिकायै ॥

મારકંડેય રૂષી બ્રહ્માને પુછેછે; હેપિતામહ આ જગતમાં સર્વથી શ્રેષ્ઠ ને ગુહ્ય તેનજ મનુષ્યની રક્ષા કરનારૂં વળી કોઈને કહ્યુ ન હોય એવુ જે રહસ્ય તે મને કૃપા કરીને કહો. તે સાંભળીને જગતપિતા બ્રહ્માજી બોલ્યા કે હે બ્રાહ્મણ મુની શ્રેષ્ટ આ સમય તને હું ગુહ્ય અને સર્વ પ્રાણીઓના કલ્યાણનું કરનારૂં પવિત્ર એવું દેવીનું કવચ હું તને કહુછું તે તું પ્રેમ સહીત સાંભળ.

દેવીની નવ મુર્તિઓ એટલે સ્વરૂપ મુખ્યછે ને તે ધ્યાન કરવાને યોગ્યછે તેના નામ પ્રથમ કહુછું. શૈલપુત્રી (પર્વતની દિકરી) ૧ બ્રહ્મચારિણી (બ્રહ્મની પ્રાપ્તી કરાવનારી) ૨ ચંદ્રઘંટા (ચંદ્રના જેવી ઉજવળ ઘંટાવાળી) ૩ કુષ્માંડા (અખિલ વિશ્વ જેના ઉદરમાં છે તે) ૪ સ્કંદમાતા (કારતીક સ્વામીની જનની) ૫ કાત્યાયની (કાત્યાયનના આશ્રમમાંછે ઉત્પતી જેની) ૬ કાળરાત્રી (કાળનો પણ કાળ એવી) ૭ મહા ગૌરી(ગૌર વર્ણવાળી)૮ અને સિદ્ધિદા (સિધ્ધીની આપનારી)૯ એ રીતે નવ મળીને નવ દુર્ગા એવી સંજ્ઞા જગ પ્રસિદ્ધછે. આ વાત વેદમાં પણ પ્રમાણછે. એ નવ દુર્ગાને શરણે જે જન જાય (નવ સ્વરૂપમાંથી ગમે તે એક સ્વરૂપ સમજવું) તેને અગ્ની, રણ સંગ્રામમાં શત્રુ, કઠિણ સ્થાનમાં, કિંવા કોઈ બીજું કષ્ટ કાંઇ પણ પીડા કે વ્યથા કરી શકે નહી. પ્રેમ ભકતીવડે જે મનુષ્ય દેવીનું સ્મર્ણ કરે તેને તેના મનોર્થની પ્રાપ્તી પણ દેવી

અવશ્ય કરાવેછે પ્રેતછે વાહન જેનું એવી ચામુંડા દેવી, પાડા ઉપર બેઠેલી વારાહી શક્તી, હસ્તીઉપર બેઠેલી ઐંદ્રી (ઇંદ્રી સહ વર્તમાન) ગરૂડ વાહનની વૈષ્નવી, પોઠીયા ઉપર બેઠેલી મહેશ્વરી, મયુરવાહની કૌમારી, હંસઉપર આરૂઢ સર્વ ભુષણો એ શોભીતી બ્રાહ્મી, કમળઉપર નિવાસ કરનારી લક્ષ્મી વિષ્નુની પ્રિયા એ સાતે માત્રકા સંર્વયોગ સહિત ભિન્ન ભિન્ન વસ્રાલંકાર વેષ્ટિત અને દિવ્ય રત્નો એ શોભીતી પરંમ સુખની આપનારી જાણ. રથારૂઢ ક્રોધાવિષ્ટ અને શંખ ચક્ર, ગદા, શકતી (સાંગ) હળ, મુશળ, બેટક એટલે ઢાલ તોમર કહેતા ભાલો, ફરશી, પાશ, બરછી, ત્રિસુળ અને ધનુષાદી આયુધોને પોતાના હસ્તોને વિષે ધારણ કરનારી દેવી દેવોના કલ્યાણ કરવા ભકતોને મનવાંચ્છિત ફળ આપવાને નિર્ભય કરવા માટે અનેક દૈત્યોનો નાશ કરેછે.

દેવીને નમસ્કારને પ્રાર્થના આ પ્રમાણે કરવાં :— હે મહા રૌદ્રા. હે અતીઘોર પરાક્રમવાળી, હે મહા બળીષ્ટ, મહાન ઉત્સાહવાળી હે ભય વિના શિની હે દેવી તમને નમસ્કાર કરૂંછું. હે દેવી ! શત્રુઓને ભયભીત કરો દુશ્મનની દ્રષ્ટી તમારા તરફ થઇ શકે નહી એવા તમે મારૂં રક્ષાણ કરો. ઐંદ્રી નામે દેવી મારૂં પૂર્વ દિશા તરફ રક્ષાણ કરો. અગ્ની શક્તી અગ્નની કોણમાં રક્ષાણ કરો, વારાહી દક્ષીણે રક્ષાણ કરો ! ખડગધારીણી નૈરૂત્ય કોણમાં, વારૂણી પશ્ચિમે, મૃગ વાહની વાયુ કોણને વિષે કૌબેરી ઉત્તરને વિષે, ત્રિશુળ ધારીણી દેવી ઇશાનમાં, બ્રહ્માણી ઉર્ધ્વ પ્રાંતમાં અને હે વૈષ્નવી અંધોને વિષે રક્ષાણ કરો એમ શબઉપર બેઠેલી ચામુંડા દશ દિસે રક્ષાણ કરો. જ્યા મારી આગળ રહો અને વિજ્યા વાંસે રહો. અજીતા ડાબે પડખે અપરાજીતા જમણે પડખે, ઘોતીની એટલે પ્રકાશવાળી દેવી મારી શીખાનું, ઉમા શીરનું, માળા ધરી દેવી કપાળનું, યશ

સ્વીની ભવાનું, ત્રિનેત્ર ત્રિકુટીનું, યમઘંટા નાશીકાનું, શંખી
ની નયન પ્રંતનું, દ્વારવાસીની કાનનું, કાળિકા કપોળનું, શાંક
રી કર્ણ મુળનું અને સુગંધા દેવી નાશીકાનું રક્ષણ કરો. ઊપ
લા ઓષ્ટનું ચરચીકા, નિચલા ઓષ્ટનું અમૃતકળા અને જીવ્હાનું
સરશ્વતી રક્ષણ કરો, કૌમરી દાંતનું, ચંડિકા કંઠનું, ચિત્રઘંટા
દાઢીથી નીચલા ભાગનું, માહામાયા તાળુનું, કામાક્ષી દાઢીનું, સ
ર્વમંગળા વાણીનું, ભદ્રકાળી ગળાનું, ધનુષધારીણી બરડાનું,
નીલગ્રીવા ગ્રીવાની બ્હારનું, નલકુબરી ગળામાંની નળીનું, ખડ
ગધરનારી બેશ્કંધોનું, વજ્રધારા બેઉ બાહુનું, દંડીની દેવી
બે હાથનું, અંબિકા આંગળીઓનું, શુળેશ્વરી નખોનું, નળે
શ્વરી કુખનું, શોકહારી મહાદેવી સ્તનપ્રાંતનું, લલિતા હૃદયનું,
શુળ ધારીણી ઉદરનું, કામીની નાભીનું, ગુહ્યેશ્વરી ગુહ્યનું, ભ
ગવતી દેવી કટીનું, વિંધ્યવાસીનું ગોઠણ, મહાબળા સર્વ કા
મને પુરનારી દેવી જાંઘનું, નારસીંહી બે ધુંટીનું, અપાર પ
રાક્રમી દેવી પગના તળીયાનું, શ્રીધરી પગની આંગળીઓનું,
પગના તળીયામાં રેહેનારી પગના તળીયાનું, કરાળીની દાઢનું,
અને ઉર્ધ્વ કેશીની કેશનું રક્ષણ કરો. કૌબેરી રૂવાંના છિદ્રની,
વાગીશ્વરી (વાણીની નિયંતા) ચર્મની, પાર્વતી લોહી, મેજ્જા
એટલે હાડકાનીમાંયના ચિકણા પદાર્થની, ચરબીની, માંસની
અસ્થીની અને મેદની રક્ષા કરો. કાળરાત્રી આંતરડાની, મુકટે
શ્વરીપિત્તનો, પદ્મમાવતી પદ્મકોશની, ચુડામણી કફની, જ્વાળા
મુખી નખકાંતીની, અભેધાદેવી સંધીઓની, બ્રહ્માણી શુક્ર કેહ
તાં વીર્યની, છત્રેશ્વરી છાયાની, સર્વ ધારણી દેવી અહંકાર,
મન, બુદ્ધિ, પ્રાણ, અપાન વ્યાન, ઉદાન અને સમાન વાયુની
રક્ષા કરો. જેના હસ્તમાં વજ્ર છે એવી કલ્યાણ કરવામાં કુશળ
દેવી મારા પ્રાણની, યોગી દેવી રસરૂપ ગંધ શબ્દને સ્પર્શની
રક્ષા કરો. હે વારાહી દેવી તમે મારા આયુષ્યની, વૈશ્વી ધર્મ

ની, સપ્ત માતૃકાઓ જય કિરતીને લક્ષ્મીની, ઈંદ્રાણી મારા વંશની; ચંડીકા મારા પશુની, માહા લક્ષ્મી મારા પુત્રની, ભૈરવી ભાર્યાની, ધનેશ્વરી ધનની, કૌમારી કન્યાની, ક્ષેમ કરી માર્ગને વિષે, વિજ્યા ચારે તરફ, મહા લક્ષ્મી રાજ્યદ્વારમાં અને જયવર્ધિની યુદ્ધમાં મારી રક્ષા કરે. એવી રીતે જગત પિતા બ્રહ્માજીએ બ્રહ્મ રૂપી મારકંડેયને આ કવચ જે સર્વેની રક્ષા કરનારૂં છે ને ગુહ્ય હતું તે પ્રેમથી કહ્યું. આં કવચનો નીત્ય પાઠ કરવો.

રક્ષા વિનાનું સ્થાન અને કવચમાં ન કેહે વાયલું સ્થાન તે સર્વેને વિષે હે દેવી તમારે કૃપાવડે રક્ષા કરવી કારણ તમે પાપને નાશ કરવાને વિષે સર્વોત્તમ છો.

જે પુરૂષ પોતાના કલ્યાણની ઈચ્છા રાખે તેણે કવચને મુકીને એક ડગલું પાણ વિચરવું નહીં અર્થાત આ ઉત્તમ કવચનો પાઠ સર્વકાળ કરતા રેહેવું આ કવચ પઠણ કરનાર મનુષ્યો જે જે સ્થળે જાય તે તે સ્થળે ઈચ્છિતાર્થના લાભને પ્રાપ્ત થાય; વળી તે પુરૂષ પૃથ્વીઉપર ઉત્કૃષ્ટ ઐશ્વર્ય એટલે સંપતીને ભોગવે, નિર્ભય થાય અને સંગ્રામે વિજ્યને પામે.

આ કવચથી સજાયલો પુરૂષ ત્રણે લોકમાં પુજાય કેમકે દેવોને પણ દુર્લભ આ કવચછે. કદાપી કોઈ મનુષ્ય આ કવચંનો ત્રીકાળ પાઠ કરે તો તે દેવ સદ્રષ્ય શ્વરૂપને પામે અને ત્રણે લોકમાં અજીત વર્તે વળી તેનું અકાળ મૃત્યુ ન થાય, આયુષ્ય પણ સંપુર્ણ ભોગવે તેમજ નિરોગ રહે. સ્થાવર એટલે સોમલને આદિ લઈ તથા જંગમ એટલે સર્પાદિના વિષ, કૃત્રિમ બનાવટનું વિષ અને અન્ય મારણ પ્રયોગો, મંત્ર યંત્ર વળી ભુચર, વ્યોમચર, જળચર, ઉપદેશાવડે ફળે એવા ક્ષુદ્રદેવ, સહજ, કુલજ, માલા, શાકીની, ડાકીની ગ્રહો, ભુત, પિશાચ, યક્ષ ગંધર્વ, રાક્ષસ, બ્રહ્મ રાક્ષસ, વૈતાલ, કુષ્માંડ, ભૈરવ

વિગેરે જે પુરૂષના રૂદયને વિષે કવચ છે તે પુરૂષના દરશન મા ત્થી ભય પામી નાસી જાયછે. આ કવચને પ્રતાપે રાજા માન આપે, કાંતી વધે અને શુભ કિરતીવડે તે મનુષ્ય પ્રથ્વીને વિષે શોભી રેહેશે.

પ્રથમ કવચ ભણી જઈને પછી સપ્તસતીનો પાઠ કરના ર મનુષ્ય પહાડ અરણ્યે સહિત સમગ્ર પ્રથ્વીનું રાજ્ય કરના રો થાય. વળી તેના પુત્ર પૌત્રોની સંખ્યા ઉત્તરોત્તર અખંડ ચાલે અને અવસાન પછી દેવને પણ દુર્લભ એવા પદને પામે એ વી એ માહા માયાની કૃપાને પાત્ર તે પુરૂષ થાય.

ઈતીશ્રી હરી હર બ્રહમા વિરચિતં દેવ્યાઃ કવચં સંપુર્ણમ

મારકંડેય રૂષી શ્તુતી કરેછે:—જયંતી એટલે સઉથી ઉંચી મંગળ કારી કાળી, ભદ્રકાળી, કપાલીની કેહેતાં ખોપરીનુ ધારણ કરનારી, દુર્ગા દુઃખવડે પ્રાપ્ત થનારી, ક્ષમાવંત, શીવા, ધાત્રી, શ્વાહા દેવતાનું પોષણ કરનારી, સ્વધા પિતૃનું પોષણ કરનારી એવી જે દેવી તેને હું નમશ્કાર કરૂંછું. મધુકૈટભનો નાશ કરનાર, હે બ્રહ્માને વરદેનાર એવાં તમને નમશ્કાર હો. રૂપ જયને યશના આપનાર શત્રુનો નાશ કરો. મહિષાસુરને હણનાર ભકતને વર દેનાર હે વિધાત્રી તમને નમશ્કાર છે; રકતબીજ, ચંડ મુંડના વધ કરનાર, તેમજ શુભ નિશુંભ, ધુમ્રાક્ષને આદી લઇ અસુ રોનો ક્ષય કરનાર, દેવતાઓ જેના ચરણને વંદેછે એવા હે દેવી તમે સૌ ભાગ્ય આપો. તમારૂં રૂપને ચરિત્ર ચિંતવણીમાં આવે એવું નથી. ભકતીથી તમને નમન કરનાર શ્તુતી કરનાર ને પુ જન કરનાર મનુષ્યને રૂપ જયને યશ આપી શત્રુનો પરીહાર કરો. હે દેવી આરોગ્ય, પરમ સુખ, શ્રેષ્ટ સંપત્તી અને અમા રૂ શારીર બળ તેને સારી પેઠે વધારી શત્રુનો નાશ કરો. ત મારા પુજ્યપદ પંકજને દેવ અને દૈત્યના મુગુટના રત્ન ઘસાં યલાં એવાં તમે ભકત જનને વિદ્યા, યશને લક્ષ્મીથી પુર્ણ કરો.

હે ચાર ભુજાવાળી દેવી, બ્રહ્માએ સ્તુતિ કરેલી પરમેશ્વરી, વિષ્નુએ વંદન કરેલી અંબિકા દેવી, હિમાલયની પુત્રી પાર્વતી શંકરે વિનવેલી, ઇંદ્રરાજાએ પૂજેલી, તમારા મહાન દંડ સમાન બાહુવડે અસુરોનો નાશ થયલો અને ભક્ત જનના આનંદનો ઉદય કરનાર હે અંબિકા, પુત્ર, ધન અને ઐશ્વર્ય આપો અને શત્રુનો નાશ કરો. હે કૃપાનિધાન દેવી ! હું તમને વંદન કરી માગુંછું કે મનને પ્રસન્ન કરે ને સર્વકાળ મનની ઇચ્છાનુસાર ચાલનારી, ગંભીરચિત્તવાળી, આ ભવસિંધુમાંથી પાર પાડનારી, સારાં કુળમાં જન્મેલી એવી સુંદર સ્ત્રી મને આપો.

ઉપર પ્રમાણે જે મનુષ્યો એસ્તોત્રનો પાઠ કરી મહાસ્તોત્ર સપ્તસતીનો પાઠ કરશે તેને સપ્તસતીના જપની સંખ્યાનું ફળ ને સંપત્તી મળશે.

ઇતીશ્રી વિષ્નુ વિરચિતાર્ગલા સ્તુતિ : સમાપ્ત.:

માર્કંડેય કહેછે:— નિર્મળ જ્ઞાન જેનું સ્વરૂપછે, ત્રણ વેદ જેના ચક્ષુ છે ને જે કલ્યાણની પ્રાપ્તીનું કારણછે, વળી જેણે અર્ધ ચંદ્ર ધારણ કરેલોછે એવા મહાદેવજીને નમસ્કાર કરૂંછું

આ સપ્તસતી સ્તોત્ર મંત્ર સિદ્ધીને અટકાવે એવા શાપરૂપ કિલકનો નાશ કરનારૂંછે એટલુજ નહીં પણ મંત્રના જપમાં તત્પર રહે તોપણ સર્વ કલ્યાણને આપે એવુંછે.

ઉચ્ચાટન વગેરે સર્વ પ્રયોગ સિદ્ધ થાયછે. આ સ્તોત્રના હરેક મંત્રથી સ્તુતિ કરનાર જનઉપર દેવી પ્રસન્ન થાયછે. સપ્તસતી સ્તોત્રની ઉપાસના કરે તેને મંત્ર તથા ઔષધની જરૂર નથી. જપ કર્યા વિના સર્વ ઉચ્ચાટનાદિકાર્ય સિદ્ધ થાયછે. સપ્તસતી સ્તોત્ર અને બીજા મંત્રના જપથી સર્વ કાર્યની સિદ્ધી થાયછે. માટે એ બેમાં શ્રેષ્ઠ શું એવી લોકોની શંકા શિવજી પોતાના મનમાં લાવી કહેછેકે આ સપ્તસતીસ્તોત્ર સર્વોત્તમછે.

શિવજીએ સપ્તસતીસ્તોત્ર શ્રેષ્ટ જાણી ગુપ્ત રાખ્યું કેમકે અ ન્યમંત્રના જપના પુન્યની અવધીછે પરંતુ આ ચંડીસ્તોત્રના જપની અવધી નથી એમ સમજવું. સપ્તસતી અંધારી ચૌદસ તથા આઠમને દિવસે એકાગ્રચિતથી ભક્તજન પોતાનું સર્વધન દેવીને અર્પણ કરે અને દેવીની આજ્ઞાથી માત્ર નિર્વાહ જેટ લું પાછું લે. એ રીતે દેવીને આધીન રેહે તેનાઉપર દેવી કૃપા કરે. સપ્તસતીનો નિર્મળમનવડે જપ કરનાર મનુષ્ય દે વીની પ્રસન્નતાથી દેવપદવીને પામેછે. અને સર્વ સ્થળે નિ ર્ભયથઇ ફરેછે અને અવસાન પછી મોક્ષપદને પામેછે. આ કિલકનો આરંભથી સમજીને પાઠ કરવો, સમજ્યા વિના કર વાથી અનર્થ થાય એવુંછે.

સૌભાગ્યાદી જે સ્ત્રીઓમાં જણાય તે સઘળું દેવીની કૃ પાથી મળેછે માટે આ કિલકનો પાઠ કરવો. આસ્તોત્રનો મ દસ્વરથી પાઠ કરે તેને સંપત્તી મળે અને ઉચ્ચેસ્વરે પાઠકરે તેને સર્વજાતની ઊંચીસંપત્તીનોલાભ થાય માટે ઉચ્ચેસ્વરેજ પાઠ કરવો. ઐશ્વર્ય, સૌભાગ્ય, શરીર સુખ, સંપત્તી, શત્રુવિનાશ અને મોક્ષ એ સર્વ દેવીનીકૃપાથી મનુષ્યને પ્રાપ્ત થાયછે માટે દે વીની સ્તુતિ અવશ્ય કરવી.

એ રીતે ઇશ્વર રચિત દેવીનું કિલક સમાપ્ત થયું.

માર્કંડે રૂષી કહેછે, હે રાજન સૂર્યની પત્નીસવર્ણા નામે જે છાયા હતી, તેણીને સૂર્ય થકી જે પુત્ર થયો તેનું નામ સા વર્ણી હતું. અને ભવિષ્ય કાળમાં તે આઠમો મનુ થશે. તેની ઉત્પત્તી વિસ્તાર સહીત કહુંછું, તે શ્રવણ કર.

એ સૂર્ય પુત્ર સાવર્ણી ઐશ્વર્ય, ધર્મ, યશ, સંપત્તી, જ્ઞાન અને વૈરાગ એવા ષડવિધ ભાગ્ય સંપન્ન છતાં તેણે દેવીની ઉત્કૃષ્ટ ઉપાસના કરીને દેવીને પ્રસન્ન કીધા. તે સમયે મહુ માયા જે પરમાત્માની શક્તિ તેમણે એને આ મન્વંતર

પ્રાપ્ત થાય એવી ઇચ્છા કરતાંજ તેમના પ્રભાવથી ઇકોતેર મહાયુગ કરતાં કાંઇક અધિક કાળ પરિયંત મન્વંતરનું આધિપત્ય પ્રાપ્ત થયું તેપણ વિસ્તારીને કહુછું:—

પૂર્વે સ્વારોચિષ નામે બીજા મન્વંતરમાં સ્વારોચિષના પુત્ર ચૈત્રના વંશમાં સુરથ નામે રાજા થયો, તે સમસ્તભૂમંડળનુ પાલન કરતો હતો. કોની પેઠતો જેમ વિવાહિત સ્ત્રીના પુત્રનુ પાલન કરીએ તેમ. રાજનીતિ જેવી શાંસ્ત્રમાં કહીછે તેવી રીતે પ્રજાનું પાલન કરતાં છતાં તે સુરથ રાજાના રાજ્યમાં કોલા નામે રાજધાની હતી ત્યાંના રાજા કોલાવિધ્વંસિએ સુરથ રાજાજોડે શત્રુત્વ કરવા માંડયું અને યુદ્ધમાં સુરથનો પરાજ્ય કીધો. આ રીતે હાર થવાથી સુરથનું સાર્વભામત્વપદ જતું રહ્યું. અને પોતાની રાજધાનીમાં રહીને તેટલુંજ રાજ્ય કરવા લાગ્યો. ત્યાંપણ સુરથ રાજાના ભંડાર તથા સૈન્યઉપર રહેલા એના શત્રુએ પોતાને સ્વાધિન કરી લેવાથી સુરથ નિરૂપાય થઇને મૃગયાના નિમિત્તે અશ્વારૂઢ થઇ એકલોજ અરણ્યને વિષે જતો રહ્યો. અરણ્યમાં ફરતાં તેણે મેધા નામે બ્રહ્મરૂષીનો આશ્રમ દીઠો, તે ત્યાં નિવાસ કરનારા શાંત પશ્વાદિ તથા મુની, શીષ્યોના ગણોથી અતિશય મનોહર હતો. એ આશ્રમમાં સુરથ રાજાએ પ્રવેશ કરતાંજ તે મુનીએ આદરસત્કાર કર્યો ને રાજા ત્યાં રહ્યો તે પછી કેટલોક કાળવ્યતિત થયા પછી સુરથ રાજાના મનમાં પોતાના રાજ્ય તથા ઐશ્વર્યાદિ ગયાની ચિંતા થયા કરતી હતી. અર્થાત આશ્રમ નિવાસીઓને યોગ્ય એવી નિવૃતી એ રાજાને વિષે નહીં હતી. તેને એમ શંકા થતી હતીકે મારૂં પરંપરાથી ચાલતું આવેલું રાજ્ય ને મારી નગર પ્રજાનું હું જેમ પાલન કરતો હતો તેમ હમણા મારા શત્રુઓ કરતા હશે ! કે નહીં ! શત્રુઓની મતિ વિપરીત વરતતી હશે! મારો મદોન્મત્ત હસ્તીની શી ગતી હશે ! મારો પ્રધા

ન, ગજરક્ષક વગેરે શત્રુને સ્વાધિન થઈ કેવાં કેવાં સુખ દુઃખો અનુભવતા હશે ? એ અને મારા અન્ય સેવકો જે ઉપર હું સર્વદા પ્રસન્ન રહેતો, જેઓને દરમાસે પગાર આપતો, નીત્ય પ્રતી અન્નપાનાદિથી સંતુષ્ટ રાખતો તે સર્વ પરિજનો હવે શત્રુની તાબેદારી કરતા હશે ! શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે રાજાએ ઉત્પન્ન થયેલાં દ્રવ્યનો ચતુર્થાંશ ખરચ કરવો, તેમ નહીં કરતાં દુશ્મન અવ્યવસ્થિત ખરચ કરતો હશે અને ભંડાર ખાલી કરી નાંખશે તો મને એ વાતથી ધિક્કાર જેવું થશે ! કારણ મેં અતિશય શ્રમથી દ્રવ્ય સંચય કરેલું તેનો નાશ થશે ! આ પ્રકારે અનેક રીતની ચિંતાએ એસુરથરાજા વ્યાકુળ રેહેવા લાગ્યો. તે સમયે એ રાજાની દ્રષ્ટે તેઆશ્રમ સમીપમાં એક વૈશ્ય પડ્યો. તેને રાજાએ પુછ્યું કે તું કોણ છે ? અને અહીં શામાટે આવ્યોછે ! વળી તું શોકાતુર શામાટે જણાયછે ? તે કહે.

રાજાના આવચનો સાંભળીને તે વૈશ્ય એટલે વાણીઓ વિનયયુક્ત ઉત્તર દેતાં કેહેવા લાગ્યોકે હું સમાધી નામના ધનવાન ગ્રહસ્થના કુળમાં જન્મ્યોછું; અહીં આવવાનું કારણ એછેકે મારાં સ્ત્રી પુત્ર દુષ્ટ હોવાથી દ્રવ્યના લોભે તેઓએ મને ધિક્કાર કર્યો. મારૂં દ્રવ્ય તેમણે હરી લીધું અને મને કેવળ નિર્ધન કર્યો. અને એવી સ્થિતિ થવાથી અન્યસ્વજન સહોદરને મિત્રોએ પણ મારો ત્યાગ કર્યો. આવાં દુઃખને લીધે હું વનમાં નિકળી આવ્યો અને મારાં સ્ત્રીપુત્રો કુશળછે કે કેમ તે હું જાણતો નથી. તેઓ સુખીછેકે દુખી! તેઓનો વેપાર લાભદાયક છેકે હાની કરતો ? એ વાતની ચિંતા મને થાયછે.

સુરથરાજાએ કહ્યું કે હે વણિક જે દુષ્ટ સ્ત્રીપુત્રાદિકે તારો ત્યાગ કર્યો તેઓ તરફ તારૂં અંતઃકરણ શામાટે આતુર

એ થાયછે ! વણિકે જવાબવાળ્યોકે હે રાજન, આપનું કેહેવું વાસ્તવિકછે. પરંતુ શું કરૂં મારા મનમાં તેમની તરફ કઠોરતા આવતી નથી મારા પુત્રોએ ધન લોભે કરી મારાઉપરથી સ્ને હ ઉતારી દીધો, મારો તિરસ્કાર કર્યો, મારી સ્ત્રીએ પતિભાવનો ત્યાગ કરી મારો અનાદર કર્યો, સ્વજનોએ પોતાપણાના ભાવનો ત્યાગ કર્યો એ રીતે તેઓએ કઠોરપણું કર્યા છતાં મારૂં મન તેસર્વ તરફ સ્નેહ યુક્તજછે હે મહામતિરાજન એ મુજ સ્ત્રીપુત્રાદિનાં અંતઃકરણમાં મારે વિષે અભાવ થયો તે જાણ્યા છતાં મારૂં મન તેઓ તરફ પ્રેમ યુક્તછે તેનું શું કારણ હશે તે મને સમજાતું નથી. હુતો વારંવાર તેમની ચિંતા કરી ખિન્ન રહું છું આવું મારૂં મનછે તો હું તેને શીરીતે તેમની તરફથી પાછું વાળી લઉં !

માર્કંડેય કહેછે: હે વિપ્ર સમાધીનામે વૈશ્ય તથા સુરથરાજા એમનો સંવાદઉપર પ્રમાણે થયા પછી તે બેઉએ મેધારૂષી ની પાસે જઇને ઉભા રહ્યા. અને શાસ્ત્રમર્યાદા પ્રમાણે નમન કરી નમ્રતા પુર્વક સુરથ રાજાએ પોતાનું તથા પોતાના જોડિયા વૈશ્યનુ કષ્ટ રૂષીને નિવેદન કર્યું. વળી રાજા કેહેછેકે હે મુનીશ્વર, આપને એક પ્રશ્ન પુછુ છું કે મારા સંકલ્પાત્મક મનના વિચારોનો બુદ્ધીવડે નિશ્ચય કર્યા વિના મને દુઃખ કેમ થાયછે તે મને આપ સમજાવો.

મમત્વ મનેજછે એમ નથી, આ વૈશ્ય પણ મારી સ્થિતિને પ્રાપ્ત થયાછે. એમના સ્ત્રી પુત્રોએ એમનો ત્યાગ કર્યોછે તો પણ એ વૈશ્યનું મન તેસ્ત્રીપુત્રો તરફ સ્નેહ યુક્તછે. અર્થાત અમે બન્ને સ્ત્રીપુત્રાદિ વિષયોને અમારા માની દુખીઆ થઇએ છઇએ માટે હે ભાગ્યશાળીરૂષી એ વિષયો તરફ અમારૂં મન એટલું બધું મોહ કેમ પામેછે, અને અમે એવી મૂઢતાને કેમ ધારી રહ્યા છઇએ તે કહો.

રૂષી કહેછે:–હે રાજન પુરૂષોને બંધન કરનાર વિષયને પ્રાણીમાત્ર

જાણેછે, અને તેમાત્ર જાણવાથી તે વિષયનો અભાવ થતો નથી, સર્વ પ્રાણીઓને મોહ તો હોયછે, પરંતુ તેઓ સર્વવિષયને પોત પોતાની સમજ પ્રમાણે સુખકારી માનેછે, અને સુખકારી માને ત્યારેજ તેઉપર મોહયુક્ત અંતઃકરણ રેહેછે. જેમ ઘુવડને આદી લઇ કેટલાક પ્રાણી દિવસે અંધ ને રાત્રીએ દ્રષ્ટી યુક્ત હોયછે, કાગડા વગેરે કેટલાકને રાત્રે અંધપણું ને દિવસે જોવાપણું, વળી અળશીયા જેવાં પ્રાણીઓ દિવસે ને રાત્રે બંને સમયે અંધ હોયછે. એ ઉપરથી તાત્પર્ય એટલુંજછેકે પ્રાણી માત્રને જ્ઞાન અને અજ્ઞાન એબે હોયછે. વારૂ, મનુષ્યને જ્ઞાનછે તેજ જ્ઞાન સત્ય એમજો તને મનાતું હશે તો સાંભળ, મનુષ્યોજ માત્ર જ્ઞાનીછે એમ નથી કેમકે તેઓનું જ્ઞાન પણ અજ્ઞાનથી ઢંકાયેલુ છે, જ્ઞાનીને પણ જ્ઞાનનું અભિમાન ઘટે નહીં, જો ઘટેતો મનુષ્યની પેઠે પશુ પક્ષી પણ જ્ઞાની ઠરે. મનુષ્યને પશુ એઓ સમાનછે કેમકે અહાર, ભય, મૈથુન. અને નિદ્રાનું જ્ઞાન મનુષ્યનેછે તેવુંજ પશુને પણછે. વારૂ, જેમ મનુષ્ય પોતાનું ઐશ્વર્ય પુત્રોને તેમજ પક્ષીઆદી પણ પોતાના મુખમાં અહાર લાવી બચ્ચાંઓને ખવરાવેછે, ને પોતે ભુખ્યાં રહેછે; શામાટેતો પોતાના શરીર કરતાં પુત્રાદિકપર અધીક પ્રેમ હોયછે. પશુ પક્ષીઓના મોહ અને જ્ઞાન પ્રમાણેજ મનુષ્યોને મોહ ને જ્ઞાન હોયછે. રાજાનેઆદી લઇ અન્ય ઉત્તમ સ્થિતિના મનુષ્યો પણ સ્રીપુત્રાદિ ઉપર અભિલાષ યુક્ત હોયછે; એવું ધારેછેકે એ મોટા થશે ત્યારે આપણું પાલનકરશે. હવે આવી અભિલાષનો નિશ્ચય નથી તે છતાં એવા અજાણ થઇ જાયછે કેમકે અન્ય પુરૂષોના સ્રીપુત્રાદિ તેમના ભર્તારને માતપિતાદિને કેવાં કષ્ટ દેછે, તે પોતે જુએછે તથાપિ પોતાનાં પુત્ર સ્રી આદિ તરફ મોહ યુક્ત રહીને તેમના પાલનાદીમાટે દુઃખ સહન કરેછે. આ ઉપરથી પશુઆદિની સ

માનજ મનુષ્યો પણછે એ સિદ્ધ થાયછે.

આવા પ્રકારનો લોકવ્યવહાર અવલોકન કરેછે એવા જનો પણ આ સંસારથી વિરક્ત એટલે ત્યાગી કેમ નથી થતા એમ જો પુછીશ તો કહુંછુકે પ્રત્યક્ષ જનવ્યવહાર જે દુઃખમય છે તે જોતાં છતાં તેમાંજ આસક્ત રેહેવું તેનું કારણ મહા માયાનો પ્રભાવછે. આ મેં સંપાદન કર્યું, આ પદાર્થો મારાછે, એવો જે બુદ્ધિનો ભ્રમ તે કરનાર મહામાયાછે. અને મોહરૂપવમળમાં પડેલા સર્વ લોક અનેક પ્રકારના કષ્ટને ભોગવતા છતાં તેમાંથી નિકળવાની ઇચ્છા કરતા નથી. એવી મહા આશ્ચર્યજનકમહામાયાની શક્તિછે. સાક્ષાત્ આ જગત્‌ના પતિ એવા જે શ્રીહરી તેમનીજ તમોગુણાત્મક યોગ નિંદ્રારૂપ એ મહામાયાછે એમ જાણવું. એ મહાશક્તિએજ સમગ્રજગત્ મોહિત કર્યું છે. હવે એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ! એ ભગવતી મહામાયાદેવી, જે પુરૂષના યોગ પરીપક્વ થયા નથી એવા સામાન્ય જ્ઞાનીઓના અંતઃકરણોને બળાત્કારે આકર્ષણ કરીને અત્યંત મોહયુક્ત કરેછે તો તુજ સરખા સંસારી પુરૂષની તો વાતજ શી ! એમાયાએજ આ ત્રૈલોક્યને લગતું ચરાચર વિશ્વ ઉત્પન્ન કરીને મોહની જાળમાં બાંધી રાખ્યું છે.

માટેજ આ સંસારથી મુક્તિ થવી એ પરમ દુર્લભછે, તથાપિ મનુષ્ય જો એભગવતીની યથોક્તરીતે ઉપાસના કરીને એમનેજ નિત્યનૈમિત્તિક સકળકર્મ અર્પણ કરેતો એ ભગવતી પ્રસન્ન થાય અને મોક્ષનું વરદાન આપે.

ઉપર કહ્યા પ્રમાણે એ મહામાયાદેવીને વિષેજ સંસાર બંધન તથા તેથી મોક્ષ થવાની નીતિ કેમ રહીછે એમ જો પુછતો હોય તો કહુંછુંકે તે મહામાયા સર્વેશ્વર શ્રી ઇશ્વરત્વ મેળવનારાં હોવાને લીધે તેમને વિષે મોક્ષ પણ

જાતની અસંભવતા કરવી ઘટે નહીં; કેમકે તે ભગવતી વિદ્યા અને અવિદ્યા એમ ઉભયરૂપે પોતેજછે. હવે વિદ્યા એ ઉત્તમ પુરૂષાર્થનું સાધાનભુત એવીઅનાદિ કાળથી સિદ્ધ હોવાથી મુક્તિની હેતુછે, અને એજ અવિદ્યારૂપે સંસારના બંધનની હેતુ પણછે.

રાજા કેહેછે:— હે તપરૂપી ઐશ્વર્યસંપન્નરૂષી, જે મને આપે મહામાયા કહી તે દેવી કોણ, કેવી રીતે પ્રગટ થયા અને તેમના કર્મો ક્યાં? એ દેવીનો સ્વભાવ, ને સ્વરૂપ એ સઘળું મને કૃપા કરીને યથાયોગ્ય કહો.

રૂષી કહેછે:— એ માયા જગતમાં આશ્ચર્યરૂપ છતાં તે મણે આ સંપૂર્ણ વિશ્વ સરજ્યુંછે. એ દેવી ઉત્પત્તિ રહિતછે કેમકે એ અનાદિપરમાત્માનીશક્તિ રૂપછે તથાપિ વ્યવહાર દ્રષ્ટીએ ઉત્પત્તિ કહુંછું તેનું શ્રવણ કર.

ઉત્પત્તિ નાશથી રહિત એ આદ્યશક્તિ દેવતાની કાર્ય સિદ્ધીને અર્થે આવિર્ભુત થાયછે તે સમયે તે ઉત્પન્ન થયાં એમ લોકમાં કેહેવાયછે. હવે દેવતાની પ્રાર્થનાથી એ દેવી કેમ અવતાર લેછે તેનું એમછેકે જ્યારે બ્રહ્માના દિવસનો અંત આવયછે એટલે જગતનો નાશ થઇ પૃથ્વી જળમય થઇ જાયછે તે સમયે વિષ્નુભગવાન પોતાના પાલન કરવાના વ્યવહારને ઢાંકી દે એવી પોતાની તામસી શક્તિરૂપી યોગનિંદ્રાનો અંગીકાર કરીને વિસ્તિર્ણ શેષશય્યાપર સયન કરેછે, તે કેવલપ્રાકૃત (મનુષ્ય) જનોની પેઠે એ નિંદ્રા તેમને મોહવડે આવરણ કરતી નથી કેમકે વિષ્નુભગવાન સ્વતંત્રછે અને એ યોગ નિંદ્રાનો સ્વેચ્છાથીજ સ્વીકાર કરીને લીલાને અર્થે માત્ર નેત્રમિલન કરેછે.

એવેસમયે શ્રીવિષ્નુના કાનથકી અતીભયંકર ને લોકપ્રસિદ્ધ મધુ ને કૈટભ નામના બે અસુર ઉત્પન્ન થયા અને તે

અસુરો બ્રહ્માજીનો સંહાર કરવાને તત્પર થયા. બ્રહ્માજી શ્રી વિષ્ણુના નાભી કમળને વિષે સ્થિત હતા, તેમણે એ અસુરો ને પોતાતરફ હાણવાના વિચારથી આવતા દીઠા અને શ્રીભગવાનને તે વાત કેહેવાને તેમની તરફ બ્રહ્માજીએ દ્રષ્ટી કરી તો તે શ્રીજનાર્દન ભગવાન નિદ્રાને વિષે જોવામાં આવ્યા. બ્રહ્માજીએ એકાગ્રચિતથી શ્રીહરીના નેત્ર કમલનો આશ્ચર્યકરનારી યોગનિદ્રાની, શ્રીહરીને જાગૃત કરવાના હેતુથી સ્તુતિ કરવાનો નિશ્ચય કર્યો. એ યોગ નિંદ્રા તે પરમાત્માની મુળ શક્તિજછે અને તેનું મહત્વ કેવુ છે તે પોતે વર્ણન કરેછે. હે જગજ્જનની સમ્પૂર્ણ જગત્‌નીઉત્પત્તિં, સ્થિતિને લય તુંજથીજ થાયછે, તુંજ શ્રીવિષ્ણુની અનુપમ નિંદ્રાછે. હું તારીજ સ્તુતિ જકરૂંછુ વૃદ્ધિ તથા ક્ષયથી રહિત અનાદિસિદ્ધ દેવી, સર્વ દેવના ઉદ્દેશથી દાન કરવાની મંત્રરૂપ સ્વાહા નામે અગ્નિની પત્નીછે, તેમજ પિતરોના ઉદેશથી દાન કરવાની મત્રરૂપ સ્વધા નામની જે પિતૃપત્નિ તુંજછે; વળી જેમાં વષટ્ એવા મંત્રનો ઉચ્ચાર કરીને યજ્ઞદેવનુ આવાહન કરાયછે તે વષટ્કાર નામનો યજ્ઞરૂપ પણ તુંજછે; અ, આ ઇત્યાદિ સોળ સ્વરાત્મિકા પણ તુંજછે, અમૃતરૂપીણી, —હ્રસ્વ, દીર્ઘ, ત્રિમાત્રક, પ્લુત એવી ત્રિવિધ માત્રાત્મિકા છતાં, અકાર ઉકારને મકાર એવા ઓમ્કારરૂપે પણ હે દેવી તુંજછે. હે દેવી અર્ધમાત્રાત્મિકા એવી વ્યંજનરૂપે પણ તમે સદાકાળ વિરાજમાનછે શબ્દનો વિશેષે કરી તે ઉચ્ચાર ન થવારૂપ પણ તુંજછે; સવિત્ નામે દેવની આરાધનાના મંત્રરૂપ પણ તું અને સર્વની ઉત્કૃષ્ટજનની પણ હે દેવી તુંજછે. તેજ આ સમગ્ર જગત્ ઉત્પન્ન કરીને તેને પોતાની પ્રકૃતિરૂપમાં ધારણ કરતા થકા; આ જગતનુ પાલન કરી પ્રલયકાળે જગતને સ્વસ્વરૂપને વિષે લીન કરી ઉત્પત્તિ સમયે વળી સ્થાપન કરનાર હે જગદ્રૂપીણી અંબિકા તમેજ

તત્વમસીને આદિલઇ મહાવાક્ય, લક્ષણા, મહાવિદ્યા અને ચિદાનંદરૂપ જીવાત્માને સંસારરૂપ અનર્થ ઉત્પત્તિ કરવાના હેતુનું મુળ અવિદ્યા રૂપછો. તેમજ સચ્ચીદાનંદભગવાનની સર્વશક્તિ રૂપ મહાબુદ્ધી તેમજ બ્રહ્મદેવને સૃષ્ટી ઉત્પન્ન કરવા વિષે પુર્વસૃષ્ટિની સ્મૃતિ ઉત્પન્ન કરવાના હેતુરૂપ સ્મૃતિ, વળી સંસારી જીવોની સ્ત્રી પુત્રાદિ પરિવાર રૂપ સ્નેહપાશમાં ફસાવવાના મોહરૂપ દેવી છતાં તમેજ સકલ દેવો અને દૈત્યોની શક્તિ રૂપછો.

હે દેવી સંપૂર્ણ ચરાચર વિશ્વમાં સત્વ, રજ ને તમની પ્રત્યેક વસ્તુમાં ભિન્ન ભિન્ન ભાવના દેખાડનાર મુળ પ્રકૃતિ છતાં પ્રત્યેક મન્વાદિના પ્રલયસમયે સર્વ સંહાર કરનાર મહા ભયંકર કાળરાત્રિ (કાળનું ક્ષેત્ર) પણ તમેજછો. બ્રહ્મદેવની પ્રલય કાળરૂપ મહારાત્રિ, સર્વ જીવોને મમતારૂપ વમળવાળા સંસારસાગરમાં નાંખી તેમાં અજ્ઞાનરૂપ અંધકારમાં મહા ભયંકર મોહ કરનારી મોહરાત્રિ, સંપત્તિ, ઐશ્વર્યશક્તિ હ્રિ. (પતિવ્રતા સ્ત્રીઓમાં સ્વાભાવિકલજ્જા હોયછે તે) નિશ્ચય કરનારી બુદ્ધી, અધર્મ થકી અંતઃકરણની સંકોચવૃતીરૂપ લજ્જા. શરીરાદીકની વૃદ્ધીરૂપ પુષ્ટી અર્થ કરતાં અન્ય વસ્તુતરફ તુચ્છપણું લગાડનાર તુષ્ટી, ઇંદ્રીઓના ઉપશમ રૂપ શાંતિ, ને શિક્ષા કરવાનું સામર્થ છતાં અપરાધ સહન કરવારૂપ ક્ષાંતી એ સર્વ પૃથક પૃથક તમારીજ મુર્તિછે.

ખડ્ગ, સુલ, મનુષ્યમસ્તક, ગદા, ચક્ર, શંખ, ધનુષ, બાણ, ભસંડી, (બંદુક), અને પરીધ એવાં દશ આયુધ ભુજાઓને વિષે ધારણ કરનાર તમે અતીશયભયંકર દેખાઓછો.

ભક્તજનો તરફ સૌમ્યરૂપછો અને દૈત્યોને અત્યંત ભયંકરછો. સર્વ સુંદર વસ્તુઓમાં એકલાં તમેજ સૌંદર્યયુક્તછો પશ્યંતી, મધ્યમા, ને વૈખરી એ ત્રિવિધ વાણીના કારણભૂત પ

શરણ્યવાણી પણ તમેજછો. ત્રૈલોક્યને વિષે સર્વથી સુંદર તમેછો માટે હે દેવી તમેજ પરમેશ્વરીછો.

હે દેવી સતબ્રહ્મ ને અસતજગત તેને વીષે તમેજ શક્તિરૂપછો. તો તમારી સ્તુતિકરવાનું કેમ બનીશકછે! કેમકે પદ, પદાર્થ, સ્તુત્ય, સ્તોત્ર ને સ્તુતિ કરનારને શક્તિ તમારા થકી અનન્યછે.

વળી બ્રહ્મરૂપથી જગત સૃજનાર, વિષ્ણુરૂપથી પાલન કરનાર અને રૂદ્રરૂપથી સંહાર કરનાર એવા જે વાસુદેવ ભગવાન તેમને પણ તમે નિંદ્રાનેગ્રશ્ત કરોછો એવાં તમે તે તમારી શ્તુતિ આ લોકમાં કયો પુરૂષ કરી શકે!

બ્રહ્મ, વિષ્ણુ અને મહાદેવ પ્રાકૃત શરીરથી રહિત છતાં તેમને પણ માયામયશરીરનો સબંધ તમે કરાવોછો એવાં તમે તે તમારી શ્તુતિ કોણ કરી શકે! પોતાના અદ્ભુત ઉદાર પ્રભાવથી તમે સમચીત પ્રકારે શ્તુતિ કરવાને યોગ્યછો માટે દુર્વંત મધુ કૈટભ નામના ઉભય અસુરોને મોહિત કરો. આ જગતના શ્વામી અચ્યુત ભગવાનને, ભક્તજનોનું પાલન અને એ દુષ્ટોનોશંહાર કરવાને હે દેવા તમે શીઘ્ર જાગૃત કરી એ બેઉ દૈત્યોનો નાશ કરવાને બોધ કરો.

રૂષી કેહેછેઃ— એ રીતે તે સમયે બ્રહ્મ દેવે મધુ કૈટભના નાશને માટે શ્રી વિષ્ણુ ભગવાનને જાગ્રત કરવા યોગ નિંદ્રારૂપ તામસી દેવીની શ્તુતિ કરી. તે ઉપરથી એ દેવી વિષ્ણુંના નયનકમળ, મુખ, નાશિકા, બાહુને વક્ષશ્થળ વગેરેથકી પ્રગટથઇને ભગવાનના નાભિકમળમાં રહેલા બ્રહ્માજીને જોતાં થકા શ્થિત થયાં. યોગનિંદ્રાએ જનાર્દનભગવાનના શરીરમાંની વ્યાપ્તિનો ત્યાગ કરતાંજ એ ભગવાન જગન્નાથે પ્રલયોદક માની શેષ શય્યાપરથી ઉઠી ને જોયું એટલે એ બેઉ દૈત્યો તેમની દ્રષ્ટીએ પડયા. એ દૈત્યો મહાવીર્યે પરાક્રમ સંપન્ન ક્રોધવડે આરક્ત નેત્રો કરી બ્રહ્મ દેવને ભક્ષણ કરવાનો ઉધ્યોગ કરેછે એવું

જોતાંજ જગદવ્યાપક શ્રીહરી તત્કાળ તે બેઉ અસુરો જોડે સં ગ્રામ કરવા લાગ્યા તેમાં પાંચ સહસ્ત્ર વર્ષ વ્યતીત થઇ ગયાં તે પછી માયાશકિતરૂપ દેવીએ તે દૈત્યોને મોહિત કર્યાં તેથી મધુ કૈટભે શ્રીહરીને કહ્યુંકે તમે જે માંગો તે અમે આ પીએ. આવું સાંભળી ભગવાન બોલ્યાકે જો તમારી આપવાની ઇચ્છા હોયતો તમે મારા હાથથી નાશ પામો એ હું તમારી પાસે માગુછું.

રૂષી કહે છે;— ભગવાનની માગણી સાંભળી જલમય જ જગતને વિષે કમળનયન ભગવાન પ્રત્યે મધુ કૈટભ ભાષણ કરે છે; કે જે ઠેકાણે પૃથ્વી જળથી ઢંકેલી ન હોય તે ઠેકાણે અમાં ને વધકરો. ત્યારે શંખ, ચક્ર, ગદા ને પદ્મના ધરનાર શ્રીહરીએ પોતાના ખોળાને વીશાળ કરી ચક્રે કરી બેઉ દૈત્યોના મસ્તક છેદી નાખી તેમનો નાશ કર્યો. બ્રહ્માજીની પ્રાર્થના સાંભળી એ પ્રકારે દેવીએ પોતે પ્રગટ રૂપ ધર્યું એ વાત તને કહી અને દેવીનો પ્રભાવ વળી કહુંછું તે તું પ્રેમ ભક્તીથી શ્રવણ કર.

ઇતિશ્રી માર્કંડેય પુરાણે સાવર્ણિકે મન્વતરે દેવી મહાત્મે મધુકૈટભ વધો નામ પ્રથમોધ્યાય. ॥ ૧ ॥

આગલા અધ્યાયમાં કહ્યા પ્રમાણે રૂષી કહેછેકે પુર્વે દેવ અને અસુરો વચ્ચે સો વર્ષસુધી યુદ્ધ ચાલ્યું, તેમાં અસુરાધિપતિ મહિષાસુર ને દેવાધિપતિ પુરંદર નામે ઇંદ્રહતા. એ યુધ્ધમાં અસુરોએ પોતાના પરાક્રમથી દેવોઉપર જય કીધો; અને મહિષાસુરે ઇંદ્રપદ ધારણ કરયું. આવે સમયે પરાજય થયલા દેવો બ્રહ્માજીને શરણ ગયા. અને સરવે દેવોને સાથે રાખી તેમણે ગરૂડધ્વજ વિષ્નુ પાસે ગમન કરયું. ત્યાં મહાદેવજી પણ વિરાજમાન હતા. એ બેઉ વિષ્નુ ને શંકર ભગવાન પાસે બ્રહ્માજીએ દેવોના પરાભવની વારતા કહી સંભળાવી.

સૂર્ય, ઇંદ્ર, અગ્નિ, વાયુ, ચંદ્ર, યમ અને વરૂણ એમનો સર્વ અધિકાર મહિષાસુરે પોતાને સ્વાધિન કરી લીધો છે; અને દેવોને સ્વર્ગમાંથી પણ કાઢી મેલ્યા છે. રંક જેવા દેવો થઇ ગયા અને પૃથ્વીપર વિચરે છે. માટે હે ભગવાન! એ દેવના શત્રુથી ભય પામી અમે તમારે શરણે આવ્યા છઇએ અને આપે હવે એ દુરાત્માનો નાશ કરવો જોઇએ. એવાં દેવોના વચન સાંભળીને મધુસુદન ભગવાન અને શંકર ઘણા કોપયુક્ત થયા અને ક્રોધયુક્ત થયેલા ચક્રપાણી શ્રી વિષ્નુ, બ્રહ્માજી અને મહાદેવજીએમના મુખથકી અતી અદભુત તેજ પ્રગટ થયું; તેમજ ઇંદ્રાદિ દેવોના શરીર થકી પણ તેજ નિર્માણ થયુ તે અને પ્રથમનું સર્વ એકત્ર થઈ ગયું એ મહત્તેજ એવું જાજ્વલ્યમાન અને મોટું થયું કે તેજનો પર્વત હોય એમ દેખાવા લાગ્યુ; અને તેની જ્વાળા વડે દશેદિશા પુર્ણ થઈ રહી. પછે તે સર્વ તેજ કાત્યાયન રુષીના આશ્રમમાં એકઠું થયું અને તેની મૂર્તીમાન એક દિવ્ય સ્ત્રી પ્રગટ થઈ જેની કાંતિથી ત્રૈલોકય તેજયુકત ભાસવા લાગ્યુ. હવે એ દેવીના અંગોપંગનું વર્ણન એમ છે કે જે શંકરનું તેજ સ્વેતવર્ણનું તે થકી દેવીનો વર્ણ સ્વેત થઈ મુખ ગૌર થયું, યમના તેજથી સિરના કેશ નીલવર્ણના થયા, વિષ્નુના નીલમણીના જેવા રંગથી તેવી અઢાર ભુજાઓ, ચંદ્રની કાંતિથી તેવાજ સ્વેત સ્તનદ્વય, ઇંદ્રના તેજથી રક્તરંગની કમ્મર, વરૂણના તેજથી જંઘા ને પેટ, પ્રથ્વીના તેજથી કટિ પશ્ચાદભાગ જે નિતમ્બતે, બ્રહ્મદેવના તેજથી ચર્ણ, અને સૂર્યના તેજથી પગની આંગળીઓ લાલ રંગની થઈ. અષ્ટવસુના તેજથી હાથની આંગળીઓ ને કુબેરના તેજથી નાશિકા, દક્ષાદિ પ્રજાપતીઓના તેજથી દંત, અગ્નિના તેજથી ત્રણ નેત્ર, પ્રાતનેસા

યંસંધ્યાના તેજથી ભ્રકુટી, વાયુના તેજથી કાન, વગેરે સર્વ દેવના તેજથી સંપૂર્ણ અવયવો સહિત એ દેવી પ્રગટ થયાં તેના દર્શન માત્રથી સર્વ દેવો મહિષાસુરના ભય ભુલી જઈ હર્ષને પ્રાપ્ત થયા. એ દેવીને સર્વ દેવોએ પોતાના આયુધમથી એકેક અંશવડે અન્ય આયુધો રચીને અર્પણ કર્યાં. પિનાકધારી મહાદેવજીએ શૂળ નામે આયુધ આપ્યું, શ્રી કૃષ્ન ભગવાને ચક્ર, વરૂણે શંખ, અગ્નિએ શક્તિ, વાયુએ ધનુષ્ય ને બાણથી ભરપુર બે ભાથા, સહસ્ત્રાક્ષ જે ઇદ્ર તેણે વજ્ર ને ઐરાવત હસ્તીની ઘંટા, યમે દંડ, વરૂણે પાશ, બ્રહ્માજીએ યક્ષમાલા અને કમંડલ. સૂર્યે દેવીના રૂંવાટાના છિદ્રો તેજયુક્ત કર્યાં, કાલાભિમાની દેવે ખડગ ને ઢાલ દેવીને આપ્યાં. વળી નિર્મળ હાર, યુગ્મનવીન વસ્ત્રો, દિવ્ય ચુડામણી, કુંડળો, કંકણો, દામણી, દિવ્ય ચંદ્રકોર (અકોટી) કેયુર એટલે બાજુબંધ, નેપુર, ચેજપટ્ટી, ઝુમણું, મંગળસૂત્ર, તુસી, રત્નજડીત મુદ્રિકા વગેરે અલંકારો ક્ષીર સાગરે દેવીને આપ્યાં. વિશ્વકર્માએ પરશુ, ઘણા અસ્ત્રો અને ભેદાય નહીં એવું કવચ એ ત્રણ આયુધો આપ્યાં. અંબોડાપર ને વક્ષસ્થળપર પેરવાને કમળપુષ્પની માળાઓ, હસ્તમાં ધારણ કરવાને સુશોભિત કમળ સમુદ્રે આપ્યું. હિમાદ્રિ જે હિમાલય પર્વત તેણે સિંહનું વાહન અને અન્ય રત્નો અર્પણ કર્યાં. કુબેરે પાન કરવાને મદ્ય ભરેલું પાત્ર, શેષ નાગે મણિનો એક અતિમનોહર હાર, અન્ય દેવોએ આયુધ ને ભુષણો આપી એ દેવીનું અતિશય સન્માન કર્યું. દેવી પ્રસન્ન થઇને ઉંચા સ્વરે હાસ્ય કરવા લાગ્યા, જેના શબ્દ વડે આકાશ ગર્જનાયુક્ત થયું. વળી દશે દિશાઓમાંથી એ નાદનો પ્રત્યાઘાત થયો એટલે પ્રતિઘોર થયો. તેથી કરી બ્રહ્માંડ કંપીત થયું ને સમુદ્રો પાણી ખળભળવા લાગ્યા અને

આ સમયે આનંદવડે સર્વે દેવોએ દેવીનો જયજયકાર કર્યો. મુનિગણોએ ભક્તીથી સ્તુતિ કરી અને આવું આશ્ચર્ય જોઇને એટલે સમુદ્રાદિનુ ખળભળવું તેને જોઇને અસુરો પણ અસ્તાવ્યસ્ત થવા લાગ્યા. દૈત્યસેના ભયથી હાથમાં શસ્ત્રો લઇને સાવધ થઈ ઉભી રહી; અને મહિષાસુર ક્રોધથી એ હો! આ શું! એમ બોલી ઊઠયો. તે સાંભળી અન્યઅસુર નાયકો પોતાની સેનાને લઇને તેની પાસે દોડી આવ્યા. મહિષાસુર અગ્રેસર જેમાં એવી એ અસુરસેના દેવીની સમિપમાં પ્રાપ્ત થઈ અને દેવીને મહા તેજયુકત જોઈ વિસ્મય પામતી હતી. વળી દેવીના ચર્ણવડે પૃથ્વી કંપતી હતી, મુગુટ અભ્રમંડળનો સ્પર્શ કરતો. એવા દેવીએ ધનુષ્યની પણછ ખેચીને ટંકારવ કરતાંની સાથે સપ્તપાતાળ ખળભળવા લાગ્યાં. દેવી રણભુમીને વિષે હજાર હસ્ત વડે દિશાઓને વ્યાપી રહીને અસુરો સાથે યુદ્ધનો આરંભ કીધો. દેવી અને દૈત્યો પોતપોતાના શસ્ત્રાસ્ત્રોવડે આકાશને પુરતાં હવાં અને મહિષાસુરનો સેનાપતિ ચિક્ષુરાખ્ય અને ચામરાખ્ય તેમજ અન્ય અસુરો રથ હસ્તી ઘોડા ને પાયદળ એમ ચતુરંગ સૈન્ય શુરાતનથી યુદ્ધ કરે છે તેમની મદદે ઉદગ્ર નામે અસુર સાઠ હજાર સૈન્ય સાથે આવી પોંચ્યો. વળી એક કોટી સૈન્ય લઇને મહાહનુ, પચાસ લક્ષ સૈન્ય સહિત અસીલોમા નામે બે અસુરો યુદ્ધ કરવાને આવ્યા. બીજો બાષ્કલ અસુર ઘણા ગજ ને અશ્વો સાથે સાઠ લાખ સૈન્ય લઇને યુદ્ધ કરવા લાગ્યો. બીડાલાખ્ય અસુર એક કોટી ને પાંચ લક્ષ રથનું સૈન્ય લઈ યુદ્ધમાં દાખલ થયો. બીજા પણ ઘણા અસુરો રથ હસ્તી ને અશ્વયુકત સેના લઇને યુદ્ધ કરવા રણભુમીમાં પ્રાપ્ત થયા. આ પ્રમાણે અગણિત રથ અશ્વ ને હસ્તીથી વિટાયલો એવો અસુ-

શેમાં મુખ્ય મહિષાસુરં એ દેવીની સાથે યુદ્ધમાં તત્પર રહી સગ્રામ કરતો હતો. અસુરો ભિંડિપાલ, શકિત, મુસળ, ખડ્ગ, ફરશી, પટ્ટીઓ, વગેરે બહુ પ્રકારના આયુધો વડે એ દેવીના સાથે યુદ્ધ કરે છે. અસુરો પોતાના શસ્ત્ર ને અસ્ત્રો દેવી ઉપર ફેંકતા હવા તે સર્વનું ચંડિકા દેવી પોતાના શસ્ત્રો વડે છેદીને નિવારણ કરતા હવા. અને દેવીને એ નિવારણમાં કિંચિત માત્ર આયાસ ન થતો હવો. અને આટલા બધા અસુરો જે મહા ભયંકર મુખ નાશીકાદીવાળા પોતાની સામે પ્રચંડ શસ્ત્રાસ્ત્રોનો વરસાદ વરસાવે છે તોપણ ચંડીકા દેવી તો પ્રસન્ન વદનથીજ યુદ્ધ કરે છે એવું જોઇને દેવો અને ઋષીમુનીઓના સમુહ દેવીની સ્તુતિ કરતા હતા.

દેવી અસુરો ઉપર અપાર શસ્ત્રાસ્ત્ર મુકે છે અને દેવીનું વાહનસિંહ પણ ઘણો ક્રોધાવિષ્ટ થઇને કેશવાળી ફફડાવતો હવો. જે રીતે દાવાનળ અરણ્યને બાળી નાંખે છે તે રીતે રણભુમીમાં અંબિકા દેવી યુદ્ધ કરતાં અસુર સેનામાં પ્રવેશ કરી વારંવાર સ્વાસોસ્વાસ લેતાં બરાબર લાખોગણ કેહેતાં સેવકો તત્કાળ પ્રગટ હોતા હવા અને હથીયાર સહવર્તમાન હોવાથી અસુરોનો ઘાણ વાળવા સમર્થ દેખાવા લાગ્યા. એગણોની દેવીના પ્રભાવથી વૃદ્ધિ થતી રહી તેણે અસુરસેનાનો દાટ વાળી પટહ નામે રણતુર વગાડવા માંડયા. વળી કેટલાકોએ શંખોના નાદ કરવા માંડયા; કેટલાએક રણસંગ્રામ એ જાણે મોટો ઉત્સવ પ્રસંગ છે એમ માની મૃદંગ વગાડવાનો આરંભ કીધો.

દેવીએ ત્રિશુળ, ગદા, શકિત ને ખડગોની અસુરો ઉપર વૃષ્ટી કરી એકસરખો અસુરોનો સંપૂર્ણ સંહાર કર્યો; જે અસુરો ઘંટાનાદથી મોહ પામેલા તેઓ પણ દેવીના પ્રહાર વડે પ્રાણને તજતા હવા. કેટલાક અસુરો દેવીના પાશમાં

પકડાઈ જઈ પૃથ્વીપર પતન થયા, કોઈક અસુરોના અંગના ખડ્ગવડે દેવીએ બે બે કકડા કરી નાખ્યા, કોઇકના અંગ ગદા પ્રહારથી ચુર્ણ કર્યા એમ અનેક અસુરો દેવીના મારથી પૃથ્વીપર પડયા ને પ્રાણાંત સમયના કષ્ટથી નાના પ્રકારના ખેદયુક્ત રૂદન કરતા હવા. કેટલાએક અસુરોની છાતી શૂળવડે છેદાઈ જવાથી ભુમીપર પડયા, કોઈક બાણની ઝડપમાં આવવાથી નાશ પામ્યા વળી જે અસુરો સેનાને વિષે મોખરાપર હતા તેઓમાંના ઘણાઓની ભુજાઓ, ગળાઓ, વગેરે છેદન થવાથીજ પ્રાણમુક્ત થયા કેટલાકના મસ્તકો, કમ્મર, અને પેટ છેદાઇ જઈ છિન્નભિન્ન થઈ રણભુમીપર પડયા. વળી દેવીએ કોઇક અસુરોના એકેક હસ્ત, એકેક નેત્ર, એકેક પગ કાપીને તથા કોઈ કોઈ અસુરોના ઉભાં બે ફાડચાં કરી નાખીને હણી નાખ્યા. કેટલાક અસુરોના મસ્તકવિનાના ધડો ઉંડી ઉડીને ઝુઝવા લાગ્યા. વળી કોઇક ધડો રણતુરના નાદ શ્રવણ પ્રમાણે નૃત્ય કરવા લાગ્યા. આવાં અસુરોના ધડો પણ હસ્તમાં આયુધો સહિત કુદતા હતા, ઘણા અસુરો દેવીને તિષ્ટ તિષ્ટ કેહેતાં ઉભીરે ઉભીરે એમ કેહેતા હવા. એ પ્રમાણે રથ હસ્તી અશ્વોસહિત અસંખ્ય અસુરો તે રણભુમી ઉપર દેવીના પ્રહારથી મર્ણ પામી પડયા તેથી રણભુમી અગમ્ય થઇ ગઈ. એવો ઘોર સંગ્રામ થયો.

એ રણભુમી ઉપર અસુરોના રક્ત પ્રવાહથી નદીઓ જેમ વેહેતી હોય તેવું ભાસવા લાગ્યું. અગ્નિ જેમ ઘાસ ને લાકડાના ઢગલાને બાળી મુકે છે તેમ દેવીએ અસુર સેનાનો ક્ષય કરી નાખ્યો અને દેવીનું વાહન શીંહ દેવશત્રુઓના સરીરમાયલા પ્રાણને શોધતો હોય એમ મસ્તક ડોલાવવા લાગ્યો અને ઉંચે વરે ગર્જના કરતો હવો.

ઉપર કહ્યા પ્રમાણે દેવીએ નિજગણોને પ્રેર્યા તેમણે અસુરોનો ઘોર સંગ્રામમાં સંહાર કર્યો. તે સમયે સ્વર્ગમાથી

દેવોએ દેવીના ગણો ઉપર પરમ સંતોષથી પુષ્પની વૃષ્ટી કરી.

ઇતિશ્રી માંર્કંડેય પુરાણે સાવાર્ણીકે મન્વંતરે દેવી મહાત્મ્યે મહિષાસુર સૈન્ય વધો નામ દ્વિતિયો ધ્યાયઃ ॥ ૨ ॥

ઋષી કહે છે—એ પ્રમાણે દેવીએ અસુરસેનાનો નાશ કર્યો તે જોઇને પ્રથમ કહેલો ચિક્ષુર નામનો અસુર સેનાપતિ અત્યંત કોપયુકત થઈને અંબિકા સાથે યુદ્ધ કરવા દોડી આવ્યો–અને જેમ મેઘ મેરૂ પર્વત ઉપર જળની વૃષ્ટી કરે તેમ ચિક્ષુરાસુર દેવી ઉપર બાણ વરસાવવા લાગ્યો. દેવીએ એ અસુરના બાણનું લીલાથી નિવારણ કર્યું એટલુંજ નહીં પણ પોતે બાણ વડે અસુરના અશ્વો તથા સારથી ને છેદી નાખ્યા. વળી અસુરના ધનુષનું તથા રથ ધ્વજનું પણ દેવીએ છેદન કર્યું. અસુરના સર્વાંગમાં તીક્ષણ બાણો માર્યાં તથાપિ એ અસુર ધૈર્યથી હાથમાં ઢાલ તરવાર લઇને દેવીની સામે આવતો હવો; ને તત્કાલ દેવીના વાહનસિંહના મસ્તક ઉપર પ્રહાર કરી તરત દેવીના ડાબા હાથ ઉપર ખડ્ગ પ્રહાર કર્યો. હે રાજન દેવીના ભુજ સ્પર્શથીજ તે ખડ્ગ તત્કાલ ભાગી ગયું. અસુરે તે સમયશૂલનામાનું શસ્ત્ર ધારણ કર્યું અને મહાવેગથી તે શૂલ ભદ્રકાળી ઉપર ફેંક્યું, તે પ્રકાશમાન રવીબિંબ તુલ્ય શૂલ આકાશમાથી પડે છે તે દેવીએ અવલોકન કરતાંજ પોતાના શુલ વડે દૈત્યના શુલના હજારો કકડા કરી નાખ્યા, ઉપરાંત ચિક્ષુરાસુરને પણ મર્ણ પમાડયો. તે પછી બીજો ચામર નામે અસુર હસ્તી ઉપર બેસીને યુદ્ધને માટે આવ્યો. દેવી ઉપર શક્તિ નામે શસ્ત્ર ફેંક્યું તે નિરર્થક થઈ ગયું એવું જોઇને દુરાત્મા ચામરે શુલ ફેંક્યું તે પણ દેવીએ બાણ વડે છેદન કર્યું. દેવીના વાહને તે વખત આકાશમાં ઉડાણ કરી દંતના હસ્તીના ગંડસ્થળને ઘાયલ કરયું અને તે ઉપર રહેલા ચામરને પ્રહાર કરવા માંડયા. યુદ્ધ કરતા

સિંહ અને ચામર હસ્તી ઉપરથી ભુમીપર પડયા અને ત્યાં બાથોબાથ હસ્તને પાદ વડે યુદ્ધ કરતા હવા. તે પછી ફરીથી સીંહે આકાશમાં ઉડાણ કરી મહાવેગથી અસુર ઉપર પડી તેના મસ્તકને ધડથી જુદું કરી નાખ્યું. દેવીએ ઉદગ્ર નામે અસુરને શિલા તથા વૃક્ષોના પ્રહાર કરી યમલોક મોકલ્યો, બીજો કરાલ અસુર દેવીના મુષ્ટિપ્રહારથી નાશ પામ્યો, અને ક્રોધવડે દેવીએ ગદા મારવાથી ઉદ્ધત નામે અસુર પ્રાણરહિત થયો. બાષ્કલ, તામ્ર અને અંધકાસુર એ ત્રણને દેવીએ ભિંડિપાલના પ્રહારથી પરલોકમાં મોકલી દીધાં. ઉગ્રાસ્ય, ઉગ્ર વીર્ય અને મહા હનુમણુને એ ત્રિનેત્રા પરમેશ્વરીએ ત્રિશુળવડે ભેદીને મારી નાખ્યા. ખડગવડે બિડાલનો અને બાણવડે દુર્ધરનેં દુર્મુખનો નાશ કર્યો.

ઉપર પ્રમાણે યોદ્ધાસહિત સેનાનો નાશ થયો જાણીને મહિષાસુર પાડા ઉપર બેસીને આવ્યો અને પાડાના સમાનરૂપ ધરી પોતે દેવીનાગણોને ત્રાસ પમાડવા લાગ્યો. કેટલાએક ગણોને મુખપ્રહાર, કેટલાએકને ખરીવડે અને કેટલાએકને પુંછના સપાટાથી વિદારણ કરતો, કેટલાકને સીંગડાં મારી નહીં જેવા કરતો હવો. પોતાના વેગવડે, ગર્જનાવડે, પ્રબળ શ્વાસોશ્વાસથી અને શીંગડા ભેરવી ફરવી ઘણા ગણોનો ઘાણ વાળવા માંડયો અને ગણોનો પરાજય કરી મહિષાસુર દેવીના સિંહવાહન ઉપર ધાઇને આવ્યો, તેના ઉપર અંબિકા દેવીએ અતિશય ક્રોધ લાવી મહિષરૂપ અસુર જે ખરી વડે ભુમીને ખણતો, સિંગડાવડે પર્વતોને ઉખેડી ફેંકતો ને મોટી ગર્જના કરતો, પૃથ્વીને અસ્તાવ્યસ્ત કરતે પુંછવડે સમુદ્ર ઉપર પ્રહાર કરી જળ રેડવાથી ભુમી ઉપર ફરી વળ્યું; તેની સાથે અસુરે સિંગ હલાવતાં આકાશમાં રહેલું મેઘમંડળ ચલિત થઇ સુક્ષ્મ અંશવડે પૃથ્વી ઉપર પડવા લાગ્યું, એમ અનર્થ કરતો અસુરને જોઇને તેણા

નાશ કરવાને તેના ઉપર પાશ ફેંકી બાંધી લીધો, પરંતુ અસુરે મહિષરૂપ છોડી સિંહનું રૂપ ધાર્યું અને દેવી તેનું શિર કાપે છે એટલામાં તો તે અસુરે ખડગ ધારી પુરૂષ થઇને ચંડીકાની સામે દેખાવ આપ્યો. દેવીએ પુરૂષાકૃતી દૈત્યના ખડગને ઢાલના કકડા કર્યા એટલે દૈત્યે હસ્તીરૂપ ધારી લડવા માંડયું. દેવીએ દૈત્યરૂપ હસ્તીની શુંઢ કાપી નાખી ત્યારે દૈત્યે પ્રથમનું મહિષરૂપ લીધું ને ભુમંડળને કંપાવવા લાગ્યો. તે સમયે દેવીએ મદ્યપાન કરીને આરક્ત નેત્ર થયાં અને વારંવાર હાસ્ય કરતાં થકા મહિષાસુરે ફેંકેલા પર્વતોનું ચરણ કરવા લાગ્યા અને અસુરને કેહેવા લાગ્યા કે અહો મુઢ! તું ગર્જના કરે છે, પણ હવે તારૂં મૃત્યુ સમીપ આવ્યું છે એમ જાણ દેવતાઓ તારા અંત સમે પ્રસન્ન થઇ દુંદુભીના નાદ કરશે. આમ કેહેતાની સાથેજ ચંડીકા દેવીએ કુદીને તુરત તે મહિષાસુરને પૃથ્વી ઊપર પટકયો અને એક પગ તેની છાતી ઉપર મુકી તેને દાબી દીધો અને તે દૈત્યના ગળામાં શુળ મારયું એડલે મહિષાસુરનું મસ્તક કપાઇને પ્રથ્વીપર છેટે જઇ પડયું. એ અસુરનુ મસ્તકવિનાનું અરધું શરીર પાડાના શરીરમાંથી નીકળ્યું તે પણ દેવીના પ્રહારથી શિથિળ થઈ પ્રથ્વીપર પડયું. એ રીતે દેવી ભગવતીએ મહિષાસુરનો નાશ કરયો તે જોઇને દૈત્યસેના હાહાકાર કરતી નાસી ગઇ અને સર્વ દેવના આનંદ પામતા હવા. અને પ્રેમવડે દેવીની સ્તુતિ કરવા લાગ્યા. ગંધર્વોને અપસરા ગાયનને નૃત્ય કરવા લાગ્યા.

ઇતિશ્રી માર્કંડેય પુરાંણે સાવર્ણિકે મન્વંતરે દેવી ભગવતી મહાત્મ્યે મહિષાસુર વધોનામ તૃતિયોધ્યાયઃ—

રૂષી કહે છે હે રાજન દેવશત્રુ મહિષાસુરનો એ પ્રમાણે દેવીએ નાશ કર્યો તેથી પ્રસન્ન થઇ ઇંદ્રાદિ દેવો નમ-

સ્કાર કરીને દેવીની સ્તુતિ કરવા લાગ્યા, તે એમ કે હે દેવી આપ તેજોમય શરીરવાળાં પોતાની શક્તિ વડે જગતને વ્યાપી રહ્યાં છો. અમે અને મહર્ષીઓ તમારૂં પુજન કરવા યોગ્ય છઈએ તે અમે સર્વ આપને ભક્તિવડે નમસ્કાર કરીએ છઇએ. હે જગદંબે સર્વ પ્રકારે અમારૂં કલ્યાણ કરો.

આપનો પ્રભાવ અને પરાક્રમ અનુપમ છે, કેમકે શેષસહસ્ત્ર વદનથી તેમજ બ્રહ્માજી ચાર મુખથી તમારો મહિમા વર્ણવી શકતા નથી ત્યારે બીજું કોણ એવી ગતીવાળુ હોય? હે ચંદીકાદેવી જગતપાળણને અર્થે અને અસુરોના નાશને અર્થે સર્વદા તત્પર રહો. પુન્યવાનને ત્યાં લક્ષ્મીરૂપે અને પાપીને ત્યાં અલક્ષ્મીરૂપે શુદ્ધ અંતઃકરણવાળાઓના હ્રદયમાં ચતુરવિધ પુરૂષાર્થના સાધનભુત જ્ઞાનરૂપે સજ્જનોને વિષે શ્રદ્ધારૂપે, કુલિનના મનમાં લજ્જારૂપે આપ નિવાસ કરો છો એવાં તમને અમે નમશ્કાર કરીએ છઇએ.

સમયે સમય અમે હે ભગવતી તમારી શ્તુતિ કરીએ છઇએ તે યથાર્થ ન હોય તોપણ કૃપાવડે આપ તેનો શ્વીકાર કરો છો. હે દેવી તમારૂં રૂપ સર્વોત્કૃષ્ઠ છે ને ચિંતનમાં આવે એવું નથી. તમારૂં પરાક્રમ અસુરોનો ગર્વ ઉતારનારૂં છે. તમારો મહિમાં અતિશય પ્રૌઢ છે તે અમે કહી શકતા નથી.

હે દેવી તમેજ મુળ પ્રકૃતિ છો. આ જગત તમારે વડે સ્થિતિ કરી રહ્યુ છે. યજ્ઞને વિષે દેવોની તૃપ્તી કરનાર સ્વાહારૂપ પણ તમેજ છો અને એટલા માટેજ બ્રાહ્મણો સ્વાહા તથા સ્વધા એવા ઉચ્ચાર કરે છે.

વળી પરબ્રહ્મની સાથે પણ હે દેવી તમે અભિન્ન છો એટલે પરબ્રહ્મ રૂપજ છો. કેમકે મુમુક્ષુ પુરૂષો જે વિધાનો નિરંતર અભ્યાસ કરે છે તે સાક્ષાત ભગવદ્વિષયક સર્વોત્કૃષ્ટ વિધારૂપ પણ તમેજ છો.

ઋગ્, યજુર ને સામ ત્રણે વેદના આશ્રયભુત શબ્દ બ્રહ્મ પણ તમેજ છો. જન્મ મર્ણરૂપ સંસારને વિષે પ્રવૃતિ થકી નિવૃતિ થવા વિષે જ્ઞાનપ્રકાશ કરનારાં તમે છો, તેમજ અધ્યાત્મિક, આધિદૈવિક ને અધિભૌતિક એવી ત્રિવિધ પિડા તેનો પરિહાર પણ તમવડેજ થાય છે.

સર્વ શાસ્ત્રને વિષે નિપુણ એવાં સરસ્વતી તમેજ છો. સંસાર સાગરમાંથી તારવાને મુમુક્ષુજનો ને નૌકારૂપ તમે છો. તમે વિષ્નુના હૃદયને વિષે અને શંકરના મસ્તકને વિષે રહેનારા વૈષ્નવી અને રૌદ્રિ છો. હે જગદંબા તમારૂં મુખ હાસ્યયુકત પુર્ણ ચંદ્ર બિંબ કરતાં પણ સુંદર છે અને પ્રાણી માત્રને મોહ કરનારૂં છે. મહિષાસુરને જોતાંજ આપનું વદન ઉદયકાળના ચંદ્રબિંબ સમાન ક્રોધ વડે આરકત ને અતિ ભયંકર દેખાય એવું થયું તેને અવલોકન કરતાંની સાથે મહિષના પ્રાણ શરીરનો ત્યાગ કરી ગયા.

આવા મહાન શૌર્યને ધારનાર હે દેવી તમે અમારા ઉપર પ્રસન્ન રહો. તમારો સ્વભાવ અનુગ્રહયુકત છે, માટે અમારા હિતને અર્થે કોપાવિષ્ટ થઇને અમારા શત્રુ અસુરોનો નાશ કરો છો. કેવળ અમારા ઉપર કૃપા કરો છો એમ નથી. પૃથ્વી ઉપર પણ જે નરાધિપણે કૃપા કરો છો તેના દેશમાં સજ્જનો થાય છે ને તે સંમત્તીથી વર્તન કરે છે, તેને વિપુલ ધન પ્રાપ્ત થાય છે, યશ વૃદ્ધિને પામે છે અને ચારે પુરૂષાર્થ પણ તે પામીને કૃતકૃત થાય છે.

હે દેવી પુર્વ જન્માર્જિત ધર્મ વડે પુન્યવાન મનુષ્ય આપની કૃપાથી આ જન્મમાં પણ આદરસહિત ધર્મયુકત સત્કર્મ કરે છે અને તેને યોગે સ્વર્ગમાં જાય છે અને છેવટે તે મનુષ્ય આપની કૃપાથી મુકિતને પણ પામે છે.

હે દુરગા, સંકટકાળમાં આપનુ સ્મરણ સર્વભયનું

નિવારણ કરે છે, સ્વસ્થચિત્તવડે આપનું સ્મરણ કરનાર શુભમતીવાળા થાય છે. દારિદ્રિ દુઃખ પણ તે મનુષ્યના નાશ કરો છો ને એવાં આપ સુખદાતા છો માટેજ સર્વજનો આપનુ પુજન કરે છે.

હે દેવી તમારૂં મનોગત જગતના સુખને અર્થે દૈત્યોનો વધ કરવાનું અસુરોને પાપને લીધે નર્ક પ્રાપ્તી કરાવાનું અને તે અસુરોનો નાશ કરી તેમને સ્વર્ગસુખ આપવાનું હોય છે એવા જગતના કલ્યાણ કરનારા આપ છો.

અસુરોને દ્રષ્ટિ માત્રથીજ આપ ભસ્મ કરો એવાં છો તથાપિ તે અસુરોનો સસ્ત્રપ્રહારથી નાશ થાય તો તેઓને સ્વર્ગ મળે એ ઉત્તમ હેતુથી તેઓપર શસ્ત્રપ્રહાર કરનારા તમે ભકતજનો ઉપર અનુગ્રહ કરો તેમાં તો આશ્ચર્યજ શું !

અમૃતકિરણ યુકત ચદ્રમંડળ જેવું તમારૂં મુખકમળ દેવો નિરંતર અવલોકન કરે છે તથાપિ તમારા ખડગની પ્રભા અને શુળની કાંતિ દિશાઓને પુર્ણ કરતી હુવી તે પણ દેવોની દ્રષ્ટિને બાધ કરતી નહુવી એજ આપનો અનુગ્રહ છે.

દુષ્ટોનો નાશ કરવો આપને સુલભ છે, આપનું રૂપ અનુપમ છે તેથી ચિંતન થઇ શકે નહીં. પરાક્રમ અને સૌંદર્યવડે દેવો ઉપર નિરંતર દયા કરો છો અને વાસ્તવિક વિચાર કરીએ તો દૈત્યોનો નાશ કરો છો તેપણ તેમના ઉપર ઉપકારજ છે, કેમકે તેઓ સ્વર્ગારોહણ કરી સુખી થાય છે.

હે વરદ દેવી તમારૂં પરાક્રમ સરખાવી શકાય એવું નથી. દૈત્યોને ભયંકર અને દેવોને અભય આપનાર એવું તમારૂં સ્વરૂપ અનુપમ છે. આપ સર્વ પ્રાણીઓ સપર દયા કરો છો, દૈત્યોનો નાશ કરો છો તેથી દયા નથી એમ નહીં એતો માત્ર લીલા દર્શાવો છો. અસુરના સંહારવડે સંપુર્ણ

જગતનું રક્ષાણ કરો છો અને અમને નિર્ભય કર્યા એ આ-પનો અમારા ઉપર મહાન ઉપકાર છે. અમે તેનો બદલો વાળવાને અશક્ય છઇએ તે માત્ર નમસ્કાર કરીએ છઇએ તેજ આપ કૃપાળુએ સ્વીકારવા.

હે દેવી શુલવડે તેમજ ખડગવડે અમારૂં રક્ષાણ કરી અભય આપો. ઘંટાને ધનુષ્યના નાદ વડે અમને સર્વદા આનંદ આપો.

હે ચંદ્રિકા પુર્વ, પશ્ચિમ ને દક્ષિણ ઉત્તરે શુળ ફેરવી અમારૂં રક્ષાણ કરો આ ત્રૈલોકમાં ઉત્પત્તિ ને સ્થિતિરૂપ વ્યાપાર કરતાં થકા સૌમ્યરૂપે પૃથ્વીનું ને અમારૂં રક્ષાણ કરો. તમે સંહારરૂપ વ્યાપાર કરનારાં ઘોરરૂપવાળાં છો.

હે અંબિકા ખડગ, શુળ ને ગદા આદી લઇ શસ્ત્રો આપના વૃક્ષ પલ્લવ તુલ્ય હસ્તોમાં છે તે વડે અમારૂં સર્વત્ર રક્ષાણ કરો.

રુષી કહે છે એ રીતે દેવોએ ઉત્કૃષ્ટ સ્તોત્રવડે દેવીની સ્તુતિ કરીને નંદન વનમાંના દિવ્ય પુષ્પોને સુગંધી ચંદનના અનુલેપન વડે એ જગત માતાની પુજા કરી પ્રેમ લક્ષાણા ભકતીવડે દેવોએ ધુપવડે સુગંધમય તે પ્રદેશ કર્યા તે પુજનને સ્તુતિથી દેવી જગદંબા પ્રસન્ન થઇ દેવો પ્રત્યે

કેહેવા લાગ્યા કે હે દેવો તમને ઇચ્છિત વર તમે મારી પાસે માગો. તે ઉપરથી દેવોએ કહ્યુ કે હે ભગવતી, તમે અમારા મનોર્થ માત્ર પુર્ણ કર્યા છે. હવે કંઇ કરવાનું અવ-સેષ રહ્યું નથી. મહિષાસુરનો વધરૂપી કાર્ય તેનો સંહાર કરી તમે પુર્ણ કર્યું. હે મહેશ્વરી વર આપવાની કૃપા કરી છે તો જે જે સમય અમે તમારૂં સ્મર્ણ કરીએ તે તે સમયે અમારા સંકટનો પરિહાર કરો-અને હે કૃપાળી દેવી જે મનુષ્ય આ તમારા સ્તોત્ર વડે શતવન કરે તેના જ્ઞાન, ઐશ્ચર્ય ને ધનની વૃદ્ધિ કરી તેમને સ્ત્રીપુત્રાદિ અનુકુળ

આપો અને અમારા ઉપર પ્રસન્ન થયાં તેવાં તેમના ઉપર પ્રસન્ન થજો.

રુષી કહે છે હે રાજન એ પ્રકારે દેવોએ પોતાના ને જગતનાં કાર્યાર્થે દેવીને પ્રસન્ન કરી વરદાન વિષે પ્રાર્થના કરી તે પછી એ ભદ્રકાળી તથાસ્તુ કહીને અંતર્ધાન હોતાં હવાં. ત્રૈલોકયનાં હિતને માટે પુર્વે સર્વ દેવોના શરીર થકી એ દેવી ઉત્પન્ન થયાં તે મેં તને કહ્યું. વળી એ દેવીએ ગૌરી દેવીના શરીરથી ઉત્પન્ન થઇને શુંભનિશુંભ નામના દૈત્યો અને તેમના અનુસંગી અન્ય દુષ્ટ અસુરોનો વધ કર્યો અને એવા પરાક્રમ વડે એ ભગવતીએ સર્વ લોકનું રક્ષણ કરી દેવોપર ઉપકાર કર્યો તે ચરીત્ર યથાબુદ્ધિ કહું તે હે રાજન તું શ્રવણ કર.

ઇતિશ્રી માર્કંડેય પુરાણે સાવર્ણિકે મન્વંતરે દેવી મહાત્મ્યે શક્રાદિસ્તુતિર્નામ ચતુર્થો અધ્યાયઃ ॥ ૪ ॥

રુષી કહે છેઃ—ગયા અધ્યાયમાં કહ્યા પ્રમાણે પુર્વે કશ્યપથકી ઉત્પન્ન થયેલા દનુને ઠેકાણે નમુચિ નામના દાનવના મોટાભાઈ શુંભ તથા નિશુંભ પ્રગટયા. એ દૈત્યો અતિગાર્વિષ્ટ તેમજ બળવાન હતા તેમણે ઇંદ્રના ત્રૈલોકય સાથે યજ્ઞભાગનું હર્ણ કરયું. સુર્યપદ લઇને પ્રકાશ ને અધિકાર દૈત્યોજ ચલાવા લાગ્યા. ચંદ્ર, કુબેર યમ ને વરૂણને આદિ લઇ દેવોના અધિકારી પણ તે દૈત્યોજ થયા. એ પ્રમાણે દેવ માત્ર અધિકારથી ને સ્થાનથી ભ્રષ્ટ પરાજીત થઇ ગયા. માટે દેવોને સર્વત્ર અજીત એવાં દેવીની સ્મૃતિ થઇ કે દેવી એ આપણને પુર્વે વર આપ્યો છે કે વિપત્તિના સમયમાં તમારે દેવીનું સ્મર્ણ કરવું કે દેવી તત્કાળ સર્વ કષ્ટનો નાશ કરશે. માટે આ વખતે આપણે તેમનેજ શરણે જવું એવો નિશ્ચય કરીને સઘળા દેવો ગિરીશ્રેષ્ટ હિમાલય ઉપર ગયા. એ પર્વત દેવીનું ઉત્પત્તિસ્થાન છે ત્યાં જઇને દેવો વિષ્ણુ

ભગવાનની માયારૂપ દેવીની સ્તુતિ કરવા લાગ્યા, જેની કાંતિથી દિશાઓ પૂર્ણ છે એવાં અને જગતની ઉત્પત્તિ ને સ્થિતિ જેની સહાયતાવડે એવાં મુળ પ્રકૃતિ, પાર્વતી આદ્ય શકિતને અમારા નમસ્કાર હજો. પ્રલય સમય રૌદ્ર શકિત સર્વકાળ એક રૂપે સ્થિત નિત્યાખ્ય શકિત, જગતને ધારણ કરનારા ગૌરી અને સર્વાધાર ધાત્રી તમને અમારા વારંવાર નમસ્કાર હજો ચંદ્ર કાંતિરૂપીણી તેમજ ભકતજનોને સુખરૂપીણી દેવીને અમારા નિરંતર નમસ્કાર હજો. શરણે આપનારા નમ્ર સેવકના કલ્યાણને અને ઐશ્વર્યને વૃદ્ધિ કરનારાં, સર્વ કાર્યની સિદ્ધી કરનારા અને કુર્મ રૂપીણી દેવીને અમારા પ્રથક પ્રથક નમસ્કાર હજો ઉત્કર્ષિત કારક દેવરૂપીણી શિવશકિત રૂપે સર્વ પૃથ્વીપતિ રાજાઓની રાજ્ય લક્ષ્મીદેવીને અમારા વારંવાર નમસ્કાર હજો.

જેના રૂપનો અંત અશક્ય છે, જેનું બળ અતુલિત અને જે સંસાર સાગરથી પાર કરે છે અને ભકતોના મનવાંછિત પૂર્ણ કરે છે. વળી પ્રકૃતિ પુરૂષનાં ભેદ જ્ઞાનરૂપ જે ખ્યાતી દેવી કૃષ્ણ શકિત અને ધુમ્ર વાર્ણશકિત છે તેને અમારા પ્રથક પ્રથક નમશ્કાર હજો. વિધારૂપે સંસાર દુઃખ સમન કરનારાં છતાં અતિસૈમ્ય, અવિધારૂપ, અતિભયંકર, દેવશકિત, ક્રિઆશકિત, વિષ્ણુની માયારૂપ અને બ્રહ્મ વિધારૂપ દેવીને કાઈક વાચિક ને માનસીક નમશ્કાર હજો અને આગળ અમે જે જે આપના નામને સ્વરૂપનું સ્મર્ણ કરી નમસ્કાર કરીએ છઈએ તે ઉપર પ્રમાણે ત્રિવિધ નમશ્કાર છે. ભુત માત્રમાં નિર્વિકાર ચૈતન્યરૂપે; નિશ્ચયાત્મક બુદ્ધિરૂપે, નિંદ્રારૂપે, ક્ષુધરૂપે, સંસાર તાપ નિવાર્ણાર્થે, છાયારૂપે, સામર્થરૂપે, ઈચ્છારૂપે, ક્ષમારૂપે, ગોત્રાદિ જાતી રૂપે, ધર્મ સ્વિકાર વિષે લજ્જા રૂપે, ઇંદ્રિયનિગ્રહરૂપે, શાંતી રૂપે, સત્પુરૂષ વચનમાં આસ્તારૂપે, કાંતી રૂપે, સંપત્તિ રૂપે, ઉપજીવન

વૃત્તિ રૂપે, અને સ્મૃતિ રૂપધારી વસી રહયા છે તે દેવીને અમારા નમસ્કાર હજો.

પ્રાણી માત્રને વિષે દયારૂપે, તુષ્ટિરૂપે, માતૃરૂપે, ભ્રાંતિરૂપે, જ્ઞાનેંદ્રિં ને કર્મેંદ્રિઓના અધિષ્ટાતા રૂપે, અંતર્બાહ્ય નિરંતર વ્યાપ્ત, ચિત્ત શકિત, જેની પ્રથમ બ્રહ્માદિ દેવે સ્તુતિ કરેલી અને જેણે મહિષાસુરનો વધ કરેલો, જે દેવીની ઇંદ્રે પ્રાર્થના કરી અભિષ્ટ પ્રાપ્તી કરેલી એવા સકળ કલ્યાણ દાયક ઇશ્વરી અમારો વિપત્તિનો નાશ કરી કલ્યાણ કરો.

આ સમયે અમે સર્વ દેવો, ઉન્મત્ત દૈત્યોથી પીડા પામ્યા છઇએ. માટે અમે તમને વંદન ને નમસ્કાર પુર્વક વિનંતી કરી તેના સ્વિકાર કરી અમને સુખશાંતી આપો.

ઋષી કહે છે હે! રાજપુત્ર એ રીતે દેવોએ જે સમય દેવીનું સ્તવન કર્યું તે સમય કૈલાસ પર્વતપર જાન્હવીના જળમાં સ્નાન કરવા સારૂં પાર્વતી દેવી આવ્યા હતાં તે દેવોને પ્રાપ્ત થયાં—એટલે તે દેવીએ દર્શન આપ્યું, અને પ્રસન્નદ્રષ્ટી વડે દેવો પ્રતિ બોલ્યાં કે તમે કોની સ્તુતિ કરો છો? હું તમારો પાસે છું તે ન જાણીને તમે કોની સ્તુતિ કરો છો? દેવો તો એવું જોઇ સ્તબ્ધ થઇ ગયા એટલે પાર્વતીના શરીરમાંથો અંબિકા* દેવી સત્વગુણ પ્રધાન ભુત અંશે પ્રગટ થયા ને જેમની શિવાસંજ્ઞા છે તે પાર્વતી પ્રત્યે કેવા લાગ્યાઃ—હે પાર્વતી પ્રથમ નિશુંભ દૈત્યે રણભુમિમાં દેવોનો પરાજય કરેલો અને શુંભે દેવોને સ્વર્ગથી ભ્રષ્ટ કરેલા તે સર્વ દેવોએ મારૂં સ્તોત્ર કર્યું છે તમારૂં નહી.

---

* પાર્વતીના પુછવાનો હેતુ એ છે કે હું પ્રાપ્ત થઇ છતાં મારા પ્રતિ ન બોલતાં બીજાની સ્તુતિ કરતા હો તો કહો કે મારા વિના બીજું કોણ છે? આ પ્રશ્નનો અભિપ્રાય દેવોના સમજવામાં ન આવવાથી પાર્વતીના શરીરમાંથી પ્રગટ થએલી અંબિકા દેવી પાર્વતીને ઉત્તર આપવા લાગ્યા.

ઋષી કહે છે એવું ભાષણ કરનારાં અંબિકા જે કારણ સારૂ પાર્વતીના શરીરકોશથકી આવિર્ભૂત થયાં તે કારણથી લોકને વિષે તેમને કૌશિકી કહે છે. એવા ગૌરવર્ણ યુકત સત્વગુણ પ્રધાન દેવી પાર્વતીના શરીરથકી બહાર નીકળ્યા તેને લીધે પાર્વતી તમો ગુણપ્રધાન શિવશક્તિ હોવાથી કૃષ્ન વર્ણ થયાં, માટે કાલિકા નામે પ્રખ્યાત થયા અને હિમાચળનો આશ્રય કરીને રહયાં, ને ત્યારથી મહાદેવને કાલિકાપતિ એવું નામ પ્રાપ્ત થયું.

અંબિકા દેવીએ પરમ મનોહર સ્વરૂપ ધારણ કર્યું તે સમય શુંભનિશુંભના ચંડમુંડ નામના સેવકોએ એ અંબિકાનું અપ્રતિમ રૂપ જોઇને શુંભને વિદીત કર્યુ કે હે મહારાજ હિમાલય પર્વતપર કોઇ અતિશય મનોહર સ્ત્રી છે ને તે પોતાની કાંતિથી હિમાલયને પણ શોભાવે છે. હે અસુરેશ્વર તમે મનુષ્યરૂપે ત્યાં જઇ તે દેવી કોણ છે તેનો શોધ કરી તે અંગીકાર કરો. હજી સુધી તે સ્ત્રી પોતાની કાંતિથી દશેદિશાને પ્રકાશીત કરતી થકી ત્યાંજ છે ને તેનું દરશન કરવુ તમને યોગ્ય છે ને સ્વિકાર કરવો જોઇએ. એ રત્નતુલ્ય સ્ત્રી તમને કેમ સાધ્ય થશે એવી શંકા તમારે કરવી નહીં. કારણ હે પ્રભુ (અન્નદાતા) ત્રૈલોકયમાં જે સ્વજાતિ શ્રેષ્ટતાના ગજાશ્વાદિ રત્નો તથા મણિ છે તે તમારાં ઘરમાંજ હાલ શોભે છે. તમે પુરંદર ઇંદ્રનો પરાજય કરીને હસ્તી રત્ન, ઐરાવત, વૃક્ષ રત્ન પારિજાતક અને અશ્વરત્ન ઉચ્ચૈશ્રવા એમનુ હરણ કરી લાવ્યા. તમને વરદાન આપનારા બ્રહ્મદેવનું રત્નજડિત હંસયુકત વિમાન તમારા આંગણાને શોભાવે છે, કુબેરનું મહાપદ્મ દ્રવ્ય તમારા ભંડારમાં છે, કિંજલ્કિની સ્વચ્છ કમળોની માળા પણ તમને સમુદ્રે આપી છે, વરૂણનુ છત્ર જે સુવર્ણની વૃષ્ટી કરે તે તમારી પાસે છે, દક્ષ પ્રજાપતિ પાસે જે ઉત્તમ રથ હતો તે

પણ તમારી પાસે છે. વળી હે! અસુરેશ મૃત્યુની શક્તિ પણ તમારી પાસે છે અને વરૂણનો પાશ પણ તમારા બંધુના કબજામાં છે. સમુદ્રમાંથી નીકળેલાં રત્નો પણ તમારા ભાઇ નિશુંભ પાસે છે. અગ્નિએ તમને બે વસ્ત્રો આપ્યાં છે તે કેવાં છે કે અગ્નિ સ્પર્શથી દગ્ધ ન થાય એવા છે. આ રીતે સમસ્ત રત્નો તમે લાવ્યા ત્યારે સ્ત્રી રત્ન શામાટે મેળવતા નથી.

ઋષી કહે છે ચંડમુંડના આવા વચન સાંભળીને શુંભે પોતાનો સુગ્રીવ નામે મોટા અસુરને દેવીની પાસે મોકલ્યો અને કહ્યું કે તારે દેવીની પાસે જઇને હું કહું તેવાં મધુર વચનો તેને કહેવાં એટલે તે પ્રસન્ન થઈ મારી પાસે આવે એમ કર.

સુગ્રીવ જઈ દેવીને કહે છેઃ—હે દેવી દૈત્યના ઈશ્વર શુંભની પાસેથી હું આવ્યો છું. શુંભ ત્રણે લોકનો પરમેશ્વર છે ને તેણે મને શામાટે મોકલ્યો છે તો હું કહું છું કે શુંભને સ્વાધીન ત્રૈલોક્ય છે. દેવો તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. યજ્ઞભાગનું પણ શુંભજ ગ્રહણ કરે છે. શ્રેષ્ટ રત્નો પણ શુંભની પાસે છે. વળી દેવગાંધર્વ ને નાગોની પાસે જે રત્નો હતા તે સર્વ શુંભના કબજામાં છે. માત્ર તમારાં સરખું સ્ત્રીરત્ન શુંભની પાસે નથી માટે તમે તે દૈત્યેંદ્રને પ્રાપ્ત થાઓ.

હે દેવી તમે કેવાં છો! તો જેના નેત્ર કટાક્ષ ચંચળ છે ને જે શુંભને પ્રસન્ન કરનારા છે માટે તેને વરો. કદાપિ તેને નહીં તો તે શુંભનો કનિષ્ઠ બંધુ નિશુંભ નામે છે તેને વરો એમ બે ભાઇઓમાંથી એકને વરશો એટલે એમના આશ્રયથી તમને અનુપમ ઐશ્વર્ય મળશે. આ વિચાર મનમાં લાવી તમે શુંભની પત્ની થાઓ.

ઋષી કહે છે સુગ્રીવ અસુરે દેવીને શુંભનો સંદેશો એ રીતે વિદિત કર્યો તે સમયે સકલ સજ્જનોનું કલ્યાણ કરનારાં ભગવતિ દુર્ગા અંતરને વિશે કિંચિત હાસ્ય કરીને એ દૈત્યની હેલનાં એટલે મશ્કરી કર્યા જેવી ગંભિર વાણીથી દુત મત્યે કહેતાં હવાઃ—

હે દુત, શુંભ ત્રૈલોક્ય તો અધીપતિ છે અને તેનો ભાઈ નિશુંભ મહાપરાક્રમી છે એવું તારૂં કેહેવું વાસ્તવિક છે. તથાપિ કોઇ પણ પુરૂષ સાથે વરવા વિષે મેં બાલ્યાવસ્થામાં અલ્પબુદ્ધિથી પ્રતિજ્ઞા કરી છે કે મારી જોડે સંગ્રામમાં મને જે જીતે અને મારા સુસ્વરૂપગર્વનો પરિહાર કરે એવો મારા સમાન જે બળવાન હોય તેજ મારો ભર્તાર થાય. માટે શુંભ કિંવા નિશુંભ ગમે તે અહીં આવીને મને જીતી લઇ પાણી ગ્રહણ કરે, કારણ કે લગ્ન થયા પેહેલાં મારે ત્યાં જવું ઘટે નહીં.

દુત કહે છે હે દેવી પરાક્રમનો ગર્વ વ્યર્થ જણો ત્રણે લોકમાં એવો કયો પુરૂષ છે કે જે શુંભ ને નિશુંભની સામો ઉભો રહે? કદાપિ તમે ધારતાં હશો કે અન્ય સામાન્ય પુરૂષો કરતાં તમે બળવાન હશો તેથી શુંભનિશુંભ પરાજ્ય થશે, પણ એમ નથી. શુંભનિશુંભની પાસે તેના શેવકો એવા છે કે જેનાથી દેવતાઓ કંપે છે તો શુંભ ને નિશુંભ સામે યુદ્ધ કરવું ઘણું કઠણ છે. વળી તમે સ્ત્રીજાતી અને એકલાં છો ને એ દૈત્યોના રાજા સાથે યુદ્ધની ઇચ્છા રાખો છો એ આશ્ચર્ય છે. ઇંદ્રાદિ સર્વ દેવો શુંભનિશુંભની આગળ યુદ્ધમાં ટકી શકતા નથી તો તમે સ્ત્રીજાતી યુદ્ધ શું કરશો? એટલા સારૂ મેં કહ્યું તેવી રીતે તમે શુંભ ને નિશુંભની પાસે જાઓ એજ ઉત્તમ છે. નહીં તો તેઓ તમને ચોટલો ઝાલીને પ્રતિષ્ટાહીન કરી લઇ જાય ને જવું

એ સારૂં નથી.

દેવીએ કહ્યું તું કહે છે તેમ કદાપિ એ શુંભ ને નિશુંભ બળવાન હશે તે છતાં મેં જે બાલ્યાવસ્થામાં પ્રતિજ્ઞા કરેલી છે તેનું કેમ કરવું. માટે તારે તો એ અસુરેંદ્રને જઇને મારા વચનો આદરથી કહી સંભળાવવા પછી તેને જેમ કરવું હશે તેમ કરશે.

ઇતિશ્રી માર્કંડેય પુરાણે સાવરણિકે મન્વંતરે દેવી મહાત્મ્યે દેવી દુત સંવાદ સાર્થ પંચમો ધ્યાયઃ ॥૫॥

ઋષી કહે છે હે રાજન, પ્રથમ કહ્યા પ્રમાણે દેવીના વચન સાંભળીને એ દુત કોપ જણાવતો ત્યાં ગયો અને દૈત્ય રાજાને સકલ વૃત્તાંત કહી સંભળાવ્યું. ગર્વ ને મદ એ બેઉએ કર્યો છે અંધ જેને એવો તે અસુરનો રાજા ક્રોધ યુક્ત થઇને પોતાના સેનાપતિ ધુમ્રલોચનને કહે છેઃ—તું તારૂં સૈન્ય લઇને તે દેવી જે એવું નઠારૂં ભાષણ કરે છે તેને ચોટલો ઝાલીને બળાત્કારે મારી પાસે લઇ આવ. તેણીની સહાય કરવા દેવ, ગંધર્વ કે યક્ષ કોઇ આવે તો તેનો પણ નાશ કરી તે દેવીને સત્વર અહીં લાવ.

આજ્ઞાનુસાર ધુમ્રલોચન સાઠહજાર અસુરસૈન્ય લઈ દેવીની સમીપ આવ્યો અને હિમાચળ ઉપર સ્થિત એવાં દેવીને કહેવા લાગ્યો કે તમે શુંભનિશુંભની પાસે જવાને હમણાંજ ચાલો. જો તમે સંતોષથી અમારા રાજા પાસે નહીં આવશો તો બળાત્કારથી તમને અત્યંત વ્યાકુળ કરી હું આજ લઈ જઈશ.

દેવીએ કહ્યું અહો, સેનાપતિ દૈતેશ્વરનો મોકલેલો તું બળવાન છે અને વળી સૈન્ય સહવર્ત્તમાન આવ્યો છે ને જેમ તું કહે છે તેમ તું કરીશ તો પછી મારો શો ઉપાય?

આવું નમ્ર વચન સાંભળતાંજ ધુમ્રલોચન દેવીની ત-

રૂ ધાયો અને દેવીએ માત્ર હુંકારે કરતાંજ તે દૈત્યને ભસ્મ કરી નાખ્યો.

સેનાપતિ નાશ પામ્યો એટલે તેનું સૈન્ય યુદ્ધ કરવા આવ્યું તેના ઉપર દેવીએ બાણ, શકિત વગેરે આયુધ્યોના વરસાદ વરસાવવા માંડયો. દેવીનું વાહન સીંહ પણ ક્રોધ કરીને ગર્જના કરતો કરતો કેશવાળી ઉંચી કરીને અસુરના દળમાં કુદી પડયો; અને ઘણાક દૈત્યને પદપ્રહાર તથા મુખવડે ઘાયલ કરવા લાગ્યો, ઘણાએક દૈત્યના પેટ સીંહે પોતાના નખવડે ફાડી નાખ્યાં ને કેટલાએકના મસ્તક પંઝાના સપાટા મારી ધડથી જુદાં કરી નાખ્યા. ઘણાએક દૈત્યના હાથ માથા ને શરીર છિન્નભિન્ન કરતો એ સીંહ દૈત્યનું રૂધીર પ્રાશન કરતો હવો.

એ રીતે એ મહાત્માદેવીના વાહન સિંહે અત્યંત ક્રોધવડે થોડા કાળમાં અસુરના દળનો ક્ષય કર્યો ધુમ્રલોચન સેનાપતિ દેવીના હાથે મર્ણ પામ્યો ને સૈન્યનો સાંફ સંહાર કર્યો તે વર્તમાન જાણતાંજ દૈત્યાધિપતિ શુભ ક્રોધે કરી નીચલો હોઠ કંપાવતો થકો પોતાના ચંડ ને મુંડ સેવકોને આજ્ઞા કરતો હો.—કે, હે સેવકો એ દેવીને તમે ચોટલે ઝાલીને અહીં લાવો અગર તેમ નહીંતો જાળમાં બાંધીને લાવોં અને તેમ નહીં બને તો સર્વ અસુરોએ સસ્ત્રોવડે તેણીનો સંહાર કરવો એ દુષ્ટ સ્ત્રીનો તેમજ તેના વાહન સીંહનો વધ કરીને તમે સત્વર અહીં આવો. વધ કરવાનું તો જ્યારે કોઈ પણ ઉપાયે તેણીને તમે સાધ્ય કરી ન શકો ત્યારેજ સમજવું, બાકી જ્યાંસુધી એ દેવીને બંધન કરી લઇ અવાય ત્યાંસુધી બહુ સારૂં.

ઇતિશ્રી માર્કંડેય પુરાણે સાવર્ણિકે મન્વંતરે ધુમ્રલોચન વધોનામ ષષ્ઠો અધ્યાયઃ ॥૬॥

રુષી કહે છે—શુંભની આજ્ઞા થતાંજ ચંડ ને મુંડ એ દૈત્યો ચતુરંગ (હાથી, ઘોડા, રથ ને પ્યાદા) સૈન્ય સહ-વર્તમાન હસ્તને વિષે આયુધો ગ્રહણ કરી તે દેવીની સનમુ-ખ પ્રાપ્ત થયા. તેમણે પર્વતેંદ્ર હિમાચળનાં સુવર્ણ જેવા મોટા શિખર ઉપર સિંહારૂઢ થઇને કિંચિત આનંદવદને સ્થિત દેવીને જોયાં અને તરતજ દેવીને પકડવાનો ઉદ્યોગ ઉત્સાહ સાથે કરીને કાનસુધિ ધનુષ્ય ખેંચીને વળી અન્ય અસુરો ખડગ લઇને દોડતા આવવા લાગ્યા. તે સમય અં-બિકા દેવીએ સમીપ આવેલા શત્રુઓનો નાશ કરવાને ક્રોધ ધારણ કર્યો તેથી તેમનું વદન કૃષ્ણવર્ણ થયું. કારણ દૈત્ય નો વધ તામસોરૂપે કરવો ઘટે. આ સ્વરૂપ કુટિલાકાર ભ્રકુટી અને વક્ર થયનાં લલાટને લીધે ભયંકર દેખાય એવું કા-લિકાનું જાણવુ જેમણે ખડગ ને પાશ ધારેલાં હતાં. વળી ખટવાંગ નામનું વિચિત્ર આયુધ હાથમાં, કંઠમાં મુંડમા-ળાનું ભુષણ, વ્યાઘ્રચર્મ પહેરેલું અને અતિશય ભયંકર આ-કૃતિવાળું એ સ્વરૂપ દેખાવા લાગ્યુ. મુખ અતિશય વિશાળ જીવ્હા વારંવાર ચલાયમાન ત્રણે નેત્ર લાલ એવાં એ દેવી એ ગર્જના કરીને દશેદિશાઓ પૂર્ણ કરી અને અત્યંત ચ-પળતા વડે અસુરોના દળમાં પ્રવેશ કરી તેમનો નાશ કરવા અર્થે સૈન્યમાત્રનું ભક્ષણ કરવા લાગ્યાં.

હાથીઓના સમુદાયમાં જઇને તેના રક્ષકો અંકુશ સહિત માવતો અને મુખ્ય સ્વારો વીરોને આદિ લઈ સાહી-ત્ય સહવર્તમાન હસ્તીઓને એકપછી એક એમ દેવીએ પો-તાના હાથમાં પકડીને પોતાના મુખમાં મુકીને ભક્ષવા માંડ-યા !!! એજ રીતે બેઠેલા યોદ્ધા સારથી અને ઘોડા સહિત-ના એકેક રથનો ગ્રાસ કરીને મુખમાં મુકીને દાંતો વડે કચડી ભુકો કરવા લાગ્યાં અને પ્યાદા વીરોને તેમના સીરના કેશો

પકડીને, કેટલાકને ગર્દન ગ્રહીને પૃથ્વીપર પછાડી માર્યા અને કેટલાકને છુંદીને પ્રાણ રહીત કરી સર્વ દૈત્ય સૈન્યનો સંહાર કર્યો.

એ દૈત્ય સૈન્યાએ દેવી ઉપર શસ્ત્રાસ્ત્ર ફેંકેલા તેપણ દેવીએ પોતાના મુખમાં ઝીલી લઈને દાંત વડે ચર્ણ કરી નાખેલાં અને પૃથ્વીપર પડેલા દૈત્યો. તથા તેમના આયુધો તે સર્વને દેવીએ પદપ્રહાર કરી કચરી નાંખ્યા. એ પ્રકારે મહાકાળીએ મોટા મોટા બલાઢય અસુરોના સૈન્યનો નાશ કર્યો તેમાં કેટલાકનું મર્દન, કેટલાકનું ભક્ષણ અને બાકી-નાઓને તાડન કરી નીરમુળ કર્યું. અલ્પકાળમાં દેવીએ સૈ-ન્યાનો નાશ કર્યો તે જોઈને ચંડ તથા મુંડ બેઉઓ મહાકા-ળી ઉપર અતિશય વેગથી ધસ્યા. મહાનપરાક્રમી ચંડે જબરો બાણવૃષ્ટી કરી તથા મુંડે પણ સહસ્ત્રાવધી ચક્રો નાં-ખી મહાકાળીને વીંટી લીધા, ત્યારે મહાકાળીએ તે ચક્રોને પોતાના મુખમાં લેવા માંડયા તે જેમ વાદળાંને વિષે સૂર્ય-બિંબ પ્રવેશ કરે તેમ શોભવા લાગ્યા. દેવીએ ચંડમુંડના બાણ તથા ચક્રોને મુખમાં લઈ ચુર્ણ કરી નાંખ્યા અને તર-તજ ક્રોધ કરીને મહાભયંકર શબ્દ કર્યો તે સમય દેવીના મુખ તરફ જોવું પણ ઘણું ભયપ્રદ થઇ ગયું, એવા આવે-શમાં દેવીએ પોતાના હાથમાંના ખડગ વડે ચંડ ઉપર દોડી જઈ તેનું મસ્તક છેદી નાખ્યું અને મુંડ જેવો દેવી તરફ ધાઇ આવતો હતો તેવોજ તેનો પણ ખડગ મારી પ્રાણ હર્ણ કર્યો. યથાવિધ ચંડ તથા મુંડને મહાકાળીએ રણભુમિને વીષે પ્રાણરહિત કીધા તે જોઇને યુદ્ધમાં અવશેષ રહેલા અ-સુરો અતિ ભયપામી દિશાઓમાં નાશી ગયા.

એટલું કર્યા પછી મહાકાળી તે ચંડ તથા મુંડના મસ્તક કિંચિત ધડને વળગેલા તે ધડ પોતાના હસ્તમાં ગ્રહીને કૌશિકી ચંડિકા પાસે આવ્યાં અને હાસ્ય કરી તેમની

જોડે ભાષણ કરવા લાગ્યાં, કે હું આપને નજરાણું કરવા માટે આ ચંડમુંડના શરીરરૂપ પશુ, યુદ્ધરૂપ યજ્ઞમાં હોમવા સારૂં લાવી છું તે તમે લો અને હવે પછી તમે પોતે યુદ્ધરૂપી યજ્ઞમાં શુંભ ને નિશુંભનો સંહાર કરશો.

રુષી કહે છે તે કલ્યાણી કૌશિકી દેવીએ ચંડમુંડના શરીર જોઇ કાળીકાને કહે છે; હે દેવી તમે ચંડમુંડનો નાશ કર્યો માટે આજથી જગતમાં તમે ચામુંડા નામે પ્રખ્યાત થશો.

ઇતિશ્રી માર્કંડેય પુરાણે સાવર્ણિકે મન્વંતરે ચંડમુંડ વધો નામ સાર્થ સપ્તમો ધ્યાયઃ ॥૭॥

રુષી કહે છે એ પ્રકારે દેવીએ ચંડ તથા મુંડને મારી નાંખ્યા ને સૈન્યનો પણ સંહાર કર્યો તે વારતા જાણીને શુંભે અતિશય ક્રોધ કરીને દૈત્યોને આજ્ઞા કરી કે સૈન્ય તૈયાર કરો. ઉદાયુધ નામે છાશી અસુરોએ પોતાની સેના લઇને આજ અહીં આવવું અને કંબુ નામના ચોર્યાશી દૈત્યોએ પણ તેવી રીતે તૈયાર થવું. કોટીવાર્ય નામે અસુરોના પચાસ કુળ તથા ધુમ્રલોચનના કુળનાં ધૌમ્ર નામના અસુરોના સો કુળે પણ મારી આજ્ઞાથી નીકળવું. વળી કાલક દુર્હૃદ કુળમાં ઉત્પન્ન થએલા દોર્હૃદ મૌર્ય અને કાળકેયો પુત્ર કાળકેય સઘળાએ મારી આજ્ઞાથી યુદ્ધની સર્વ સામગ્રી તૈયાર કરી યુદ્ધને માટે નીકળવું. અસુરોનો અધીપતિ શુંભ સહસ્ત્રાવધી દૈત્યોથી એકઠું થયલું મોટું સૈન્ય લઇને યુદ્ધ કરવા સારૂં ચાલ્યો.

ચંડિકા દેવીએ એ દૈત્યના લશ્કરને જોતાંજ પોતાના ધનુષ્યનો ટંકારવ કર્યો તેથી આકાશ ગર્જવા લાગ્યું. હે રાજન દેવીના સિંહે પણ ભયંકર નાદ કર્યો તેની સાથે દેવીએ વળી ઘંટા વગાડી એટલે ઘોર શબ્દ ગાજી રહયો. એ રીતે ધનુષની પણછ, સીંહનાદ અને ઘંટાનાદથી દશેદિશાઓ ગર્જવા લાગી. તે પછી ચંડિકાએ અતિવિસ્તિર્ણ મુખ પસારીને

વિશેષ ગર્જના કરી તેણે કાળીકાની ગર્જનાને પણ ઢાંકી નાંખી. તે સમય અસુરની સેનાએ ચંડિકા, કાળીકા અને તેમના વાહનસિંહ, એ સર્વને ઘેરી લીધા. દેવી તથા દાનવોનો યુદ્ધ પ્રસંગ ચાલ્યો તે સમય એ દુષ્ટ દૈત્યોના નાશને અર્થે અને ધર્માત્મા દેવોના કલ્યાણને અર્થે અતિસામર્થ તથા બળયુક્ત બ્રહ્મદેવ, મહાદેવ, કાર્તિકસ્વામી, વરાહ, નૃસિંહરૂપ, વિષ્ણુ અને દેવેંદ્ર સર્વની સ્વરૂપભુત શકિત પોતપોતાના શરીરથકી નીકળીને તે તે દેવરૂપ શકિતએ ચંડિકાના શરીરમાં પ્રવેશ કર્યો, અને વળી પ્રથક પ્રથક સ્વરૂપ ધારણ કર્યાં. હંસયુકત વિમાનમાં બેસી હસ્તમાં કમળાક્ષસુત્રયુકત જપમાળા ને કમંડળ એવાં બ્રહ્મદેવની આકૃતીવાળાં શકિત ત્યાં આવ્યા તેમને બ્રહ્માણી નામથી કહે છે. વૃષભ ઉપર વાહન કર્યું છે, વાસુકી ને અનંત નાગોના કંકણ પેહેર્યાંછે, હાથમાં શુળ અને મસ્તકે ચદ્રકળા ભુષણ જેમને એવા માહેશ્વરી નામે જાણ. હસ્તને વિષે કુમાર શકિત આયુધ છે, ઉત્તમ મયુરાસન છે એવા કૌમારી શકિત અસુર સાથે યુદ્ધ કરવા સારૂં આવ્યા એટલે અંબિકા દેવી ગુહાકૃતી જેવા જણાવા લાગ્યા. ગરૂડારૂઢ, શંખ, ચક્ર, ગદા ને સારંગધનુષ, બાણ ને ખડગ એવા છ આયુધો છ હાથમાં ગ્રહણ કરીને વૈષ્ણવી શકિત આવ્યા. જેનાં સર્વાંગ યજ્ઞોના મુખ્ય સાધન ભુત, જેમને ઉપમા ન અપાય એવા વારહરૂપ ધારણ કરનારાં હરીની શક્તિપણ ત્યાં પધાર્યાં તેમને વારાહી શક્તિકહે છે નૃસિંહના યથાયોગ્ય લક્ષણ આયુધાદિ સહીત રૂપ ધારી નારસિંહ શકિત કંઠને લગતા કેશોજે નક્ષત્ર સમાન કાંતી વાળા તેને આડા અવળાં ઉછાળતાં થકાં ત્યાં પ્રાપ્ત થયા. હસ્તને વિષે વજ્ર, ધારેલું ઐરાવત હસ્તી ઉપર બેઠેલાં સહસ્ત્ર નેત્ર યુક્ત ઐંદ્રીશક્તિ ત્યાં આવ્યાં. સર્વ દેવોની શક્તિઓ કૌશીકી દેવીનું તેજ અતિશય હોવાથી તેમની પાસે જવા અશક્ત થયાં તેથી

મહાદેવની પાસે ગયા ત્યારે મહાદેવે કૌશીકી દેવીને કહ્યુ કે હે ચંડિકા મારી પ્રીતી સારૂ આ સમગ્ર દેવશકિતઓની સાથે તમે અસુરોનો સંહાર કરો. ચંડિકાની પાસે સર્વ દેવો જવા અશકય હતા, પરંતુ મહાદેવ કેમ ગયા તેનું કારણ પાર્વતીના શરીરથી પ્રથમ એ દેવી ઉત્પન્ન થયા છે માટે મહાદેવજીની પુત્રી સમાન છે તેથી.

એ રીતે એ દેવી પોતે એકરૂપ છતાં અનંતરૂપે થઈ નાદ કરવા લાગ્યા અને બીજાથી ન જીતાય એવાં ધુમ્રવર્ણ જટાવાળા મહાદેવને કેહેવા લાગ્યાં કે હે ભગવાન, તમે દુતત્વ સ્વીકાર કરીને એ શુંભ તથા નિશુંભની પાસે જાઓ અને તેમને કહો કે હે દાનવો તમે ઇંદ્રના ત્રૈલોકય હર્ણ કર્યાં છે તે તેમને પાછા આપો અને દેવોને પોતાનો હવિર્ભાગ મળવો જોઇએ, માટે તમે જો જીવિતની ઈચ્છા રાખતા હો તો તમે સકલ દાનવોએ પાતાળમાં જવું જોઇએ. નહીંતો બળનો ગર્વ ધરી યુદ્ધ કરશો તો મારી પાસેની શિવાશકિત તમારા માંસથી તૃપ્ત થશે. આ રીતે શિવને દુતકાર્યમાં યોજવાને લીધે દેવીને શિવદુતી નામ પ્રાપ્ત થયું. ત્યારપછી શિવે અસુરોને દેવીનો કહેલો નિરોપ સંભળાવ્યો તે સાંભળીને દૈત્યોને નખથી શીખા પર્યંત જવાળા ઉઠી અને તે દાનવોનો અધીપતિ સેનાસહીત તરતજ કાત્યાયની દેવીની સમીપમાં આવ્યો એવો ઉન્મત્ત એ દૈત જેને સ્ત્રી ઉપર પ્રહાર કરવો અઘટિત છે એવો વિચાર ન કરતાં ક્રોધદ્રષ્ટી કરી દેવીની સન્મુખ આવી બાણશક્તિ ને બીજાં આયુધોની વૃષ્ટી કરવા લાગ્યો. આવું જોઇને દેવીએ અસુરોના શસ્ત્રોને પોતાના મુકેલા બાણોવડે છેદી નાંખ્યા, અને ચંડિકાના લલાટથી પ્રગટેલા કાલિકાએ સુલપ્રહાર વડે દૈત્યોને વિદારણ કર્યાં. બ્રહ્માણીદેવી કમંડલમાંથી જળપ્રોક્ષણ કરતાં દૈત્યોના સમુહમાં પ્રવેશ કરીને તેમના તેજ તથા બળનો નાશ

કરવા લાગ્યાં.

માહેશ્વરી, વૈષ્ણવી અને કૌમારી દેવીઓ સર્વ તે સમયે અસુરસેનાનો નાશ કરવા કોપયુક્ત થઇને શસ્ત્રના પ્રહાર કરવા લાગ્યાં ઐંદ્રિએ શતાવર્થી દૈત્યો તથા દાનવોને વજ્ર પ્રહારથી રૂધિર ગળતા કરી ભુમી પર પાડયા; વારાહી શક્તિએ દંત ના પ્રહારવડેજ કેટલાક દૈત્યોનો વિધ્વંશ કર્યો; નારસિંહી શક્તિએ ઘણા અસુરોને નખવડે ચીરીનાંખી ભક્ષ કરીલીધા અને નૃસિંહ નાદ કરી દાનવ સેનામાં ત્રાસ વર્તાવ્યો; અને શિવદુતી શક્તિએ કોપ યુક્ત અટ્ટહાસ્ય શબ્દ થકીજ અ સુરોને મોટી પીડા કીધી અને શક્તિહીન દૈત્યો ભુમિપર પ ડયા તેમનું ભક્ષણ કર્યું બ્રાહ્મી, માહેશ્વરી, વૈષ્ણવી, કૌમારી ઐંદ્રી, વારાહી, નારસીંહી, અને શિવદુતી ચામુંડા એમાતાઓ નો સમુહ અત્યંત ક્રોધ યુક્ત હોતો થકો અસુરોનુ મર્દન કરેછે એવું જોઇને દૈત્યોએ અનેક પ્રકારે યુદ્ધ કરવા માડયું, પરંતુ એ દૈત્યદલ કોઇ પ્રકારે સમર્થ ન થઇને એ માતૃગણ ના પ્રહારથી પીડીત થઇ પલાયન કરતા હવા તેમને જોઈ ને રક્તબીજ નામે દૈત્ય માતૃગણ જોડે યુદ્ધ કરવા સાવધા ન થયો. એ અસુર યુદ્ધમાં ગર્વ રાખતો કારણ એના રક્ત નું બિંદુ ભુમિપર પડે એટલે એના જેવોજ અસુર ત્યાં પ્ર ગટ થાય. રક્ત બીજ યુદ્ધ કરેછે તેને ઐંદ્રી દેવીએ વજ્રમા ર્યું તેથી રક્તબીજના શરીરમાંથી અનેક રક્તના છાંટા પૃથ્વી પર પડયા તેટલાજ અસુરો ઉત્પન્ન થઇ યુદ્ધ કરવા લાગ્યા. ફરીથી ઐંદ્રીએ રક્તબીજના મસ્તકમાં વજ્ર માર્યું તેથી વળી અનેક દૈત્યો ઉત્પન્ન થયા, વૈષ્ણવી દેવીએ ચક્ર માર્યું તેથી વળી અનેક અસુરો પ્રગટયા તે એટલે સુધી કે આખુ જ ગત અસુરોથી ભરાઇ ગયું હોય એમ ભાસવા લાગ્યું, કૌમા રી, વારાહી અને માહેશ્વરી દેવીઓના પ્રહારથી પણ રક્ત

બીજ મર્યોનહી ને ઉલટો ગદાલઈને અષ્ટ માતૃકાઓ ઉપર પ્રહાર કરવા તત્પર થયો. રક્તબીજને જેમ જેમ દેવી શસ્ત્ર પ્રહાર કરે તેમ તેમ તેના શરીરના રૂધિરબીંદુથી અપાર દૈત્યો પ્રગટે એવું જોઇને દેવોને ચિંતા થઇ કે હવે કેમ થશે !!! આવી ભીતીથી ખિન્ન થયલા દેવોને જોઇને ચંડીકાએ કહ્યુ કે ગભરાશો નહી, હમણા એ અસુરનું મૃત્યું થશે. પછી ચંડીકાએ કાળીકા દેવીને કહ્યુ કે તમારૂં મુખ વિકાશી અતિ વિશાળ કરો અને મારા શસ્ત્રથી પતન થતા અસુરોને તેમ જ તેના રક્તને ભુમીપર પડવા ન દેતાં તમે તમારા મુખમાં અંતરિક્ષથી ઝીલી લેતા જાઓ એટલે રક્તબીજના રૂધિરનું એક પણ ટીપું પૃથ્વીપર પડશે નહીં ને અસુરની નવી નવી ઉત્પત્તી થતી તરત અટકી જઇ તે નાશ પામશે. અને હમણા જે અસુરોછે તેને તમે ભક્ષ કરો એટલે અસુરોનો સમૂળ અંત થશે. તે પછી ચંડીકાએ રક્તબીજને શૂલનો પ્રહાર કર્યો અને કાળિકાએ તેના રૂધીરને ભુમિપર પડવા ન દેતાં વિસ્તિર્ણ પોતાના મુખમાં લઇલેવા માડયું, રક્તબીજે ચંડિકા ઉપર ગદા પ્રહાર કર્યો તે દેવી પોતે ચિદાનંદરૂપ હોવાથી તેમને તે પ્રહાર કંઇ પણ દુઃખ કરી શકયો નહીં અને દેવીના શૂળપ્રહારથી અસુરના શરીરમાંથી ઘણું રૂધિર વેહેવા લાગ્યું. અંતે એમ થયું કે રકતબીજના શરીરમાંથી સઘળું લોહી વહી ગયું ને તે ચામુંડાએ પાન કર્યું એટલે નવો અસુર એકપણ પ્રગટયો નહીં ને રકતબીજ મરણ દશાને પ્રાપ્ત થયો તેને ચંડિકા દેવીએ ખડગાદિ આયુધવડે મૃત્યું પમાડયો એટલે તે ભુમિપર પડયો.

હે રાજન એ રીતે રૂધીર રહિત થયલા રકતબીજને ચંડિકાએ માર્યો તે સમય દેવોને ઘણો હર્ષ થયો અને બ્રાહ્મી માહેશ્વરી આદિ માતૃગણે દૈત્યના રૂધીરપાનવડે મસ્ત

થઈ નૃત્ય કરવા માંડયું.

ઇતિશ્રી માર્કંડેય પુરાણે સાવર્ણિકે મન્વંતરે દેવી મહાત્મ્યે રકતબીજ વધોનામ સાર્થ અષ્ટમો ધ્યાયઃ ॥૮॥

સુરથરાજા પ્રશ્ન કરેછે, હે,તપરૂપ ઐશ્વર્ય સંપન્ન રૂષિએ રકતબીજ દૈત્યના વધજન્ય દેવીનું ચરીત્ર ને પ્રભાવ ઘણા આશ્ચર્યકારક હતા તે મેં સાંભળ્યાં, પરંતુ રકતબીજનો નાશ થયા પછી શુંભનિશુંભે શું કર્મ કર્યું તે સાંભળવાને ઇચ્છું છું.

રૂષિ કહે છે હે રાજન એ રીતે રણભુમિમાં રકતબીજને આદિ લઇ ઘણા દૈત્યોનો દેવીએ વધ કર્યો એટલે શુંભનિશુંભ બેઉ ઘણા ક્રોધાયમાન થયા, તેમાં નિશુંભ પોતાની જોડે દૈત્ય સેના લઇ દેવીની સન્મુખ દોડતો આવ્યો. નિશુંભનું દળ પણ દેવીના સંહાર કરવાને આતુર થયલું દાંતપીસીને શસ્ત્ર ફેરવતું આવ્યું અને મહા પરાક્રમી શુંભ પણ પોતાનો જોડે દૈત્યોને લઈ બ્રહ્માણી આદી માતૃકાઓ તથા ચંડિકાની સાથે યુદ્ધ કરવાને આવ્યો. શુંભ ને નિશુંભની સાથે દેવીનું ભયંકર યુદ્ધ ચાલ્યું. પુર્વ પશ્ચિમ બેઉ તરફથી જેમ મેઘ ચડી આવી વૃષ્ટી કરે છે તેમ શુંભ ને નિશુંભે બાણવૃષ્ટી કરવા માંડી. દૈત્યોના જેટલાં બાણો દેવી તરફ આવ્યાં તેટલા સર્વને દેવી ચંડિકાએ પોતાના બાણો વડે છેદન કર્યું. ઉપરાંત બેઉ અસુરના સર્વાંગોમાં નાના પ્રકારના શસ્ત્રોના પ્રહાર કર્યા. સમય જોઇને નિશુંભે તીક્ષણ ખડગનો પ્રહાર દેવીના વાહનસિંહ ઉપર કર્યો તે જોઇને દેવીએ બાણવડે દૈત્યના ખડગ તથા રત્નજડીત ઢાલ બેઉને છેદી કટકા કર્યા તે પછી અસુર નિશુંભે દેવી ઉપર શકિત ફેંકી તેના દેવીએ ચક્રવડે બે કટકા કરી નાંખ્યા. અસુરે સૂલ ફેંકયુ તેને પણ દેવીએ મુષ્ટિ માત્રના પ્રહારથી ચુર્ણ કરી નાંખ્યું, ગદા લઇને નિશુંભે ચંડિકા ઉપર ફેંકી તેના

પણ ચંડિકાએ ચૂરો કરી દીધો. નિશુંભ જ્યારે હાથમાં ફરશી લઈ દેવી ઉપર દોડી ગયો ત્યારે દેવીએ ઘણાએક બાણો મુકી તેને ભુતલ ઉપર પાડી દીધો.

નિશુંભને દેવીએ માર્યો એવું જોઇને તેનો જેષ્ટ બંધુ પરાક્રમી શુંભ અંબિકા ઉપર ભાઈનું વેર લેવાને ધસ્યો. અંબિકા દેવી રથારૂઢ હતા ને અષ્ટ ભુજાઓમાં આયુધ ગ્રહણ કરેલાં એવાં અતિશય ઉજ્વળ કાંતીયુકત શોભતા હતાં, તેમણે અસુરને પોતા તરફ ધસતો આવતો જોયો અને શંખનાદ કર્યો ને ધનુષ્યનો ટંકારવ કર્યો વળી ઘંટાનો નાદ કર્યો તેથી આકાશ તથા દિશાઓને પૂર્ણ કરી દીધાં દેવીના સિંહે પણ ઘોરનાદ કર્યો તેના અવાજથી અસુર સેનાના હસ્તીઓ પોતાના મદને તજતાં હવા અને કાલિકાએ આકાશમાં ઉડ્ડાણ કરીને પૃથ્વી ઉપર આવી બેઉ હાથે તેનું તાડન કર્યું અને તેથી જે નાદ થયો તે અગલા નાદને ખઈ ગયો, શિવદુતીએ અટ્ટહાસ્યયુકત ઘોર શબ્દ કર્યો તેથી અસુર ત્રાસ પામ્યા અને શુંભને ઘણો ક્રોધ ચડયો. તે સમયે અંબિકા દેવી શુંભ દાનવ પ્રત્યે કેહેવા લાગ્યા કે હે! અસુર ઉભો રેહે. તારૂં મૃત્યુ હવે પાસે આવ્યું છે તે સાંભળી આકાશમાં યુદ્ધ જોવા મળેલા દેવતાઓએ જયજયકાર શબ્દ કર્યો એટલામાં શુંભે આગળ આવીને અતિભયંકર ને જાજવલ્યમાન શક્તિ દેવી ઉપર ફેંકી તે કેવળ અગ્નિના ઢગલા જેવીજ આવે છે એવું જોઇને દેવીએ તત્કાલ મહોલ્કા નામે શક્તિ મુકીને દૈત શક્તિનું નિવારણ કર્યું. શુંભ સિંહનાદ કરેછે ને આકાશ ગર્જના યુક્ત થાયછે તેને ઢાંકી નાખવા માટે દેવીએ ઉત્પાતધ્વની કર્યો તેથી અસુરના સિંહનાદનો પરાભવ થયો. દેવી અને દૈત્ય પરસ્પર બાણ મુકે છે અને સામું આવતું બાણ એક બીજા છેદી નાખેછે એ-

રીતે લક્ષાવધી બાણો પરસ્પર મુકયાં તેનું છેદન અન્યો-અન્યે કર્યું ત્યાં સુધી દેવીનું ને શુંભનું સમાન યુદ્ધ ચાલ્યું તે પછી ચંડીકાએ ક્રોધ લાવીને દૈત્ય ઉપર શૂલ પ્રહાર કર્યો શુંભ ઘાયલ થઇને પૃથ્વી પર પડયો; તેજ સમયે પ્રથમ મુર્છીત થએલો નિશુંભ સાવધ થઇને તેણે દેવીના સિંહને બાણ માર્યું અને દનુપુત્ર છતાં દિતિપુત દૈત્ય સમાન સ્વભાવને લીધે એને દૈત્ય કહેછે એવા દનુંજેશ્વર નિશુંભે ફરીથી પોતાને દશસહસ્ત્રબાહુ ઉત્પન્ન કરીને તે સર્વને વિષે આયુધો ધરીને તેવડે ચંડીકાને આચ્છાદન કરતો હવો. એવુ જોઇને ભકતોને સંકટમાંથી મુક્ત કરનારાં ભગવતી દુર્ગા દેવીએ અતિ ક્રોધાયમાન થઇને તે ચક્રોનું તથા પ્રથમ નાખેલાં બાણોનું પોતાના બાણવડે છેદન કર્યું

વળી નિશુંભ ગદાલઇને સેના સહવર્તમાન ઘણા વેગથી ચંડીકાને પરાજય કરવાસારૂ સન્મુખ દોડીઆવ્યો; તે સમયે ચંડિકાયે તે દૈત્યની ગદાને કાપી નાંખી, દૈત્યે શૂળ લીધું ને જેવો તે પ્રહાર કરવા જાયછે તેની પેહેલાંજ દેવીએ પોતાનુંજ શુળ તેની છાતીમાં માર્યું, તેથી છેદાઇ ગયું અને તેમાંથી એક બળવાન પુરૂષ પ્રગટ થઇને દેવીને કેહેવા લાગ્યો કે ઉભોરહે! પણ ઘણી ચપળતાથી ચંડિકાએ તે નવીન પ્રગટેલા પુરૂષની ગરદન પોતાના ખડગ વડે કાપીનાખી એટલે તે ધરતીપર પડીગયો. દેવીના શિંહે ઉગ્રદંતો વડે ઘણા દૈત્યોને મારીનાંખ્યા તેમજ કાળીકાએ અને શિવદુતીએ પણ દૈત્ય શેનાનો અતિશય ક્ષય કરી નાખ્યો કુમારી દેવીના શકિત શસ્ત્રથી પણ અનેક દૈત્યો નાશ પામ્યા, અને ઘણુ એક અસુરો બ્રહ્માણીના પ્રણવ મંત્ર વડે અભિમંત્રિત જળથી મૃત્યુને સ્વાધીન થયા, માહેશ્વરીના ત્રીસુળે સેંકડો બંધનોધાગુ કાઢીનાખ્યો અને વારાહીના દંત પ્રહારે પણ

દૈત્યો ઉપર ગજબ કર્યો. વૈષ્ણવીએ અને ઐંદ્રીએ દાનવોના શરીર ચીભડા કાપે તે રીતે કાપી નાંખ્યા. એરીતે અસુરોનો ઘણોજ નાશ થયો અને થોડાએક માત્ર નાશી ગયા.

ઇતિશ્રી માર્કંડેય પુરાણે સાવર્ણિકે મન્વંતરે દેવી મહાત્મ્યે નિશુંભ વધોનામ સાર્થ નવમો ધ્યાય ॥ ૯ ॥

ઋષિ કહેછે પોતાના પ્રાણપ્રીય બંધુ નીશુંભનો દેવીએ નાશ કર્યો તે અવલોકન કરતાંની સાથે ઘણા ક્રોધથી શુંભ દેવી પ્રત્યે કહેવા લાગ્યો; હે દુષ્ટ દુર્ગા તું બળનો ગર્વ તજીદેજે કેમકે તું તારાજ બળથી યુદ્ધ કરતી નથી પણ બીજાનો આશ્રય લઇને યુદ્ધ કરેછે.

દેવીએ કહ્યું : હે દુષ્ટ ! આ જગતમાં હું સ્વજાતીય ભેદ રહિત એકજ છું મારે બીજાની સહાય શું કરવા જોઇએ આ મારી વિભૂતિ તું જુએછે તે મારેથી ભિન્ન નથી જો એ મજમાં પ્રવેશ કરેછે. આમ બોલતાંવારજ બ્રહ્માણીને આદીલઇ સર્વ દેવીઓએ અંબિકાના શરીરમાં પ્રવેશ કર્યો ને પોતે અંબિકાજ એક દર્શમાન રહ્યાં અને પછી શુંભ પ્રત્યે ફરીથી કેહેછે કે હે અસુર હું પ્રથમ મારાજ ઐશ્વર્યથી ભિન્ન ભિન્ન બહુ રૂપે આ રણભુમિ ઉપર સ્થિત હતી. અને હવે જો તે સર્વ રૂપો મારે વિષે લીનથયાં ને હું પોતે એકલીજ સિદ્ધછું તું યુદ્ધને માટે તૈયાર થા.

એ રીતે પરસ્પર ભાષણ થયા પછી તુરતજ અંબીકા અને શુંભવચ્ચે સર્વદેવો તથા દાન્નવોના જોતાંજ માહા ભયંકર યુદ્ધ ચાલ્યું.

તીક્ષણ બાણો, પ્રાણ ઘાતક શસ્ત્ર અસ્ત્રોની પરસ્પર જબરી વૃષ્ટી થવા લાગી દેવીના જેટલાં અસ્ત્રો શુંભ ઉપર આવ્યાં તેટલાં સર્વને એ દૈત્યેંદ્ર પ્રતિઅસ્ત્રો મુકીને કાપતો હવો અને શુંભનાંમુકેલાં અસ્ત્રોના દેવીએ લીલા માત્રથી

ભંગ કર્યો કેટલોક સમય ગયાપછી શુંભે શતાવધી બાણો મુકીને દેવીને ઢાંકી દીધા તે સર્વ બાણોનો દેવીએ સહજ ભંગ કર્યો ઉપરાંત એક બાણ મારીને શુંભનું ધનુષ્ય કાપી નાખ્યું. અસુરાધીપતિએ ધનુષ ભાગ્યું કે તરતજ શકિતનુ ગ્રહણ કર્યું ને તે પણ દેવીએ ચક્રવડે છેદન કર્યું. ત્યારે દૈત્યાધિપતિ શુંભ અતિ સામર્થથી ચંદ્રકિરણો સમાન ચળકતી ધારવાળું ખડગ લઇને દેવી સામે થયો. ત્યારે ચંડિકાએ એક તીક્ષણ બાણ મુકીને અસુરનું ખડગ, ઢાલ, અશ્વ અને સારથી એ સર્વને એકજ વખતે છેદી નાખ્યા. જ્યારે એ રીતે શુંભ વિરથ એટલે રથવિનનો થયો ત્યારે તેણે અંબિકાના સામે ભયંકર મુદગરનો પ્રહાર કરવાનો ઉદ્યોગ કર્યો. પરમેશ્વરીએ મુદગરને ભાંગી નાખ્યું ત્યારે મુષ્ટિપ્રહાર કરવાને એ અસુરપતિ અંબિકાઉપર ધશ્યો અને પ્રહાર કર્યો તેની સાથેજ દેવીએ પણ તેને હાથની લપડાક મારી તે એવી સજ્જડ વાગી કે દૈત્યરાજ શુંભ પ્રથ્વીપર પડી ગયો અને તરતજ ઉભો થઇને દેવીને લઇને આકાશમાં ઉડ્યો અને દેવી તેમ શુંભ એઓએ આકાશમાં નિરાધાર રહીને બાહુ યુદ્ધ કર્યું તે જોઇને સિધ્ધદેવ ને રૂષિઓ બહુ વિસ્મય પામ્યા. સમય જોઇને દેવીએ દૈત્યેંદ્રને દડી માફક આકાશમાં ઉંચો ઉછાળ્યો ને ત્યાંથી જેવો તે નીચે પડવા જાય છે કે તરતજ તેના બેઉ ચરણ ગ્રહીને દેવીએ દૈત્યને પૃથ્વીઉપર નાંખ્યો. ફરીથી તેમનું યુધ્ધ ચાલ્યું પછી દેવીએ શુંભની છાતીમાં શુળ માર્યું તેણે કરીને દૈત્યની છાતી વિદારણ થઇને તે મહાબળવાન શુંભ ગતપ્રાણ થઇ પૃથ્વપર નિશ્ચેષ્ટિત પડ્યો. શુંભ મરણ પામી ભુમિપર પડ્યો ત્યારે સાત દ્વીપ સમુદ્રને પર્વતો સહિત પૃથ્વી કંપાયમાન થઇ. શુંભનો વધ થવા પેહેલાં ઉત્પાતસૂચક જ્વાલાયુકત મેઘ દેખાતા

હતા તે શુંભનો વધ થયા પછી શાન્ત થઇ ગયા અને નદીઓ અમર્યાદ વતી હતી તે માર્ગને વિષે વેહેવા લાગી. એ દુરાત્મા શુંભના માર્યા પછી સંપુર્ણ જગત પ્રસન્ન સ્વસ્થચિત્ત થયું અને આકાશ પણ નિર્મળ દેખાવા લાગ્યું. સર્વ દેવતાગણો પણ હર્ષ પામ્યા અને ગંધર્વો સુંદર ગાયન કરવા લાગ્યા, વળી બીજાઓ વાજાં વગાડવા લાગ્યા અપ્સરાઓ નૃત્ય કરવા લાગી વાયુ પણ મંદમંદ વાવા લાગ્યો અને સૂર્ય પણ ઉત્કૃષ્ટ પ્રભાયુક્ત થયા અગ્નિહોત્રમાહેલો અગ્નિ સૌમ્ય થઇને પ્રજ્વલિત થયો ને દશોદિશાઓમાં પ્રથમ ભયંકર શબ્દ થતો હતો તે શાંત થઇ ગયો અને સૃષ્ટી આનંદ યુક્ત થઇ.

ઇતિશ્રી માર્કંડેય પુરાણે શાવર્ણિકે મન્વંતરે દેવી માહાત્મ્યે શુંભ વધો નામ સાર્થ દશમો અધ્યાય. ॥ ૧૦ ॥

રુષી કેહેછે કે એ પ્રકારે દેવીએ ભયંકર અસુરેંદ્રનો સંહાર કર્યો અને ત્યારપછી ઇંદ્રસહિત અગ્નિના પ્રમુખપણાયુક્ત સકલ દેવો શુંભ ને નિશુંભને આદિ લઇ દાનવોના વધરૂપી ઇષ્ટ લાભથી પ્રસન્ન થઇને રણભુમિમાં જ્યાં કાત્યાયની દેવી પોતાની કાંતિથી દિશાઓને પ્રકાશીત કરી રહ્યા હતા ત્યાં આવીને સ્તુતિ કરવા લાગ્યા કે હે દેવી, હે માતા તમે શરણાંગત ભક્તજનોની સર્વ પીડાઓનો પરિહાર કરનારા છો તેથી અમો ભક્તજન ઉપર વારંવાર પ્રસન્ન થાઓ, અને હે દેવી, તમે સકલ વિશ્વમાં સ્વતંત્ર છો. આ વિશ્વ ઉપર પ્રસન્ન રહો અને એનું પાલન કરો. તમે પૃથ્વી રૂપે સર્વના આધારભુત છો જળમાં જળરૂપે સ્થિત છો તેથી સર્વ પ્રાણીઓનું જીવન તમે છો અને તમારૂં સામર્થ અલૌકિક છે.

અનંત પરાક્રમવાળા વૈષ્નવી શક્તિ છો માટે જગતનું પાલન કરો, તમે સાક્ષાત આદિ માયા છો. જગતની

ઉત્પતિ તમારાથીજ થાય છે. વળી તમે અવિદ્યારૂપે જગતના જીવોને અહંમમત્વ કરાવી મોહ ઉપજાવો છો અને વિદ્યારૂપ પણ તમેજ છો એટલે સદગતીને પણ તમેજ આપો છો.

ચાર વેદ, તેના છ અંગ, મિમાંસા, ન્યાય, વ્યાકરણ, ધર્મશાસ્ત્રને આદિ લઇ ચૌદવિદ્યા અને પુરાણ આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વશાસ્ત્રાદિક વિદ્યાઓના અઢારભેદ છતાં તમે ષષ્ટી કળાયુક્ત છો તે સર્વ તમારાંજ અંશભુત છે. હે અંબે, પાતિવૃત્ય સૌંદર્ય અને તારૂણ્યાદિક લક્ષણ સંપન્ન આ જગમાંની સ્ત્રીઓ તે પણ તમારી અંશભુતજ છે. આ જગત તમેજ ભરપુર કર્યું છે અને તમેજ સ્તુતિ કરવાને યોગ્ય છો. તમારે વિષે ગૌણત્વ ને મુખ્યત્વ કેવી રીતે વર્ણન કરવું ? તમારે વિષે પ્રકાશ શકિત છે અને પ્રાણીઓનું કલ્યાણ કરવાની શકિત છે તો તમારી સ્તુતિ કરવાને કઇ વાણી સમર્થ છે ? કોઇ નથી.

આ સમય જે રૂપે આપ વિરાજમાન છો તેનીજ અમે સ્તુતિ કરીએ છઇએ. હે દેવી તમે જીવોના -હૃદય તે વિષે નિશ્ચયાત્મક બુદ્ધીરૂપે રહયા છો અને તેના નિર્મળપણાએ મુકિત કરવાને તમેજ યોગ્ય છો, તમેજ શાક્ષાત નારાયણની મુળ શકિત એટલે નારાયણી છો. તમને અમારા નમસ્કાર હજો, અષ્ટાદશ નિમેષાત્મક જે કાલ તે કાષ્ટા તેને કાષ્ટાત્મક જે કાલ તે કલા ને ક્ષણ ઘટિકા ઇત્યાદી કાળમાન રૂપે પ્રાણિઓને બાળપણું, જુવાનપણું અને વૃદ્ધપણું આપનારા છો, જગતનો નાશ કરવાનું સામર્થ પણ તમારે વિશે છે એવા નારાયણી તમને અમારા નમસ્કાર હજો, અને તમે સર્વ મંગળ વસ્તુઓને મંગળરૂપ હોવાથી કલ્યાણ કરનારા છો. જેઓને જે જે અર્થની ઇચ્છા હોય તે તમે સંપાદન કરી આપો છો, તમેજ શરણદાતાપણાને યોગ્ય છો. તમને ત્રણ નેત્ર છે તથા ગૌરવર્ણયુકત છો. આપને વિશે શિવ

શક્તિપણું પણ છે એવા તમે નારાયણીને નમસ્કાર હજો. ઉત્પત્તિ સ્થિતિ ને લય કરનારા બ્રહ્મા, વિષ્ણુ ને રૂદ્રની શક્તિ પણ તમેજ છો તેથી તમે અનાદિ સિદ્ધ છો. મહત્તત્વ, અહંકાર વગેરેના પણ તમેજ આધાર છો તોપણ એ ગુ-ણોનો લેસ માત્ર પણ વિકાર નથી એવાં તમે નિર્વિકાર નારાયણીને નમસ્કાર હજો. જન્મ મર્ણાદિ દુ:ખ ભોગવનારા જીવો, રોગ અથવા ચોરની પીડા પામી તમારે શરણે આવે છે તેનું રક્ષાણ કરવાને તમે સર્વદા તત્પર છો. એવા સર્વ પીડા હરણ કરનાર નારાયણીને નમસ્કાર હજો હે દેવી, બ્રહ્માણી રૂપે હંસયુક્ત વિમાનમાં સ્થિત, હસ્તને વિષે જળ-પુર્ણકમંડળમાંથી ઉદક સેવન કરો છો એવા નારાયણીને નમસ્કાર હજો. તમે માહેશ્વરરૂપે હસ્તમાં ત્રિશૂળ મસ્તકપર ચંદ્ર અંગે સર્પના ભુષણ અને વૃષભારૂઢ એવાં નારાયણીને નમસ્કાર હજો. વળી મયુર તથા કુકડાનાં પીંછ વડે આચ્છા-દિત છતાં હાથમાં મહાશક્તિ નામે શસ્ત્ર ધરો છો અને અ-પરાધવિના દંડ દેતા નથી. એવા નિષ્પાપ, કુમારિકા સમા-નરૂપ અવયવોવાળા નારાયણીને નમસ્કાર હજો. શંખ, ચક્ર, ગદા અને સારંગ એવા પરમશ્રેષ્ટ આયુધો ચાર હસ્તમાં ધરો છો એવા તમે વિષ્ણુરૂપ ધારણ કરો છો તો તમો અ-મારા ઉપર પ્રસન્ન થાઓ. ને તમને અમારા નમસ્કાર હજો. તમે હસ્તમાં ઉગ્રચક્ર ધાકણ કરીને દાઢવડે પૃથ્વી ઉંચકી એવા વરાહરૂપીણી કલ્યાણી નારાયણીને નમસ્કાર હજો, મહા ઉગ્ર નૃસિંહરૂપ ધારણ કરીને દૈત્યનો સંહાર કર્યો ને ત્રણ-લોકનું રક્ષાણ કર્યું એવાં તમે નારાયણીને અમે નમસ્કાર કરીએ છઇએ. તમે મસ્તકે મુકુટ હસ્તમાં વજ્જર અને સહસ્ત્ર નેત્રથી પ્રકાશીત ઇંદ્રરૂપે વૃત્રાસુરના પ્રાણ હર્ણ કર્યાં તે નારાયણી તમને નમસ્કાર કરીએ છઇએ. તમે શિવદુતીરૂપે

અસુરોનો સંહાર કરી હર્ષથી ગર્જના કરો છો અને તે સમ-યનું ભયંકર રૂપ જેનું એવાં તમે નારાયણીને નમસ્કાર કરીએ છઇએ. તમારૂં ભયંકર સ્વરૂપ, તીક્ષણ દાઢોયુકત, મનુષ્યના મસ્તકોની માળાનું ભુષાણ ધરનાર જે ચામુંડા નામે જેણે ચંડમુંડનો નાશ કર્યો એવા તુમે નારાયાણીને અમે નમસ્કાર કરીએ છઇએ. તમે લક્ષ્મીરૂપ સજ્જા, વિધા, વેદને વિષે આસ્તિક બુદ્ધિરૂપ, પિતૃઓને અર્પાણ કવ્યાનવડે સ્વધારૂપ સર્વને આવાર્ણ કરનાર મહારાત્રી રૂપ અને મોહાંધ કરનાર મોહરાત્રીરૂપ હે મહામાયા નારાયાણી તમને અમે નમસ્કાર કરીએ છઇએ. તમે મારાણારૂપ બુદ્ધિરૂપ હે, વાગદેવી સત્વગુણ પ્રધાન ઐશ્વર્ય, રજો ને તમો ગુણયુકત મહા રૂષ્ટ અમારા ઉપર કૃપાકરનારા હે નારાયાણી તમને નમસ્કાર હજો હે દેવી અમારા સંસારને લગતા ત્રીવીધ તાપ અને અસુરોનો ભય તેનો નાશ કરી અમારૂં રક્ષાણ કરનારાં નારાયાણી તમને અમે નમસ્કાર કરીએ છઇએ હે, કાત્યાયની હે, દુર્ગા તમો ત્રીનેત્ર વડે શુસોભિત મુખવાળા આ સર્વ ભૂતો ને લગતા વિકાર તેથી અને દૃષ્ટ પ્રાણીઓ થકી અમારૂં રક્ષાણ કરો અમે તમને નમસ્કાર કરીએ છઇએ. અગ્નિની જવાળા સમાન ભયંકર ત્રીશુલ વડે અમારા શત્રુ દૈત્યોનો નાશકરી અમારૂં કલ્યાણ કરનારાં હે ભદ્રકાળી તમને અમે નમસ્કાર કરીએ છઇએ. હે કલ્યાણી તમે તમારા વિશ્વવ્યાપકનાદવડે અસુરોનું તેજ હરી લોછો તેમજ તમારો ઘંટાનો નાદ પણ અલૌકીકછે એવાં તમે અમારૂં રક્ષાણ જેમ માતા પુત્રનું કરે તેમ કરો, તમે દૈત્યને મારી તેમના રકતાદીથી લીસ થયલા અંગવાળા તમારા હાથમાં પ્રકાશરૂપખડગ ધાર્યોછો તેવડે અમારૂં રક્ષાણ કરો. હેચંડિકા અમે અતિ નમ્ર થઇ તમારે ચરણે નમીએ છઇએ અમારી સ્તુતિથી હે દેવી તમે સંતુષ્ટ થાઓ અમારા સકળ વ્યાધીઓનો નાશ કરો ક્રોધ કરી પ્રિયવસ્તુનો નાશ કરો

એવા તમે તે તમારે આશ્રયે રેહેનારાઓને કોઇ પણ ઇષ્ટ વસ્તુના વિયોગ થાય નહીં, અને તમારા આશ્રય વડે તેઓ અન્ય મનુષ્યોને સ્હાય કરનારા થાય છે. હે અંબિકા દેવી તમે એકરૂપે છતાં બ્રહ્માણી, કાળી ઇત્યાદિ અનેક રૂપે થઇને ધર્મનો દ્વેષ કરનારા દુષ્ટ દૈત્યોનો આજ તમે જેવો સંહાર કર્યો છે તેવો તમારા વિના બીજી કઇ સ્ત્રી કરી શકે? કોઈ પણ નહીં—આ લોકમાં જ્ઞાનનું સાધન વિદ્યા તે તમેજ અને અજ્ઞાન મોહરૂપ અવિદ્યા પણ આપનોજ પ્રભાવ. છે. માટે આ સંપુર્ણ જગત મોહવડે અંધ થઈ ભ્રમણ કરે છે તેનું કારણ પણ તમેજ છો, અને કહ્યાં એવાં વિદ્યારૂપ પણ તમેજ છો તમે જ્ઞાનપ્રકાશ વડે અજ્ઞાન અંધકારનો નાશ કરી સંસારમાં ભ્રમણ કરનારા જનો જે અધ્યાત્મિક, આધિદૈવિક અને અધિભૌતિક ત્રિવિધ દુઃખ દેનારા વિષય યુકત સર્પતુલ્ય શત્રુ મોહવડે સંબંધી જનોદ્રવ્ય હરી લે છે તેજ ચોર છે, અને અરણ્યતુલ્ય સંસાર જેમાં ત્રિવિધતારૂપી દાવાગ્નિ છે, માટે રાક્ષસ, સર્પ અને વડવાગ્નિ યુકત સમુદ્ર જેવો સંસાર સાગર છે તેમાંથી અમ જેવા ભકતનું તમે પાલન કરો છો એવા દયાળુ તમને જાણીને નમસ્કાર કરીએ છઇએ. આ વિશ્વની સ્થિતિ તમારા વડેજ છે, માટે બ્રહ્માદિ દેવને પણ તમે વંદનીય છો અને તમારી સમીપ જેઓ ભકિતયુકત નમ્ર છે તેઓ વિશ્વને વિષે મહતપણાને પામે છે. હે દેવી તમે પ્રસન્ન થાઓ. આ વખતે શુંભનિશુંભનો વધ કરી જેમ અમારૂં રક્ષણ કર્યું તેમ નિરંતર શત્રુના ત્રાસથી અમારૂં રક્ષણ કરજો અને જગતના જીવોને પણ કૃપાવડે નિર્દોષ કરો. વળી મહામારી જેવા ભયંકર ઉત્પાત થાય છે તેની પણ તમે શાંતિ કરો, વિશ્વની પીડાને પરીહાર કરનારા છો અને ભકતજનોને વરદાનના આપનારાં છો. આ

પ્રમાણે દેવોએ સ્તુતિ કરી તેથી દેવી પ્રસન્ન થઇને કહેવા લાગ્યા, હે દેવગણો હું વરદાન આપવા પ્રસન્ન થઈ છું, માટે જે તમારી ઇચ્છા હોય તે માગો. દેવોએ નમ્રતાથી કહ્યું, હે નારાયણી ત્રિલોકના સકળબાધને શાંત કરો અને અમારા શત્રુઓનો વારંવાર નાશ કરો.

દેવી કહે છે:—આગળ વૈવસ્વત નામે મન્વંતર પ્રાપ્ત થશે. તેમાના ચતુરયુગના પર્યાયમાં જે અઠાવિસમો યુગ પર્યાય આવશે તેમાં દ્વાપરનો અંત અને કલીનો આરંભ એવી સંધીમાં શુંભનિશુંભ નામના આવા બિજા મહા અસુર ઉત્પન્ન થશે, તે સમય હું નંદ નામે ગોવાળને ઘેર યશોદાના ગર્ભથકી ઉત્પન્ન થઇને એ શુંભનિશુંભનો નાશ કરીશ અને વીંધ્યાચળ ઉપર વાશ કરીશ. ફરીથી હું દ્વાપર યુગને અંતે મહાભયંકરરૂપે પૃથ્વી ઉપર અવતાર લઇને વિપ્રચિત્તના વંશમાં ઉત્પન્ન થયલા દાનવનો સંહાર કરીશ. મહાઉગ્ર એવા એ વિપ્રચિત્ત નામના કુલમાં પેદા થયલા અસુરોને ભક્ષ કરીશ તેથી મારા દાંત દાડિમના ફુલ જેવા રાતા થશે, અને સ્વર્ગના દેવો અને મૃત્યુલોકના મનુષ્યો તે સમયથી મને રકતદંતિકા કહીને સ્તવન કરશે. ફકત દંતિકાનામ સર્વ અવયવને લાગુ પડતું થશે, કેમકે કેશ, આયુધો ને અન્ય અંગો પણ રાતા થશે. આ લોકમાં રકત ચામુંડા નામે હું પ્રસિદ્ધ થઇશ.

તે પછી વળી જે વખત પૃથ્વીપર સો વર્ષ સુધી વરસાદ નહીં વરસશે ને જળની અછત થશે ત્યારે મુનીઓ મારૂં સ્મરણ કરશે એટલે જેમ આ સમયે પાર્વતીના દેહમાં મારો આવિર્ભાવ થયો છે તેમ તે સમય પૃથ્વી ઉપર અયોનીસંભવ મારો અવતાર થશે અને હું સો નેત્ર વડે એ મુનીઓને અવલોકન કરીશ ત્યારે સર્વ મનુષ્યો શતાક્ષી એવા

નામથી મારૂં કીર્તન કરશે. એટલે તત્કાળ મેઘ વૃષ્ટી કરશે અને ત્યાં સુધી સર્વના પ્રાણ રેહેવાને સારૂં હું મારા દેહથકી શાક ઉત્પન્ન કરીશ તેથી સર્વનું જીવન થશે

ઉપર કહ્યા પ્રમાણે વૈવસ્વત મન્વંતરમાના ચાલીશમાં યુગમાં હું શતાક્ષી છતાં સ્વશરીરોત્પન્ન શાકવડે સર્વનું પોષણ કર્યાને લીધે પૃથ્વીપરં શાકંભરી નામથી મારી પ્રખ્યાતી થશે. એ શાકંભરી અવતારમાં હું દુર્ગમ નામના દૈત્યનો નાશ કરીશ. દુર્ગમનો વધ કરતાં મને દુર્ગાદેવી એ નામ પ્રાપ્ત થશે.

તે પછી ફરીથી જ્યારે હું હિમાચલ ઉપર ભીમ (ભયંકર) રૂપ ધારણ કરીશ ને તે સ્થળનિવાસી મુનીઓનું રક્ષણ કરીશ, તે મુનીઓના દ્વેષી અસુરોનું ભક્ષણ કરીશ ત્યારે સર્વ મુનીઓ અતિનમ્રતાથી મારૂં સ્તવન કરશે.

વળી વૈવસ્વત યુગના પચાસમાં યુગમાં હું ભીમા નામે અવતાર લઇશ અને ભીમાદેવી કહેવાઇસ અને અરૂણ નામે દૈત્યનો નાશ કરવા માટે જે રૂપમાં અસખ્ય ભ્રમરા હોય અને હસ્તને વિષે પણ ભ્રમર ગ્રહણ કરેલો એવું ભ્રમરરૂપ ધારીને ત્રૈલોકના હિતનેઅર્થે એ મહા અસુરનો વધ કરીશ.

ઉપર પ્રમાણે વૈવસ્વત મન્વંતરના સાઠમાં યુગપર્યાયમાં મારો ભ્રામરી અવતાર થશે અને ભ્રામરી નામે લોકમાં હું ગવાઇશ ને સ્તુત્ય થઈશ. એ રીતે જે જે સમય ત્રાણલોકમાં દાનવોનો ઉપદ્રવ થશે, તે તે સમય હું તેવો અવતાર ધારણ કરીને શત્રુઓનો ક્ષય કરતી જઇશ.

ઇતિશ્રી મારકંડેય પુરાણે સાવર્ણિકે મન્વંતરે દેવી મહાત્મ્યે દેવૈઃકૃતા નારાયણી સ્તુતિર્નામ એકાદશો અધ્યાય. ॥૧૧॥

દેવી કહે છેઃ—હે દેવો તમે જે આ મારૂં સ્તવન કર્યું તે વડે જે મનુષ્ય એકાગ્રચિત્તે મારી પ્રતિ નિત્ય સ્તુતિ કરશે

તેના સકલ દોષ હું નહીં જોવા કરીશ, એમાં સંશય નથી.

વળી મધુકૈટભનો નાશ, મહિષાસુરનું મથન અને શુંભ-નિશુંભનો વધ એવું જે કોઇ વર્ણન કરશે તેની સર્વ પીડાઓનું હું નિવારણ કરીશ. એ રીતનું મારૂં ચરિત્ર નિત્ય પઠન કરવુ. તેમાં મુખ્ય કાળ કહું છું. અષ્ટમી, ચતુર્દશી અને નવમી એ તિથિઓએ જે મનુષ્ય એકાગ્રચિત્તથી મારૂં આ ઉત્તમ મહાત્મ ભકિતથી શ્રવણ કિંવા પઠન કરશે તેને કિંચિત પાપ સ્પર્શ કરશે નહીં, અને કોઈ પણ વિપત્તિ નડશે નહીં, તેમજ દારિદ્ર થશે નહીં તથા પ્રિય પદાર્થનો વિયોગ પણ તેમને થશે નહીં, શત્રુ થકી, રોગ રાજ અને શસ્ત્ર, અગ્નિ, તથા જળ એઓના સમુદાય થકી કદી એ ભય થશે નહીં. એટલા સારૂં આ મહાત્મ પરમ કલ્યાણકારક છે. એવું ભકિત વડે સર્વદા પઠન અને શ્રવણ કરવું.

માહામારી, વ્યાધિ, પ્રતિ અને દ્વેષાદી અધ્યાત્મિક, ભુતપ્રેતાદિકથી તથા પ્રહ્માદિથી થતા અધિભોતિક અને વજ્રપાત, વીજળીનુ પડવું. દારિદ્રાદિ અધિદૈવિક વીગેરે કષ્ટો આ મહાત્મથી નિવૃતી પામશે. મહાત્મ મારા મંદિરમાં અર્થ-વિચાર પુર્વક વાણીથી જે પઠન કરશે તેનો હું કદીએ દ્વેષ કરીશ નહીં ને તેની સમીપ નિરંતર રહીશ.

દેવોને બલીદાન આપવા સમયે તથા પુજા સમયે હોમ કરતી વખતે પુત્ર જન્મોત્સવ ને વિવાહાદિ મંગળ કાર્યારંભે આ મારૂં ચરીત્ર બ્રાહ્મણ પાસે પઠન કરાવવું, અગર પોતે શ્રવણ અગર પઠન કરવું. બલીપ્રદાન, પુજા, હોમ એ કર્મો યથાવિધી કરે અથવા વિધી માલમ ન હોય ને કરે તેમજ આ માહાત્મ અર્થ જ્ઞાનથી અથવા અજ્ઞાનથી ભણે કે સાંભળે, પરંતુ ભકિત સહીત ભણવું, સાંભળવું ને કર્મ કરવાથી હું તે સર્વ ક્ષમા સાથે અંગિકાર કરીશ.

શરદ રુતુમાં આશો શુદ ૧થી. શારદી નવરાત્રમાં મારી પ્રતીવાર્ષિકી મહાપુજા કરશે ને આ મારૂં માહાત્મ ભકિતથી સાંભળશે તે મનુષ્ય મારી કૃપાથી સકળબાધ થકી મુકત થશે અને ધન્યધાન્ય ને પુત્રાદિને પામશે એમાં શંશય નથી.

વળી આ મારૂં મહાત્મ તેમાં કહેલાં મારા અવતાર સહિત ભકિતથી શ્રવણ કરશે તે પુરૂષને યુદ્ધ પ્રસંગમાં સર્વદા જય મળશે, શત્રુનો નાશ થશે અને કલ્યાણું પામશે. મહાત્મ શ્રવણ કરનારનું સમસ્ત કુળ આ લોક ને પરલોકમાં પરમાનંદ પામશે. તે સારૂ નાના પ્રકારના ઉપદ્રવની શાંતી માટે કર્મ કરવાં તેના આરંભમાં, દુસ્વપ્ન થાય ત્યારે પ્રાતઃકાળમાં અને ગ્રહપીડાને સમયે મારૂ મહાત્મ શ્રવણ કરવું એથી નિર્ભય થઇ સુખ પામશે. આ મારા મહાત્મનો પ્રતાપ એવો છે કે બાળકોને જે પીડા થતી હોય તે અને મનુષ્યોમાં કોઇ કારણથી દ્વેષ થયો હોય તો તે સર્વ અનર્થને દુર કરી પરમ સુખને દુર્જન, વાઘને સર્પ વગેરે દુષ્ટ પ્રાણિઓનો નાશ આ ચરિત્રના પાઠ કરવાથી અવશ્ય થાય છે એવું મારૂં સન્નિધાન કરનારૂં આ મહાત્મ છે માટે પશુબલિ, જલ, દુધ, દર્ભાગ્ર, દહીં, અક્ષત, તિલ, યવ ને હિરણ્યગર્ભાએ આઠ પદાર્થયુકત અર્ઘ્ય ને ઉત્તમ સુગંધી ચંદન પુષ્પ ધુપદીપ બ્રહ્મભોજન, હોમ, પ્રતિદિવસે પંચામૃતનો અભિષેક, સુંદર પુષ્પોની માળા ઇત્યાદિ ભોગ મને તેમજ બ્રાહ્મણોને વસ્ત્રના અલંકાર ને દાન આપવા એવી મારી પુજા એક વર્ષ સુધી કરીને જે પુરૂષ મારી પ્રસન્નતા સંપાદન કરશે. તેવીજ મારી પ્રસન્નતા ને પ્રીતિ તે પુરૂષ આ મારૂં રૂડું ચરિત્ર એકવાર શ્રદ્ધાથી ભણવાએ કરીને મેળવશે. આ ચરિત્રનું શ્રવણ માત્ર પાપને નિર્મળ કરે છે ને આરોગ્યતા આપે છે.

જે પુરૂષ મારા અવતારનુ કિરતન કરે તેનું ને તેના

સંબંધી તથા ઇચ્છિત જનોનું રક્ષાણ થાય. હે દેવો, તમે અને સુમેધ બ્રહ્મરુષીઓએ જે સ્તુતિ કરી છે તે સ્તુતિ જે મનુષ્ય મારી પ્રસન્નતાને માટે કરશે તેઓ નિર્ભય થઇ આનંદ ભોગવશે. બ્રહ્માજીએ જે સ્તુતિ કરી છે તેનો પાઠ મોક્ષના સાધનરૂપ છે. રૂડી બુદ્ધી આપનાર છે અને નાના પ્રકારના વિઘ્ન ને સંકટો નાશ કરનાર છે. મારા ચરિત્રનું સ્મર્ણ કરનાર પુરૂષને જોઇને દુર્જન તેમજ હિંસીક પશુ ને દુશ્મન સર્વ તત્કાળ ભયથી પલાયન કરશે.

રુષી કહે છે એ પ્રમાણે કહીને એ મહાપરાક્રમ સંપન્ન ભગવતી ચંડિકા દેવી દેવોના જોતાંજ અંતર્ધાન પામ્યાં. તે પછી દેવો નિર્ભયપણે પોતાના અધિકાર ઉપર ગયા, યજ્ઞભાગ લેવા લાગ્યા અને જગતની સ્થિતિ ધર્મયુક્ત થઈ. દેવીએ મહા ક્રુર શુંભ ને નિશુંભ તથા તેની સહાયના કરનાર અનેક દૈત્યોનો નાશ કર્યો તેથી દેવો તેમજ મનુષ્યો પરમ સુખ પામ્યા અને શેષ રહેલા દાનવો પાતાળને વિષે ગયા.

હે રાજન એવા ભગવતી દેવી આ પૃથ્વી ઉપર નિરંતર ગુપ્તપણે રહેલાં છે અને દૈત્યો ઉન્મતપણે જગતને ઉપદ્રવ કરવા લાગે ત્યારે પ્રગટ થઇને નારાયણી દેવી જગતનું રક્ષણ કરે છે. એ દેવીના પ્રભાવથીજ જગતની ઉત્પત્તિ થાયછે ને મનુષ્યોને મોહ પમાડનાર પણ એ શકિતજ છે અને નિષ્કામ બુદ્ધિથી ભકિત પુર્વક એ નારાયણીની પુજા ને પ્રાર્થના કરનાર મનુષ્યને તત્વજ્ઞાન આપી મુકિત કરે છે અને સકામ બુદ્ધિથી સેવન કરનારને દેવી ઐશ્વર્ય ને સમૃદ્ધિ આપે છે.

એવાં ભગવતી જે બ્રહ્માદિકને પણ સંકટમાંથી મુકત કરે છે ને જેને મહાકાળી કહે છે તેણેજ આ સંપૂર્ણ બ્રહ્માંડ વ્યાપ્ત કર્યું છે. પ્રલયકાળે સ્ટ્ષ્ટીનો સંહાર કરનારા પણ એ ભગવતી મહામારી રૂપે પ્રવૃત્ત થાય છે. સૃષ્ટિના ઉદયકાળમાં

પણ એ મહામાયા જન્મ રહિત છતાં સૃષ્ટિકાળે સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે અને એ નારાયણી સ્થીતિ કાળમાં જગતનું પાલન કરે છે. મનુષ્યના ઘરમાં લક્ષ્મીરૂપે સંપત્તિની વૃદ્ધિ પણ એ દેવીજ કરે છે અને અલક્ષ્મી રૂપે પણ એ પોતેજ થાય છે ને તે મનુષ્ય વિપત્તિને ભોગવે છે, એવા જગન્માતા લક્ષ્મીદેવી તેમની ગંધ, પુષ્પ, ધુપ ને દીપાદી વડે પુજા અને સ્તુતિ કરનાર જનો ઉપર તેઓ પ્રસન્ન થઇને સ્ત્રી–પુત્ર ને સંપ્રત્તિ સાથે સદ્‌બુદ્ધિ આપેછેજેણે કરીને તે મનુષ્ય પરમાનંદપદ ને પામે છે.

ઇતિશ્રી મારકંડેય પુરાણે સાવર્ણિકે મન્વંતરે દેવી મહાત્મ્યે દેશ્યાશ્ચરિતં નામ સાર્થ દ્વાદશો અધ્યાયઃ ॥૧૨॥.

ઋષી કહે છે હે રાજન એ રીતે ઉત્તમ દેવીનું મહાત્મમેં તને કહ્યું ને તેં દેવીનો પ્રભાવ જાણ્યો. દેવીનેજ તું જગતની માતા ને પરમ સુખની હેતુ જાણ.

એવી એ દેવી જે વિષ્નુભગવાનનીમાયા તેમણેજ આ તત્વજ્ઞાન રૂપી વિદ્યા નિર્માણ કરી છે. તે વડેજ તું સુરથરાજા આ વૈશ્ય સમાધી નામે અને બીજા લૌકિક શાસ્ત્રવેત્તા પુરૂષો, વળી વિપરિત જ્ઞાનવડે મોહિત થયલા જનો, ભવિષ્યમાં મોહિત થનારા એ સર્વ સહિત તું એ પરમેશ્વરીને શરણે જઇને તેમનું તું આ તત્વજ્ઞાન વિદ્યાવડે આરાધન કર; કેમકે એ ભગવતીજ આ લોકના સુખ, સ્વર્ગના સુખ અને મોક્ષના સુખ આપનારાં છે. માર્કંડેય રુષી કહે છે એ રીતે રુષીના વચન સાંભળીને તે નરાધિપતિ સુરથ મહારાજાએ તે તીવ્ર વ્રતસંપન્ન ભાગ્યશાળી રુષીને નમસ્કાર કર્યો ને રુષીની આજ્ઞા લઇને તપશ્ચર્યા કરવા ગયા. તેની પેઠેજ તે વૈશ્ય પણ જગદંબાના દર્શનને માટે નદી તીરે જઇને બેઠો. ત્યાં વૈશ્યે દેવીસુકતનો જપ કરવા માંડયો

ને તે નદીની તીરે સુરથરાજા ને સમાધી વૈશ્યે મૃતિકાની દેવીની મુર્તી કરી ને તેમની પુષ્પ ધુપાદિ વડે પુજા ને હોમ કરવાનો આરંભ કર્યો અને કેટલાક દીવસ પરીયંત અલ્પાહાર લઇને તથા તે પછી નિરાહારી રહીને બાહ્યવ્યાપાર ત્યાગ કરીને અન્ય બુદ્ધિથી દેવીને વિષે ચિત્ત રાખીને કુષ્માંડાદિકનું બલી કરી તે ઉપર પોતાના શરીરનું રકત પ્રોક્ષણ કરીને દેવીને અર્પણ કરતા હવા. એ રીતે ત્રણ વર્ષ દેવીનું આરાધન કર્યું ત્યારે ચંડિકા અત્યંત સંતુષ્ટ થઇને પ્રત્યક્ષ દર્શન દેતાં હવાં અને બેઉ ભકતો ને કેહેવા લાગ્યા કે હે, ભૂપતી, હે સમાધી તમે બેઉએ જે અર્થની સિદ્ધી ઇચ્છી હોય તે તમને મારી કૃપાથી પ્રાપ્ત થશે. તમારા તપ વડે હું પ્રસન્ન થઇ છું. દેવીના કૃપા વચન સાંભળીને રાજાએ માગ્યું કે હું જન્માંતરને વિષે પણ રાજ્યથી ભ્રષ્ટ ન થાઉં એવું દીર્ઘકાળ સ્થીર રહેનારૂં રાજ્ય મને આપો અને આ જન્મનું મારૂં રાજ્ય શત્રુએ હરી લીધું છે તે મને પ્રાપ્ત થાય.

તે પછી સમાધી વૈશ્યે દેવી પાસે તત્વજ્ઞાન માગ્યું એટલે આ સ્ત્રી–પુત્રાદિ મારાં છે ને હું તેમનું રક્ષણ કરૂં છું એવો જે મમત્વ ને અહંકાર તેનો નાશ થાય એવું જ્ઞાન માગ્યું. આ વૈસ્યનું માગવું તેની નિર્મળ બુદ્ધિને જણાવે છે. એ બેઉ ભકતોને દેવીએ કહ્યું કેહે રાજન તું તારા રાજ્યને અલ્પકાળમાં ફરીથી પામીશ. તારા શત્રુનો નાશ થશે. તારા મર્ણ પછી વિવસ્વાન નામના સુર્ય થકી તારો જન્મ થશે ને તું પૃથ્વીપર સાવર્ણિક નામે મનુ થઇશ. તે પછી ભગવતીએ વૈશ્યને કહ્યું. હે શ્રેષ્ટ બુદ્ધિવાળા વૈશ્ય તું જ્ઞાન પ્રાપ્તીની માંગણી કરે છે તે તને હું આપું છું, એથી તારો મોક્ષ થશે.

માર્કંડેય કહે છે એ રીતે દેવીએ બેઉ ભકતોને તેમ-

ના માંગેલા વરદાન આપ્યાં. તેમણે ભકિતવડે સ્તુતિ કરી એટલે દેવી અંતર્ધાન થયાં.

રાજાઓમાં શ્રેષ્ઠ સુરથરાજા દેવીના વરદાન ને પ્રભાવથી ભવિષ્યમાં સાવર્ણિ મનુ થશે.

ઇતિશ્રી માર્કંડેય પુરાણે સાવર્ણિકે મન્વંતરે દેવી મહાત્મે સુરથ વૈશ્યયો વૅરપ્રદાનનામ ત્રયોદશો અધ્યાયઃ ॥૧૩॥.

સુરથ રાજા પુછે છે હે રુષી ભગવાન આપે મને ચંડિકાના અવતાર કહ્યા. એ અવતારોમાં મુખ્ય કયો અને અમુખ્ય કયો એટલે પ્રધાન ને પ્રકૃતી કોણ? તે કહો, અને દેવીના અનેક રૂપોમાંથી મારે આરાધન કરવાને યોગ્ય સ્વરૂપ કહો.

રુષી કહે છે હે નરાધિપ એ પરમ ગુહ્ય તું ભકત છે માટે તને કહું છું સાંભળઃ—

સત્વ, રજ ને તમ એ ત્રિગુણયુકત જે પરમેશ્વરી મહાલક્ષમી તે સર્વમાં મુખ્ય છે ને તે કોઇ સ્થળે દ્રષ્ય ને કોઇ સ્થળે અદ્રષ્ય એમ વિશ્વમાં વ્યાપી રહ્યાં છે. તેમનું ધ્યાન કરવું હોય તો સ્વરૂપ એવું છે કે તેમણે ચાર ભુજને વિષે મહાલુંગ, ગદા, ખેટ ને પ્રાશન કરવાનું પાત્ર ધારણ કરેલાં છે, મસ્તકપર નાગ, પુરૂષ ને સ્ત્રીના ચિન્હ ધારેલા છે. કાંતી, તાવેલા સુવર્ણ સરખી અને દેવીએ શરીર ઉપર એવાંજ સુવર્ણના ભુષણો ધર્યા છે અને જાણે આખું જગત પોતાની કાંતીથી પ્રકાશયુકત કર્તા હોય એવાં છે, અને સ્રષ્ટીના ઉત્પત્તિ કાળની પુર્વે આ લોક સુન્ય છે એમ જોઇને એ પરમેશ્વરીએ તમો ગુણપ્રધાન એવું બીજું રૂપ પ્રગટ કર્યું. તે એવું કે કાજળ જેવો વર્ણ, મુખ લાંબી દાઢોવાળું, શોભાયમાન કટીભાગ, અતિ સુક્ષ્મ એવા વિશાલ નયની સ્ત્રીરૂપ થયા. ખડગ, પાનપાત્ર, મસ્તક ને ખેટ આયુધ એ ચાર

ભુજાઓમાં ધારેલાં અને છાતી ઉપર મુંડને ધડની માળાઓ પેહેરેલી એવું તમો ગુણાત્મક રૂપ ધારણ કરનારા જે સ્ત્રી તે મહાલક્ષ્મીને કેહેવા લાગ્યા કે હે માતા મારૂં નામ શું ને મારે કયું કર્મ કરવું તેની આજ્ઞા આપો, હું તમને નમસ્કાર કરૂં છું. ત્યારે મહાલક્ષ્મી તે તામસી સ્ત્રીને કેહેવા લાગ્યા કે મારા નામ ને કર્મ હું તમને આપું છું:—મહામાયા, મહાકાળી, મહામારી, ક્ષુધા, તૃષા, નિંદ્રા, તૃષ્ણા, એકવીરા, કાળરાત્રિ ને દુરત્યયા એ નામો તમને કર્મવડે પ્રાપ્ત થશે. જે પુરૂષ તમારો પ્રભાવ જાણીને એ નામોથી તમારૂં અધ્યયન કરશે તેને સુખ પ્રાપ્ત થશે. હે રાજન એ રીતે તામસીને કહીને મહાલક્ષ્મીએ શુદ્ધ સત્વગુણ વડે ચંદ્ર જેવી કાંતીવાળું બીજું રૂપ ધારણ કર્યું. તે ચતુર્ભુજાઓમાં કમલાક્ષ માળા, અંકુશ, વિણા અને પુસ્તક એવાં ચાર પદાર્થ ધારણ કરેલાં, અને તે સ્વરૂપ ઉત્કૃષ્ટ સ્ત્રીનું જેને મહાલક્ષ્મીએ મહાવિદ્યા મહાવાણી, ભારતી, વાક, સરસ્વતી, આર્યા, બ્રાહ્મી, કામધેનું, વેદગર્ભા ધિ અને ઇશ્વરી એવાં નામો આપ્યાં. તે પછી મહાકાળી અને સરસ્વતી પ્રત્યે મહાલક્ષ્મી કેહેવાં લાગ્યા કે, તમે તમારા સ્વરૂપાનુસાર, સ્ત્રીપુરૂષનું જોડું ઉત્પન્ન કરો, અને મહાલક્ષ્મી એ પોતે પણ એક સ્ત્રી પુરૂષનું જોડુ ઉપ્તન્ન કર્યું તેઓ અતિસુંદર હતા ને તેમના ગર્ભમાં સુવર્ણરૂપ બ્રહ્માંડ હોવાથી તેને હિરણ્ય ગર્ભ કહે છે ને તે ઉભય કમળાશનપર બેઠા હતાં. એ જોડાંમાં પુરૂષને મહાલક્ષ્મીએ હે બ્રહ્મન, હે વિધી, હે વિરંચ, હે ધાતઃ એ નામોવડે સંબોધન આપ્યું અને સ્ત્રીને હે શ્રી, હે પદ્મે, હે કમળે, હે લક્ષ્મી એવાં નામો આપ્યાં.

મહાકાળીએ અને ભારતીએ બે જોડ ઉત્પન્ન કરી તેના નામો આ પ્રમાણે છેઃ—નીલકંઠ, રકતબાહુ, શ્વેતાંગ, ચંદ્ર-

શેખર, રૂદ્ર, શંકર, સ્થાણુ, કપર્દી અને ત્રિલોચન એ પુરૂષના નામો અને સ્ત્રી ગૌરવર્ણના વેદત્રયીરૂપવિદ્યા, કામધેનુ, ભાષા, સ્વર અને અક્ષર એ નામે થયા અને સરસ્વતીએ ગૌરવર્ણ સ્ત્રી અને કૃષ્ણવર્ણ પુરૂષ ઉત્પન્ન કર્યા તેમને વિષ્નુ, કૃષ્ન, હૃષીકેશ, વાસુદેવ ને જનાર્દન એ પુરૂષના નામ અને સ્રીના ઉમા, ગૌરી, સતી, ચંડિ, સુંદરી, સુભગા અને શિવા નામો જાણવાં. હવે એમાં જે એકંદર સ્ત્રીઓ હતી તે તત્કાળ પુરૂષત્વ પામી એવું જ્ઞાનચક્ષુ વાળાઓ અવલોકન કરે છે. અન્ય સામાન્યજન જાણી શકતા નથી.

હે રાજન્, તે પછી મહાલક્ષ્મીએ બ્રહ્મદેવને વેદત્રયી પત્નિ આપી, રૂદ્રને વરદાનદાયક ગૌરી પત્નિ આપી અને વાસુદેવને શ્રી પત્નિની યોજના કરી.

બ્રહ્મદેવે વેદત્રયી પત્નિ સહવર્તમાન એકત્ર થઇને અંડ નિર્માણ કર્યું તે સમયે રૂદ્ર ભગવાને પોતાની ગૌરી પત્નિ સહિત એ અંડનો ભેદ કર્યો.

એ બ્રહ્માંડમાં પ્રધાનરૂપ કારણ જે માયા તેવડે સર્વે મહતત્વાદિક કાર્ય ઉત્પન્ન થયાં ને તેથકીજ પંચ માહાભુતાત્મક સ્થાવર જંગમ જગત નિર્માણ થયું. તે પછી કેશવ ભગવાન લક્ષ્મી સહીત એ સર્વે સ્રષ્ટીનું પાલણ કરવા લાગ્યા. હે નરશ્રેષ્ટ એવાંજે મહાલક્ષ્મી તેમને વિષે પ્રાણીમાત્રછે ને તેઓ સર્વના ઇશ્વરીછે.

સ્રષ્ટીની પૂર્વે નિરાકાર છતાં પછીથી આકારયુક્ત થઇને અનેક નામો ધારતા થકાં જગતમાં પ્રખ્યાત થયાં તેમાનાં કેટલાક એક નામોનું મેં નિરૂપણ કર્યું. અર્થાત જગત સર્વ લક્ષ્મી વડેજછે.

ઇતિશ્રી માર્કંડેય પુરાણે સવાર્ણિકે મનવંતરે દેવી મહામે પ્રધાનિકં રહસ્યં નામ સાર્થ ચતુર્દશો ધ્યાયઃ ॥ ૧૪ ॥

ઋષી કહેછે એ રીતે એત્રિગુણાત્મિકા, તામસીને

સાત્વિકા ત્રણ પ્રકારે વર્ણન કર્યાં તેમનેજ શર્વા, ચંડિકા દુર્ગા ભદ્રા અને ભગવતી કહેછે. તેમાં શ્રી હરીની યોગ્ય નિંદ્રા જે તમોગુણાત્મિકા માહા કાળી, જેમની મધુ કૈટભના નાશને અર્થે બ્રહ્મદેવે સ્તુતિ કરી તે એવાછે કે જેમને દશમુખ દશભુજ ને દશચરણ, તેમનો વર્ણન કાજળ સમાન, તેમના પ્રત્યેક મુખને ત્રણ ત્રણ નેત્ર એટલે ત્રીસ નેત્રોની વિશાળ પંક્તીથી શોભતાંછે. તેમજ હે રાજા તેમના દંતને દાઢો દૈદીપ્યમાન તેણે કરીને ભયંકર છતાં રૂપ સૌભાગ્યને કાંતીથી શોભાય માન છે. ખડગ, બાણ, ગદા, શુળ, શંખ, ચક્ર, ભ્રુશુંડી, પરિઘ, ધનુષ્ય, અને રક્ત ટપકતું મસ્તક એ પદાર્થો ધારણ કર્યાંછે. એ માહાકાળી નામે વૈષ્ણવી માયાછે, તેમનું નિવારણ અતિદુઃખે કરીને પણ થવું અશક્યછે, એમછે પણ એ માહાકાળી ભક્તિવડે પ્રસન્ન થઇ મનવાંચ્છિત પૂર્ણ કરેછે.

સર્વ દેવોના શરીર થકી પ્રગટેલાં એમની કાંતી અતિશય મનોહરછે ને મહિષાસુરનું મર્દન કરનારાં શાક્ષાત ત્રિગુણાત્મિકા માહાલક્ષ્મી તેજ જાણવા. તેમનું મુખ અને સ્તનમંડળ અતિ શ્વેત વર્ણના, મધ્યભાગ ને ચર્ણ રક્તવર્ણના અને હસ્ત જંઘા ને પેટ નીલવર્ણના જાણવાં એવા સ્વભાવે ઉન્મત્તછે. તેમની કટીનો પ્રથમ ભાગ વિચિત્રછે, તેમણે જે પુષ્પો વસ્ત્રો ને ભુષણો ધાર્યાંછે તે પણ ચિત્ર વિચિત્રછે. અંગે અનુલેપન ગંદ અતિ સુંદરછે ને તેઓ કાન્તીને સૌભાગ્યવડે અતિ સુશોભિતછે. તેઓ મૂળરૂપે સહસ્ત્ર ભુજા યુક્ત છતાં ભક્તજનોને પુજન કરવા માટે અષ્ટાદશ ભુજા વાળાં થયાંછે. તેમાં જમણી બાજુના છેક નીચલા હાથથી ડાબી બાજુના ઉપલા હાથ સુધીના આયુધોનો ક્રમ આપ્રમાણેછે:—

અક્ષમાલા, કમળ, બાણ, ખડગ, વજ્ર, ગદા, ચક્ર, ત્રિશુલ પરશુ, શંખ, ઘંટા, પાશ, શક્તિ, દંડ, ઢાલ, મનુષ્ય પાનપાત્ર અને કમંડળ એ આયુધો સહિત તેઓ કમળાસનપર બેઠેલાં છે.

હે રાજન એવા મહાલક્ષ્મી સર્વ દેવોના ઈશ્વરૂપવાળા હોવાથી સરવેશ્વરી છે ને પરમ પુજ્ય છે ને પુજન કરનાર મહાન ઐશ્વર્યને પામશે.

એ દેવીના ભિન્ન ભિન્ન સ્વરૂપની પુજાને ફળ કહે છે:—ગૌરીના દેહ થકી જે ઉત્પન્ન થયાં તે માત્ર સત્વગુણના આશ્રય કરનારાં છે ને જેમણે શુંભાસુરનો વધ કર્યો તે સાક્ષાત સરશ્વતી જાણવા. તેમણે બાણ, મુસળ, શુળ, ચક્ર, શંખ, ઘંટા, હળ ને ધનુષ એ આઠ આયુધો તેટલી ભુજામાં ધરેલાં છે. શુંભાસુરનું મથન કરનારાં એ નગુંજ જાણવાં. એ સરશ્વતી દેવીનું પુજન સર્વ વિદ્યામાં કુશળપણું આપે છે.

હવે હે રાજન દેવીની ભિન્ન ભિન્ન ઉપાસના આ પ્રમાણે છે:—જે સમય મહાલક્ષ્મીની પુજા કરવી તે સમય મધ્યમાં મહાલક્ષ્મીનું શ્થાપન કરવું તેમની જમણી દિશાએ મહાકાળી અને ડાબી દિશાએ મહાસરશ્વતીનું શ્થાપન કરવું. પાછળના ભગમાં ત્રણ દંપત્ય શ્થાપી એ સૌનું પુજન કરવું. એ દંપત્ય એટલે મહાલક્ષ્મીની પાછળ સરશ્વતી સહિત બ્રહ્મદેવ, જમણી દિશાએ ગૌરીસહિત રૂદ્ર અને ડાબી દિશાએ લક્ષ્મી સહિત વિશ્નુ. એ ત્રણે દંપતીઓનું પુજન એ મહાલક્ષ્મીની પુજાવિધી છે.

જ્યારે અષ્ટાદશ ભુજાવાળાં મહાકાળીની પુજા કરવી હોય ત્યારે દશ મસ્તકવાળા મહાલક્ષ્મી જમણી બાજુએ ને અષ્ટ ભુજાંવાળાં મહાસરસ્વતી ડાબી બાજુએ સ્થાપન કરીને પુજા કરવી, અને સર્વ અનિષ્ટના પરિહારને સારૂ તેમની

જોડે કાળ તથા મૃત્યુની પણ પુજા કરવી. શુંભાસુરનો નાશ કરનારાં અષ્ટભુજાયુકત મહાસરસ્વતીની પુજાવિધ આ પ્રમાણે છે:—

મહાસરસ્વતીની બેઉ બાજુપર નવશકિતઓ સ્થાપન કરી તેમનું પુજન કરવું. રૂદ્ર ને વિનાયકનું પણ તેમની જોડે પુજન કરવું. મહાલક્ષ્મીની*પુજા વખતે 'નમો દેવી' એ સ્તોત્રનો ઉચ્ચાર કરવો. યથાવિધી મહાલક્ષ્મી, મહાકાળી અને મહાસરસ્વતી એ ત્રણે અવતારોની પુજા તે તે સ્તોત્ર મંત્રવડે કરવી મહિષાસુરમથની અષ્ટાદશ ભુજાયુકત તેજ મહાલક્ષ્મી, મહાકાળી ને મહાસરસ્વતી નામે વર્ણવ્યાં છે અને તેઓજ પુણ્યપાપના ફળ આપનારાં માહેશ્વરી છે.

ઉપર કહ્યા પ્રમાણે જેણે મહિષાસુરમર્દનીનું પુજન કર્યું હોય તે પ્રભુતા એટલે શ્રેષ્ઠપણું પામે છે. માટે જગજ્જનની ભકતવત્સલા ચંડિકા દેવીનું પુજન કરવું યોગ્ય છે. અર્ઘ, પાદ્ય, આચમન, સ્નાન, વસ્ત્રાલંકાર, ગંધ, અક્ષત, પુષ્પ, ધુપ, દીપ અને નાના પ્રકારના ભક્ષ્યભોજ્યાદિ નૈવેદ્ય દેવીને અર્પણ કરવાં. રકતપ્રોક્ષણ કરેલા અન્ન, બલી, મદ્યમાંસ ચંડિકાને અર્પણ કરવા. (આ રીત કળીયુગમાં નથી.) નમસ્કાર કરી કસ્તુરી કેસરયુકત તાંબુળ દેવીને અર્પણ કરવું.

દેવીએ મહિષાસુરનું મસ્તક કાપી તેને મુકિત આપી છે, માટે તે છિન્ન મસ્તકવાળા મહિષાસુરનું પણ પુજન કરવું.

દેવીનું વાહન સિંહ પણ વંદનીય છે. એ રીતે દેવીનું પુજન કરી હસ્ત જોડી દેવીના ચરિત્ર ગાઈ સ્તુતિ કરવી.

એક મહાલક્ષ્મીની મધ્યમ ચરિત્રથી, કિંવા મહાલક્ષ્મી, મહાકાળી એઓની બે ચરિત્રોથી અથવા બીજાં બે ચરિત્રો

સહિત મધ્યમ ચરિત્રવડે સ્તવન કરવું, પરંતુ માત્ર અર્ધ-ચરિત્રનો જપ કરવો નહીં, કરવાથી દુષણ પ્રાપ્ત થાય છે.

સ્તોત્રમાના જે તે દેવીના મંત્રવડે જગદંબિકાની સ્તુતિ કરવી. પછી પ્રદક્ષિણા ને નમસ્કાર કરીને મસ્તકપર હાથ જોડવા.

આલસ્ય રહિત થઇને જગન્માતની વારંવાર પ્રાર્થના કરવી કે કૃપાળી મારા અપરાધ ક્ષમા કરો પછી પાયસ એટલે દુધપાક, તલ ને ઘીએ હવિષ્યનો, પ્રતિશ્લોકે ઉચ્ચાર કરીને અગ્નિમાં હોમ કરવો. અથવા ચંડિકા પ્રીત્યર્થ શુદ્ધ હવિષ્યનું સ્તોત્ર મંત્રવડે હવન કરવું અને મહાલક્ષ્મૈનમો નમઃ મહાકાળૈનમો નમઃ એમ જે દેવીની પુજા કરવી હોય તે નામના ચતુર્થ્યંત પદને નમોનમઃ એ પદ લગાડીને એકાગ્ર મને, પુજા કરવી.

તે પછી પવિત્ર થઇ ને હાથ જોડી નમ્રતાથી નમસ્કાર કરી અંતઃકરણમાં ચંડિકા દેવીનું સ્થાપન કરી ધ્યાન કરવું ને તેમાં લીન થવું.

એ રીતે પ્રતિદીવસે ભક્તિભાવથી પરમેશ્વરીનું પુજન કરશે તે આ લોકમાં યથેષ્ટ ઐશ્વર્ય ભોગવી દેવીની સાયુજ્ય મુક્તિ પામશે. જે જન પરમેશ્વર ચંડિકાનુ નીત્ય પુજન કરતો નથી તેના પુણ્યને દેવી બાળીને ભસ્મ કરે છે માટે હે ભુપાળ કલ્યાણની ઇચ્છા તું રાખે છે તો સર્વકાળ મહેશ્વરી ચંડિકાનું પુજન કરતો રેહેજે તેથી તું સુખી થઇશ.

ઇતિશ્રી માર્કંડેય પુરાણે સાવર્ણિકે મન્વંતરે દેવી ભગવતી મહાત્મ્યે વૈકૃતિક રહસ્યં નામ પંચદશો અધ્યાયઃ ॥૧૫॥

ઋષી કહે છેઃ—જે જગદંબા વૈવસ્વત મન્વંતરમાં નંદગોપાલ થકી નંદા ભગવતી એવા નામથી ઉત્પન્ન થશે તેમની જે ભક્તિભાવથી પુજાસ્તુતિ કરશે તેને વસ ત્રૈલોક્ય થશે.

તેમનું ધ્યાન લક્ષણ કહું છું:—દેવી પ્રથમથીજ સુંદર કાંતીવાળા છે ને વિશેષ ઉત્કૃષ્ટ સુવર્ણની કાંતી, સુવર્ણના વસ્ત્ર, સુવર્ણની મેખળા ને સુવર્ણ ભુષણો ધારણ કરશે. કમળ, અંકુશ, પાશ ને શંખ એ આયુધો ભુજામાં રેહેવાથી શોભશે એવા ઇંદિરા, કમળા, લક્ષ્મીને શ્રી એ ચાર નામોથી સુવર્ણ કમળાસનપર શોભવા લાગશે.

હે નરશ્રેષ્ઠ પ્રથમ રક્તદંતિકા દેવી કહ્યાં તેમનું ભયને નાશ કરનારૂં સ્વરૂપ કહું છું. તે સ્વરૂપે રક્ત, વસ્ત્ર-રક્ત ને ભુષણો પણ રક્ત ધારેલાં, નખ તીક્ષણ ને રક્ત અને દંત ને દાઢ પણ લાલ એવાં તે દેવી જાણજો. જેમ પતિવ્રતા સ્ત્રી પતિ તરફ અત્યંત આસક્ત હોય છે તેમ એ દેવી ભક્તજનપર પ્રેમ કરનારાં છે પૃથ્વી સમાન વિશાળ ને તેમના સ્તન મેરૂ તુલ્ય છે. દીર્ઘ, લંબાયમાન, સ્થુળ ને કઠીણ તેવાં રમણીય ને મનોહર છે, કેમકે પ્રાણી માત્રને આનંદદાયક દુધ તેમાં ભરપુર છે. વળી તે સ્તનો સર્વ મનોરથ પુરનારા છે અર્થાત દેવી પોતાના ભક્તોને સ્તન પાન કરાવે છે, જેમની ચાર ભુજાઓમાં ખડગ, પાત્ર, મુશળ તથા હળ રહેલાં છે, અને એ રક્ત ચામુંડા દેવી યોગેશ્વરી નામથી વિખ્યાત છે અને આ જગતને વ્યાપીને રહ્યા છે, જે પુરૂષ એ દેવીની પ્રેમે પુજા કરશે તે ગુણ કીર્તિસંયુક્ત થશે અને રક્તદંતીના રૂપનું ચિંતવન કરશે ને એ દેવીની સમીપમાં વાસને પામશે હવે હે રાજન શાકંભરીનું વર્ણન કરૂં છું તે સાંભળ એ દેવી પ્રથમ કહ્યા પ્રમાણે નીલકમળના સરખા વર્ણવાળા ને તેમના નેત્ર પણ તેવાજ છે. તેમની નાભી ગંભીર, ઉદર સુક્ષ્મ, ત્રીવલીવાળું સુશોભિત છે અને કુચયસ્તન કઠીણ, સમાન ઉંચા ને વર્તુળ ઘટ્ટ છે. તેમનો

કમલને વિષે વાસ છે અને એક મુષ્ટી બાણોથી ભરીને બીજા હાથમાં કમળ, ત્રીજામાં પુષ્પ કોમળ પલ્લવ, મુળા વગેરે ફળ તે અનેક શાકોનો સમુદાય ધારણ કરેલા છે. ચોથા હાથમાં કામ્ય કરેતાં શૃંગારાદી નવરસ યુકતક્ષુધા, તૃષા, મૃત્યુનો ભય હરે એવું ધનુષ્ય, એ પરમેશ્વરીએ ધારેલું છે. ધનુષ્યની કાંતી દિશાઓને પુર્ણ કરે છે. એવા શાકંભરી જેને શતશંખ્યાંકનેત્ર છે એમનેજ દુર્ગા, ગૌરી, સતી, ચંડિ, કાળિકા ને પાર્વતી જાણવાં. એ શાકંભરી દેવીની જે સ્તુતી કરશે, રૂપનું ધ્યાન કરશે, મંત્રના જે જપ કરશે અને એમનું પુજન કરીને નમસ્કાર કરશે તેને શીઘ્ર અક્ષય અન્ન, પાનાદિકની મોક્ષરૂપ ફળ મળશે

હવે ભીમાદેવીનું સ્વરૂપ કેવું છે તે સાંભળઃ—ભીમા પણ નીલવર્ણના છે ને તેમના દાઢ તથા દંત અતિશય પ્રકાશયુકત છે. વિશાલ નયન અને ગોળ ઉંચા ને પુષ્ટ સ્તનો છે. ચારે હાથમાં તેમણે ખડગ, ડમરૂ, મસ્તક ને પાત્ર ધારેલાં છે અને સ્તુતિ કરનાને યોગ્ય એવાં એમને એકવીરા, કાળરાત્રિ તથા કૌમદા કહે છે.

હવે મહામારીનું વર્ણન કહું છું. એ દેવીની ચારે દિશાએ મંડલાકાર તેજ છે અને એમણે વિચિત્ર કાંતી ધારેલી છે, હાથમાં ચિત્રવર્ણનો ભ્રમર છે ને એમને ભ્રામરી નામે પાર્વતી જાણ એમનુંજ નામ મહામારી છે.

હે પૃથ્વીપતિ એ રીતે દેવીના સ્વરૂપનું વર્ણન મેં તને સંભળાવ્યું એ ચંડિકાની મુર્ત્તિ એમની ભકિત ને કીર્તન કરનારને કામધેનુવત થાય છે.

આ પરમ રહસ્ય તું જેને તેને કહીશ નહીં. એ દિવ્ય મુર્તીના વ્યાખ્યાનનું તું પોતે એકાગ્ર અંતઃકરણથી

અધ્યયન કરજે. આ દેવીનું સર્વોત્કૃષ્ટ ધ્યાન ગુહ્યથી ગુહ્ય છે તે મેં તને પ્રગટ કરી દરશાવ્યું.

ઇતિશ્રી માર્કંડય પુરાણે સાવર્ણિકે મન્વંતરે દેવી ભગવતી મહાત્મ્યે મુરતી રહસ્ય નામ સાર્થ ષોડષો અધ્યાયઃ ॥૧૬॥.

॥ઇતિ સાર્ધ સપ્તશતી॥

સમાપ્ત.

આરતી પેહેલી.

(અલબેલીરે અંબે માત જોવાને જઇએ, એ રાહ.)

પુરે સેવક જનની આશ, પાવાગઢ વાળી,
જેણે અસુર કીધા નાશ, કર ત્રીશૂળ ઝાલી.
જગત જનેતા ભવભય ભંજની, દેવી સુખ દાતારરે;
અનેક રૂપે રહિ જગવ્યાપી, સઉને તુજ આધાર—પાવાગઢ—૧
શીવ બ્રહ્માદિક તુજને સેવે, દેવ ઋષી ગુણ ગાયરે;
તારી કૃપાથી ચાર પદારથ, પામે કિલવિષ જાય. પાવા—૨.
દુઃખદેતા દેવોને દાનવ, પુરણ કરતા પાપરે;
સંહાર્યા તે સઉને શકતી, યશ વાધ્યો અમાપ. પાવા—૩.
સાધુજનના રક્ષણ સારૂ, ધર્યું કાળકા રૂપરે;
ચંડમુંડને નાખ્યા ગાળી, જ્યમ મૃગને વન ભૂપ પાવા—૪.
માહાલક્ષ્મી [illegible]કાળી તેવી, માહા સરસ્વતા સારરે;
બહુનામી તું [illegible]ચર બાળી, મેને કરૂં નમસ્કાર પાવા—૫.
અંબા, ચંડિ ભવાની દેવી, વાઘેશ્વરી કેવાયરે;
તુળજા તોતળા તું કલ્યાણી, સેવકની કરે સ્હાય. પાવા—૬.
રૂપાપુરી અનપુર્ણા ભદ્રા, સમસી ગી સુખ દેણરે;
જગદંબા મહિષાસુર મથની, વિમળ કરો મુજ વેણ પાવા—૭.
અનની પરાક્રમ વળી યશ ઉજવળ, શ્રવણ કરેવા ગાયરે;
ત્રિવિધી તાપ ટળે સઉ તેના, જન્મ સફળ થઇ જાય પાવા—૮.
અલ્પ જીવ અજ્ઞાની કેવળ, ભટકે ભવ મોજારરે;
ગિર્ધર શકતી શરણે રે'તાં, તરી જાય સંસાર. પાવા—૯.

આરતી બીજી.

કોલાપુર.

અંબિકા દેવીનું દર્શન.

કાશી મહીમા કોલ્હાપુર, પાવન તીર્થ ઘણું;
દેવી દરશને હરખે ઉર, શોભા સારી ભણું.—ટેક.

પંચ ગંગા તટ પરમ મનોહર, તેપર ફૂલનું કામરે;
જોતાં જન મન મોહે સુંદર, દ્રષ્ટી લહે આરામ. શોભા—૧.
વાટઘાટનો થાટ મઝેનો, વૃક્ષ ઘટાનો બહારરે;
પુરમાં નળ પાણીના સઘળે, ગોમુખથી પડે ધાર. શોભા—૨
પુરથી દુર ત્રણ માઇલ ઉપર, ટેમલાઈ કેરૂં સ્થાનરે;
પાપી કોલ્હાસુર માર્યો જેણે, શક્તી પ્રતાપ મહાન. શોભા—૩.
ચોક ચકિટાને હાટની હારો, સારો માલ સોહાયરે;
રંગીન નરનારીની ઠગઠમ, નૌતમ પ્યારો જણાય. શોભા—૪.
રાજવાડાની સમીપ રહ્યા છે, અંબિકા આપો આપરે;
મહાકાળી માહા સરસ્વતી સંગે, મહીમાં જેનો આમાપ—૫.
ત્રણ શીખરનું દેરૂં મોટું, પાષાણ કેરૂં કામરે;
ચિત્રવિચિત્ર બહુ પુતળાં તેપર, વિશાળ ચોકને ધામ.—૬.
શ્રીકૃષ્ન ને શ્રી રામચંદ્રજી, સ્વરૂપ વિઠલનાથરે;
શ્રેહો રાણી ને સખીયો લઈ, રહ્યા દેવ સંગાથ—૭.
મણીકર્ણીકા પુન્યકારી ત્યાં, ઉપજે જનને પ્રીતરે;
શીવજી દર્શન સુખસે બેઠો, નિરમળ થાયે ચીત.—૮.
પ્રેમે દર્શન નમન કરીને, સંતોષ પામ્યું મંનરે;
બ્રહ્મશક્તિ ગુણ મંધર ગાયો, અંબે આઈ ધનધન.—૯.

શાર્દૂલવિક્રીડિત.

આવે કેમ કળા વિષે મનુષની, લીલા ચમત્કારી જે;
ન્યાળી નીત્ય પ્રસન્ન વૃત્તિ મનની, શાન્તી ગ્રહે સાચી તે.
શાન્તીમાં રહિ વૃત્તિ કે જગતની, ભ્રાન્તી વિરામે સહુ;
આનંદે પછિ થાય છે વિચરવું, જોવું જગે જે રહ્યું—૧.
વિશ્વાસે વિભુને રહે જન કદી, તો આશા પુરી કરે,
એવો ઇશ દયાળુ છે દિનતણો, જે ભક્ત ચિત્તે ઠરે;
અંબાના દરશનનું મન હતું, જો જોગ આવે કદી,
તે સેજે મનકામના પ્રભુજીએ, વેગે પુરી છે સહી.—૨.

સ્નેહી સુજ્ઞ સમાગમે શુભ નિધિ, આરાસુરી ઇશ્વરી,
ન્યાળ્યાં આજ પ્રભાતના અમલથી, આનંદ નેહ ભરી;
ઐશ્વર્યે ભરપુર શક્તી દિસતી, શૃંગાર માને સહી,
હીરા કંચન હાર મોતિ ફુલના, દેહિના ગોગે રહી—૩.
બન્ને બાજુ અખંડ દીપક બળે, ઘીના પ્રચંડાકૃતી,
ધાતુ શુભ્ર સુઆસને સખદ છે, અંબાજી દિવ્યાકૃતી;
રૂપાના યુગદ્વાર ને મૃગપતી, માતાનું વાહન જે;
સોનેરી કળશોનિ દ્યુતિ શિખરે, આનંદ દે મનને —૪.
વાગે નોબત ઘંટ વાદ્ય સમયે, થાએ રૂડી આરતી,
કંકુ કેશર ચૂંદડિ કનક સૌ, ભક્તો ધરે પ્યારથી;
આવે છે મન સુખ પતી સહુ સૌ, પીડા વિનાશે પુરી,
સ્તુતી આ ગિરધારીની શરણું છે, કલ્યાણિ આરાસુરી—૫.

લાવણી.

અંબા માતાની આગળ કોઇ ગાય સુંદર છંદજી,
મને કહ્યું શરણું કરવાનું તેથી થશે બહુ આનંદજી;
પરમાત્મા શક્તી રૂપ રાજે ભક્ત સિર સુખકંદજી,
અદ્ભુત યશ ગુણગાન ગાયે ટળે ભવદુખ દંદજી—૧.

દોહ.

ટળે ભવદુખ ભક્તી કરતાં, મળે ધન સુત તન સુંદરતા;
જનો શીવશક્તી ધ્યાન ધરતાં, નામ નિત ગીરધરલાલ સ્મરતાજી—૧

છંદ.

ધરી ઇષ્ટ ધ્યાન, રૂપ સુધા પાન,
કરી અબ ગાન, પ્રીતે ગાઉં;
સતી કાંતી મહાન, કરૂણા નિધાન,
ટાળો અજ્ઞાન, પાવન થાઉં. —ટેક.
સિર મુકુટ માણી, લટ કલગી તાણી,
શોભા શી બાણી, અતીશય સુંદર.

મુખ તેજ અંબાર, રવી શશીથી સાર,
નાકે વાળી બ્હાર, દેતી પ્રીયકર;
માણી મોતી હાર, કંચન શણગાર,
કરતાં વિસ્તાર, વીતે વાસર;
વિદ્યુત સમાન, પટ પરીધાન,
અકચરીત શાન, આને દસાગાર;
બાંય બાજુબંધ, કડાં ચુડી છંદ.
નાચે નેપુર ફંદ, પદે વારી જાઉં;
સતી કાંતી મહાન, કરૂણા નિધાન,
ટાળો અજ્ઞાન, પાવન થાઉં. ૧

સૃષ્ટીમાં સ્હોર, દૈતોનું જોર,
બહુ પાપ ઘોર, થાએ જગે;
ધરી રૂપ પ્રચંડ, કરો છો શતખંડ,
દાનવ ઘમંડ, મારી મારે;
કરે જેવાં કામ, ધરો તેવાં નામ,
આપો આરામ, જગ નર નારે;
વૃદ્ધ ચેતન બાળ, ધ્યાએ ત્રીકાળ,
અંબે દયાળ, સુખકર સારે,
સેવકની આસ, પુરો છો ખાસ,
રેછે વિશ્વાસ, દરશન ચહાઉં;
સતી કાંતી મ્હાન, કરૂણા નિધાન,
ટાલો અજ્ઞાન, પાવન થાઉં. ૨.

માયા સ્વરૂપ, પદ સેવે ભુપ,
લીલા અનુપ, જગ વિસતારી;
એક વર્ષ માંય, બે વાર થાય,
ઉત્સવ શોભાય, મહિમાં ભારી;
સુર વર્ગ સ્હાય, કંઇ વાર થાય.

કીધી સ્વરાય, શક્તી ન્યારી;
હાણી અસુર કાય, કીધી છત્ર છાંય,
સુરસ્તુતી ગાય, ગણી આભારી;
મંડપ વિશાળ, દિપે ઝાકઝમાલ,
પુષ્પોની માળ, ભુવન છાયું; ૩.
દેવી નવ દુરધાય, મળી ગરબા ગાય,
નવરાત્રી માંય, ઉર આનંદે;
માતાજી મ્હેર, કરે લીલા લ્હેર,
ટાળી કષ્ટ કહેર, ચિંતા ફંદે;
પ્રીતેથી પાય, નમી જે ગુણ ગાય,
કરે તેની સ્હાય, હરીમતિ મંદે;
અંતર ઉજાસ, બુદ્ધિ પ્રકાશ,
આપો ઉલ્લાસ, પ્રગટે ચંદે;
કહે ગીરધરલાલ, આણીને વ્હાલ,
માજીનો ખ્યાલ, કરૂણા ચ્હાઉં;
સતિ શાંતી મ્હાન, કરૂણા નિધાન,
ટાળો અજ્ઞાન, પાવન થાઉં. ૪.

મનહર છંદ.

રાજકાજ મોટું જંગે, લાજ લખપતી જેવી,
બાજ મિષ્ટ અહાર માણી સાજ સુખકાર છે;
મ્હેલ ઉંચા ઉંચી સ્હેલ, બેસવાને ઘોડવેલ,
મંડળીમાં તેડું મ્હેલ, કોકા અસ્વીદાર છે;
દુનીયા તમામ કેરૂં, કરે કામ આઠ જામ,
નથી ફુરસદ નામ, હાજીહા કે'નાર છે;
એવી બધી વાત આજ, હાથ છે ત્યારે તો થાય,
ગુણના ગ્રાહકને ઉદ્ધાર એજ સાર છે. ૧.
સીતાર ફીડલ બીન, બજાવે સુણાવે રાગ,

વાહ વાહ કહી તેને, ઇનામ અપાવશો;
હાથની ચાલાકી કરી, દાખવશો જાદુગરી,
તેવાના તમાશા જોઇ, મોઇ મન રાચશો;
હસ્તી દંત ધાતુ આદી, ઉપર કોતર કામ,
કરાવી કબાટ કદી, ઘર ભરી રાખશો;
એથી ગુણ ગ્રાહકનું અભીમાન રાખશો તે,
ગીરધર શીંધુ માહીં બીંદુને ગુમાવશો. ૨.
આર્ય છૈયે માટે આર્ય કીર્તીની ચઢતી થાય,
તેવાજ ઉપાય જેમાં એવી ભાષા જ્ઞાનને;
સીખી સમજીને નવી સુરતીયા અનેક સાથે,
ગમતના રંગવાળા, પુસ્તકો પ્રમાણને;
રચે તન મન અને ધનથી ઉદાર થઇ,
દેશ હિત માહી ચિત, રાખી અભીમાનને;
એવા ગુણીજન કેરા ગુણની કદર કરે,
ગીરધર શાબાશ તેવા કીર્તીત સુજાણને. ૩.
જરજોબનનો ભર છે નર તેરે કર,
ત્યારે કર ખાન પાન, ગાન તાન રંગમાં;
પેર ઓડ જોડ સાથ, કોડ પુરા કર સર્વે,
જોડ મિત્રી સજ્જની, રાખ મિત સંગમાં;
વિદ્યા ભણી થજે ગુણી, ગુણીની કરજે કુજ,
હરજે પારકા પીડ આવે તો ઉમંગમાં;
આર્ય સનમાન કર, દયાદાન ધ્યાન ધર,
ગીરધર કહે એજ આવવાનું સંગમાં.



જાહેર ખબર.

	રૂ. આ. પૈ.
મોહીની	૨—૦—૦
નવ રત્ન	૧—૮—૦
ગિર્ધર વિલાસ ત્રણ ભાગમાં	૧—૦—૦
શ્રી દેવી મહાત્મ	૦-૧૨-૦
કાવ્ય રંગ	૦—૮—૦
જીવાણજી મહારાજનું જન્મ ચરીત્ર ...	૦—૨—૦
મુંબઈના હુલડના ગરબા	૦—૨—૦
ડાકોર લીલા	૦—૧—૦

ઉપરની ચોપડીઓ નીચેના ઠેકાણેથી મળશે.

કવિ ગીરધરલાલ હરકિસનદાસ
સુરત સધરામપુરા છાપગરની સામુ

જાની વિષ્ણુશંકર હરીશંકર અંબાજીવાળા
સુરત અંબાજી માતાનું મંદીર

ભાવનગર— રા. રા. નટવરરાય મુગટરાય સરવે ઓફીશ.

વડોદરા—ચુનીલાલ રણછોડ હે. વકીલ ઠે. માંડવી

અંબાલા (પંજાબ)અમરતલાલ અનોપરામ ઉરફે આરલાતુન
ઠેકાણું કંસારા બજાર.

હાલોલ— પારેખ ચુનીલાલ દામોદર.

વાડાસીનોર- રા. રા. રતીલાલ મટુભાઇ મહેતા પોષ્ટ માસ્તર

ગુજરાત શરવે ઓફીશ રા. રા. ઠાકોરદાશ ગોરધનદાશ